દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 212 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ભાદ્રપદ વદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 September 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
સોમવાર, ૮ સપ્ટેમ્બર ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઉપરાષ્ટ્રપતિની મંગળવારની ચૂંટણી માટે તખ્તો ગોઠવાયો

નવી દિલ્હીઃ ૯ સપ્ટેમ્બરના રોજ ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી યોજાવાની છે. ચૂંટણીમાં એનડીએના ઉમેદવાર, સી પી રાધાકૃષ્ણન અને વિપક્ષના બી. સુદર્શન રેડ્ડી તરફથી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. મહારાષ્ટ્રના વર્તમાન રાજ્યપાલ રાધાકૃષ્ણનની ટક્કર સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ રેડ્ડી સામે છે. વિપક્ષ દ્વારા આ ચૂંટણી માટે સોમવારે ‘મોક પોલ’ યોજાવાની છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી ૯ સપ્ટેમ્બરે સવારે ૧૦ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી યોજાશે. મતગણતરી સાંજના છ વાગ્યે શરૂ થશે અને થોડા સમયમાં પરિણામ જાહેર કરાશે.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં સંસદના બન્ને ગૃહ - લોકસભા અને રાજ્યસભાના સાંસદો મતદાન કરે છે. રાજ્યોના ધારાસભ્યોએ તેમાં મતદાન કરવાનું નથી રહેતું. લોકસભામાં ૫૪૩ સાંસદ અને રાજ્યસભામાં ૨૩૩ ચૂંટાયેલા અને ૧૨ નિમાયેલા સાંસદ હોય છે, પરંતુ ખાલી પડેલી અમુક બેઠકને બાદ કરતા કુલ સાંસદો ૭૮૨ છે. દરેક સાંસદના મતનું મૂલ્ય સરખું ગણાય છે.

આ ચૂંટણી જગદીપ ધનખડના ૨૧ જુલાઈના રોજ અચાનક રાજીનામું આપ્યા પછી આવી છે, જેમાં તેમણે સ્વાસ્થ્યના કારણોસર રાજીનામું આપ્યાનું કહ્યું હતું. તેમણે કાર્યકાળ પૂર્ણ થાય તેના બે વર્ષ પહેલા રાજીનામું આપ્યું હતું. જોકે, ચૂંટાયેલા વ્યક્તિ પદ સંભાળ્યાની તારીખથી સંપૂર્ણ પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરશે.

ભાજપના નેતા અને મહારાષ્ટ્રના વર્તમાન રાજ્યપાલ ૬૮ વર્ષીય રાધાકૃષ્ણન તમિળનાડુના છે. તેઓ ભાજપના વૈચારિક સંરક્ષક, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના સભ્ય રહ્યા છે અને ૨૦૦૪ થી ૨૦૦૭ દરમિયાન તમિળનાડુમાં ભાજપના રાજ્ય પ્રમુખ તરીકે સેવા આપી છે.

તેલંગણાના ૭૯ વર્ષીય સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ બી સુદર્શન રેડ્ડીને ૧૯૯૫માં આંધ્ર પ્રદેશ હાઈ કોર્ટના કાયમી ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને બાદમાં તેઓ ગુવાહાટી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા. તેમણે ૨૦૦૭ થી ૨૦૧૧ સુધી સુપ્રીમ કોર્ટના

(જુઓ પાનું ૨) ▸▸

## વિપક્ષના સાંસદો માટે આજે ‘મોક પોલ’

નવી દિલ્હી : કૉંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી માટે મતદાન પહેલા ઈન્ડિયા બ્લોકના સાંસદોને ડિનર માટે આમંત્રણ આપ્યું છે. આ ડિનર સોમવારે સંસદ ભવનના એનેક્સીમાં આયોજિત કરવામાં આવશે. ૯ સપ્ટેમ્બરના રોજ યોજાનારી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતદાન કરવાની પ્રક્રિયા અંગે સોમવારે વિપક્ષી સાંસદોને માહિતી આપવામાં આવશે અને તે જ દિવસે કૉંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે ડિનર આપશે, એમ ‘ઈન્ડિયા’ ગઠબંધનના સૂત્રોએ રવિવારે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતદાન કરવાની પ્રક્રિયા અંગે માહિતી આપ્યા પછી સોમવારે બપોરે ૨:૩૦ વાગ્યે સંવિધાન સદનના સેન્ટ્રલ હોલમાં એક ‘મોક પોલ’નું આયોજન કરવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું હતું કે સાંજે ૭:૩૦ વાગ્યે કૉંગ્રેસ પ્રમુખ ખડગેએ વિપક્ષી સાંસદો માટે ડિનરનું આયોજન કર્યું છે.

નોંધનીય છે કે ૯ સપ્ટેમ્બરના રોજ શાસક એનડીએના ઉમેદવાર સી પી રાધાકૃષ્ણન અને સંયુક્ત વિપક્ષી ઉમેદવાર બી સુદર્શન રેડ્ડી વચ્ચે ચૂંટણી

(જુઓ પાનું ૨) ▸▸

## રાતા સમુદ્રમાં કેબલ કપાયોઃ ભારતમાં ઈન્ટરનેટ સેવાને થઈ અસર

નવી દિલ્હી : રાતા સમુદ્રમાં પાણીની અંદર કેબલ કાપવાના કારણે દક્ષિણ એશિયા સહિત ઘણા દેશોમાં ઇન્ટરનેટ સેવા પ્રભાવિત થઈ હતી. વૈશ્વિક ઇન્ટરનેટ મોનિટરિંગ સંસ્થા નેટબ્લોક્સે જણાવ્યું હતું કે ભારત પણ આ વિક્ષેપથી પ્રભાવિત છે.

બીજી તરફ, ભારતીય ટેલિકોમ ઓપરેટરોએ જણાવ્યું હતું કે તેમની ઇન્ટરનેટ અને ડેટા કનેક્ટિવિટી સેવાઓ પર અત્યાર સુધી કોઈ અસર થઈ નથી, કારણ કે તેમના નેટવર્કને ઘણા રૂટ પર પાણીની અંદર કેબલનો વધારાનો સપોર્ટ છે.

દક્ષિણ પૂર્વ એશિયા - પશ્ચિમ એશિયા - પશ્ચિમ યુરોપ ચાર કેબલ ટાટા કોમ્યુનિકેશન્સ સહિત ટેલિકોમ કંપનીઓના કન્સોર્ટિયમ દ્વારા સંચાલિત છે. આ મુદ્દા પર હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી અને ટાટા કોમ્યુનિકેશન્સને મોકલવામાં આવેલા ઇમેઇલનો કોઈ જવાબ મળ્યો નથી.

દરમિયાન, વૈશ્વિક ઇન્ટરનેટ કનેક્ટિવિટીના મહત્ત્વપૂર્ણ કેન્દ્રમાં વિક્ષેપનું કારણ તાત્કાલિક જાણી શકાયું નથી. કેટલાક અહેવાલોએ તેનું કારણ યમનના હુથી બળવાખોરોને ગણાવ્યું છે.

નેટબ્લોક્સે એક્સ પર પોસ્ટ કરી હતી કે ‘‘રાતા સમુદ્રમાં પાણીની અંદરના કેબલ્સની શ્રેણીમાં ખામીના કારણે પાકિસ્તાન અને ભારત સહિત ઘણા દેશોમાં ઇન્ટરનેટ કનેક્ટિવિટી ખોરવાઈ ગઈ છે. આ ઘટના સાઉદી અરેબિયાના જેદ્દાહ નજીક એસએમડબલ્યૂ૪ અને આઇએમઈડબલ્યૂઈ કેબલ સિસ્ટમમાં નિષ્ફળતાને બની છે.’’

ન્યૂઝ એજન્સી પીટીઆઇએ જણાવ્યું હતું કે રાતા સમુદ્રમાં સબમરીન કેબલ કાપવાને કારણે રવિવારે ઘણા વિસ્તારોમાં ઇન્ટરનેટ સ્પીડ પ્રભાવિત થઈ હતી. આમાં ભારત સહિત એશિયાનો વિસ્તાર પણ સામેલ છે. કેબલ કેમ કાપવામાં આવ્યા તે હજુ સુધી જણાવવામાં આવ્યું નથી.

પોસ્ટમાં આગળ લખવામાં આવ્યું છે કે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે યમનના હુથી બળવાખોરો આ કેબલને નિશાન બનાવી રહ્યા છે. તેને ઇઝરાયલ પર દબાણ લાવવાના પ્રયાસ તરીકે વર્ણવવામાં આવ્યું છે જેથી તેઓ ગાઝામાં હમાસ સામે યુદ્ધનો અંત લાવી

(જુઓ પાનું ૨) ▸▸

## જાપાનના વડા પ્રધાને રાજીનામું આપ્યું

ટોક્યો : જુલાઈમાં સંસદીય ચૂંટણીમાં ઐતિહાસિક હારની જવાબદારી લેવા માટે તેમના પક્ષ તરફથી વધી રહેલા દબાણ બાદ જાપાનના વડા પ્રધાન શિગેરુ ઇશિબાએ રવિવારે પદ છોડવાની જાહેરાત કરી હતી .

ઓક્ટોબરમાં પદ સંભાળનારા ઇશિબાએ એક મહિનાથી વધુ સમય સુધી પોતાના પક્ષમાં મોટાભાગે જમણેરી વિરોધીઓની માગણીઓનો પ્રતિકાર કર્યો હતો, અને કહ્યું હતું કે જ્યારે જાપાન દેશમાં અને બહાર મુખ્ય પડકારોનો સામનો કરી રહ્યો છે ત્યારે આવા પગલાથી રાજકીય શૂન્યાવકાશ સર્જાશે.

તેમની લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (એલડીપી) એ નક્કી કરવાનું હતું કે વહેલી નેતૃત્વની ચૂંટણી યોજવી કે નહીં, જો મંજૂર થાય તો તેમની સામે વર્ચ્યુઅલ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવશે, તેના એક દિવસ

(જુઓ પાનું ૨) ▸▸

## ચંદ્રગ્રહણ વખતે આકાશમાં અદ્ભુત નજારો દેખાયો



નવી દિલ્હીઃ દેશમાં સાતમી અને આઠમી સપ્ટેમ્બરની વચ્ચેની રાતે ખગ્રાસ ચંદ્રગ્રહણ દરમિયાન આકાશમાં અદ્ભુત નજારો જોવા મળ્યો હતો. રાતના આકાશ અને ચંદ્ર રાતા રંગના દેખાયા હતા.

ચંદ્રગ્રહણ ભારત સહિતના એશિયાના દેશો, ઑસ્ટ્રેલિયા, યુરોપ અને આફ્રિકાના દેશોમાં દેખાયું હતું.

સૂર્ય અને ચંદ્રની વચ્ચે પૃથ્વી આવી જતાં ચંદ્ર રાતો દેખાયો હતો. તેને લોહી જેવા રંગનો ‘બ્લડ મૂન’ પણ કહેવાય છે. દેશમાં ૨૦૧૮ની ૨૭ જુલાઇ પછી આ પ્રથમ વખત ખગ્રાસ ચંદ્રગ્રહણ દેખાયું હતું અને તે ૨૦૨૨ પછીનું સૌથી લાંબું ખગ્રાસ ચંદ્રગ્રહણ હતું.

ખગ્રાસ ચંદ્રગ્રહણ સાત સપ્ટેમ્બરે રાતે ૮.૫૮ વાગ્યે શરૂ થયું હતું, તેનો અંશતઃ તબક્કો રાતે ૯.૫૭ વાગ્યાથી ચાલુ થયો હતો. ખગ્રાસ તબક્કો રાતે ૧૧.૦૧ વાગ્યાથી ૧૨.૨૩ વાગ્યા સુધી એટલે કે ૮૨ મિનિટનો રહ્યો હતો. અંશતઃ તબક્કો રાતના ૧.૨૬ વાગ્યે પૂરો થયો હતો અને ગ્રહણ રાતના ૨.૨૫ વાગ્યે પૂરું થયું હતું. બીજી ભાષામાં કહીએ તો ગ્રહણનો વેધ રવિવારે બપોરે ૧૨.૫૭ વાગ્યે શરૂ થયો હતો. ગ્રહણનો પર્વકાળ રાતના ૯.૫૭ વાગ્યે, ગ્રહણ મધ્ય રાતના ૧૧.૪૧ વાગ્યે અને ગ્રહણનો મોક્ષ રાતના ૧.૨૭ વાગ્યે થયો હતો. ગ્રહણનો પર્વકાળ રાતના ૩.૩૦ વાગ્યે હતો.

ખગ્રાસ ચંદ્રગ્રહણ દેશમાંથી નરી આંખે કે દૂરબીનથી જોઇ શકાતું હતું.

ગ્રહણનો સ્પર્શ રાતના ૯.૫૭ વાગ્યે ગણીએ, મધ્ય કાળ રાતના ૧૧.૪૨ વાગ્યે અને મોક્ષ રાતના

(જુઓ પાનું ૨) ▸▸

## અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાના અંતિમ દિવસે ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું

### ૩૬ લાખથી વધુ લોકોએ મા અંબાના દર્શન કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સુવિખ્યાત યાત્રાધામ અને શક્તિપીઠ અંબાજી ખાતે સાત દિવસીય ભાદરવી પૂનમ મહામેળાનો રવિવારે (સાતમી સપ્ટેમ્બર) અંતિમ દિવસ હતો. આ મેળા દરમિયાન ૩૬ લાખથી વધુ ભક્તોએ મા અંબાના દર્શનનો લાભ લીધો હતો. આ ઉપરાંત ચંદ્રગ્રહણને કારણે મંદિરના દર્શન સમયમાં ફેરફાર કરાયો હતો. વહેલી સવારથી ભક્તોની ભારે ભીડ જામી, પરંતુ ગ્રહણને લીધે સવારે ૧૦થી ૧૨ વાગ્યા સુધી મંદિર બંધ રહ્યું હતું. બપોરે ૧૨થી ૧૨:૩૦ દરમિયાન માતાજીની શયન આરતી થઈ હતી, અને ૧૨:૩૦થી સાંજે ૫ વાગ્યા સુધી જાળીમાંથી દર્શનની પરવાનગી આપવામાં આવી હતી.

બીજી તરફ ગ્રહણના કારણે ૧૨:૩૦ પછી મંદિરના શિખરે ધજા પણ ચઢાવવામાં આવી ન હતી. સાંજે ૫ વાગ્યા પછી મંદિર દર્શન માટે બંધ કરવામાં આવ્યું હતું.

જો કે ભારે વરસાદના કારણે અંબાજી અને આસપાસના વિસ્તારોમાં પાણી પાણી થઈ ગયા હતા. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાના દ્રશ્યો જોવા મળ્યા હતા, જ્યાં ભક્તો ઘૂંટણસમા પાણીમાંથી પસાર થઈને દર્શનાર્થે જતા જોવા મળ્યા હતા. અંબાજીના માર્ગો પર વરસાદી પાણી નદીની જેમ વહેતા જોવા મળ્યા, જેનાથી વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આરાસુર

(જુઓ પાનું ૨) ▸▸

## એશિયા કપ હૉકીમાં ભારત ચૅમ્પિયનઃ વર્લ્ડ કપ માટે થયું ક્વૉલિફાય

રાજગીર (બિહાર): ભારતના પુરુષ હૉકી ખેલાડીઓની ટીમ રવિવારે અહીં એશિયા કપની ફાઇનલમાં સાઉથ કોરિયાને ૪-૧થી પરાજિત કરીને ચૅમ્પિયન બની ગઈ હતી. એ સાથે, ભારત આવતા વર્ષે બેલ્જિયમ-નેધરલૅન્ડ્સમાં યોજાનારા હૉકી વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય થઈ ગયું છે. હરમનપ્રીત સિંહના સુકાનમાં ભારતીય ટીમ આ વખતના એશિયા કપમાં પાંચ વિજય અને એક ડ્રૉ સાથે અપરાજિત રહી હતી. રવિવારની ફાઇનલમાં ભારત વતી દિલપ્રીત સિંહે (૨૮મી તથા ૪૫મી મિનિટમાં), સુખજીત સિંહે (પ્રથમ મિનિટમાં) અને અમિત રોહિદાસે (૫૦મી મિનિટમાં) ગોલ કરીને કોરિયન ટીમ પર સંપૂર્ણ પ્રભુત્વ જમાવ્યું હતું. કોરિયા એશિયા કપમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન હતું, પણ એના વતી ફાઇનલમાં માત્ર એક જ ગોલ થયો હતો જે ડેઇન સૉને ૫૧મી મિનિટમાં કર્યો હતો. ■

## ગુજરાતમાં ભાદરવો ભરપૂરઃ ૨૨૧ તાલુકાઓમાં મેઘમહેર, બનાસકાંઠાના સુઈગામમાં ૧૨ ઈંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહીને પગલે સમગ્ર રાજ્યમાં અનરાધાર વરસાદ પડ્યો હતો. રાજ્યના ૨૨૧ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ બનાસકાંઠા જિલ્લામાં પડ્યો હતો, જ્યાં જિલ્લાના સુઈગામમાં ૧૧.૯૩ ઇંચ વરસાદ પડ્યો હતો. તે ઉપરાંત વાવમાં ૫ ઇંચ, ભાભરમાં ૪.૬૧ ઇંચ વરસાદ પડ્યો હતો. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર સાંજે ૬ વાગ્યા સુધીમાં રાજ્યના ૨૨૧ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ વરસાદ બનાસકાંઠા જિલ્લામાં પડ્યો હતો. જિલ્લાના સુઈગામમાં ૧૧.૯૩ ઇંચ, વાવમાં ૫ ઇંચ, ભાભરમાં ૪.૬૧ ઇંચ, વાલોદમાં ૪.૪૧ ઇંચ, કપરાડામાં ૪.૧૩ ઇંચ, વ્યારામાં ૪.૦૬ ઇંચ, થરાદમાં ૩.૯૪ ઇંચ, વલસાડમાં ૩.૭ ઇંચ,ધરમપુરમાં ૩.૫૪ ઇંચ, સાંતલપુરમાં ૩.૫ ઇંચ, દેહગામમાં ૩.૪૩ ઇંચ વરસાદ નોંધાયો હતો. અત્યારસુધીમાં રાજ્યમાં સરેરાશ ૯૦૭ .૩૦ મિમી એટલે કે ૧૦૨.૮૯ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. જેમાં સૌથી વધુ સરેરાશ વરસાદ દક્ષિણ ગુજરાતમાં ૧૦૭.૯૯ ટકા જેટલો નોંધાયો હતો, જ્યારે પૂર્વ મધ્ય ગુજરાતમાં ૧૦૭.૩૪ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૦૬.૫૦ ટકા, કચ્છમાં ૯૯.૧૭ ટકા અને સૌરાષ્ટ્રમાં ૯૧.૨૯ ટકા વરસાદ નોંધાયો હતો. છેલ્લા૨૪ કલાકમાં રાજ્યમાં ૩૫.૩૭ મિમી વરસાદ નોંધાયો હતો. હાલ રાજ્યમાં પડી રહેલા વરસાદની વચ્ચે રાજ્યની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં ૯૧.૩૩ ટકા જળસંગ્રહ છે. રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં કુલ સંગ્રહ ૮૪.૭૬ ટકા જેટલો નોંધાયો હતો. રાજ્યના ૧૨૫ જળાશયો હાઇ એલર્ટ પર છે, ૨૦ જળાશયો એલર્ટ પર અને ૧૫ જળાશયો વોર્નિંગ પર છે. તે ઉપરાંત ૯૩ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે, ૬૭ ડેમ ૭૦ ટકાથી વધુ ભરાયેલા છે.■

## યુક્રેન પર રશિયાનો ૮૦૫ ડ્રોનથી હુમલો

### યુક્રેનની કેબિનેટ બિલ્ડિંગમાં આગઃ રશિયન પાઈપલાઈનમાં તોડફોડ

મૉસ્કોઃ રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ રવિવારે વધુ તીવ્ર બન્યું હતું, બંને પક્ષોએ મહત્ત્વપૂર્ણ લક્ષ્યો પર હુમલો કર્યો હતોઃ કિવ પર પર રશિયાએ ૮૦૫થી વધુ ડ્રોનથી સૌથી મોટો હવાઈ હુમલો કર્યો હતો પરિણામે તેની કેબિનેટ ઇમારતમાં આગ લાગી હતી, જ્યારે યુક્રેને રશિયાના બ્રાયન્સ્ક ક્ષેત્રમાં ડ્રુઝબા તેલ પાઇપલાઇન પર હુમલો કર્યો હતો, જે ચાલુ સંઘર્ષમાં તીવ્ર વધારો થવાનો સંકેત આપે છે. એસોસિએટેડ પ્રેસે અહેવાલ આપ્યો છે કે યુક્રેનની રાજધાની

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતમાં બે દિવસ ભારે વરસાદની આગાહી

### કચ્છ, પાટણ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં રેડ અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી મેઘમહેર થઈ રહી છે. તેમાં પણ શનિવારથી રાજ્યમાં મોટાભાગના વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદ વરસ્યો છે. રવિવારે પણ અમદાવાદ સહિત રાજ્યના અમુક ભાગોમાં ધોધમાર વરસાદ નોંધાયો હતો. ત્યારે હવામાન વિભાગે આગામી બે દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરી હતી. જે અનુસાર, કચ્છ, પાટણ, બનાસકાંઠા અને

(જુઓ પાનું ૨) ▸▸

## સાબરમતી અને મહી નદીમાં જળસ્તરમાં વધારોઃ આણંદના ૩૮ ગામોને અલર્ટ

અમદાવાદઃ ઉપરવાસમાં ભારે વરસાદને કારણે પાનમ અને કડાણા ડેમમાંથી મહી નદીમાં છોડવામાં આવી રહેલા પાણીને કારણે આણંદ જિલ્લાના નદી કાંઠાના ૨૬ ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા. જિલ્લા કલેકટર પ્રવીણ ચૌધરીએ જિલ્લાના અધિકારીઓને ખાસ સૂચના આપી હતી તેમજ સાબરમતી નદીમાં પાણી છોડાતા ૧૩ ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા. મહી નદીમાં વધી રહેલા પાણીના પ્રવાહને ધ્યાને લઈ ૨૬ ગામો ખાતે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, તલાટી અને સરપંચની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે ગામમાં સાયરન વગાડીને ગ્રામજનોને ભેગા કરીને તેમને નદી કાંઠે ન જવા માટે તાકીદ કરવામાં આવી હતી. આ ગામોના પશુપાલકો તેમના પશુઓને નદી કિનારે ન લઈ જાય તે માટે પણ જરૂરી સૂચના આપવામાં આવી હતી અને ગ્રામજનોને સાવધ રહેવા માટે જણાવાયું હતું. તે જ રીતે સાબરમતી નદીમાં પાણી છોડવાના કારણે ખંભાત ૨ અને તારાપુરના ૧૧ અસરગ્રસ્ત ગામોમાં પણ તંત્ર દ્વારા મુલાકાત લઈને ગ્રામજનોને સાવચેત કરાયા હતા. આ ઉપરાંત નદી કાંઠાના ગામોને ઉપરવાસના ભારે વરસાદને કારણે નદીનું સ્તર વધવાથી નીચાણવાળા ગામોમાં પાણી આવવાના કારણે ગ્રામજનોને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તેવી વ્યવસ્થા કરવામાં આવી હોવાનું જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા જણાવાયું હતું. ■




## મોદી મંગળવારે પૂરગ્રસ્ત પંજાબની મુલાકાતે

ચંડીગઢઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પૂરની પરિસ્થિતિનો તાગ મેળવવા માટે ૯ સપ્ટેમ્બરે પંજાબની મુલાકાત લેશે. આ જાણકારી ભાજપ રાજ્ય એકમના વડા સુનીલ જાખડે રવિવારે આપી હતી.

સુનીલ જાખડે જણાવ્યું કે મોદી પંજાબમાં પૂરની પરિસ્થિતિને લઇને ખૂબ જ ચિંતિત છે. તેમ જ પરિસ્થિતિનું નજીકથી નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. જાખડે એક્સ પર જણાવ્યું કે તેઓ(મોદી) સ્થાનિક પરિસ્થિતિઓનું વ્યક્તિગત રીતે મૂલ્યાંકન કરવા અને પંજાબના લોકોને મહત્તમ સહાય પૂરી પાડવા માટે વાસ્તવિકતાઓને સમજી શકાય તે માટે ૯ સપ્ટેમ્બરના રોજ પંજાબની મુલાકાતે આવી રહ્યા છે.

અગાઉ કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે રાજ્યની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે પંજાબની મુલાકાત લીધી હતી. જાખડે વધુમાં જણાવ્યું કે પંજાબમાં પૂરથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે આવેલી કેન્દ્ર સરકારની બે

(જુઓ પાનું ૨) ▸▸

## સુરતની સંતોષ મિલ દુર્ઘટનાનો મૃત્યુઆંક પાંચ પર પહોંચ્યો

અમદાવાદઃ સુરત જિલ્લાના પલસાણા તાલુકાના જોળવા ગામની સંતોષ ટેક્સટાઇલ મિલમાં સર્જાયેલી દુર્ઘટનામાં દાઝી ગયેલા વધુ બેના સુરતની હોસ્પિટલમાં મોત થયા હતા. બે દિવસ પહેલા એક મહિલાનું સારવાર દરમિયાન મોત થયું હતું. જેથી મૃત્યુઆંક પાંચ પર પહોંચ્યો છે. આ મામલે રવિવારે મહિલાએ રસ્તો ચક્કાજામ કર્યો હતો. મૃતક યુવકના પરિવારજનોએ વળતરની માંગ સાથે અને મીલના માલિકને બોલાવવાની માગ સાથે વિરોધ કર્યો હતો. તેના પગલે ભારે હોબાળો મચી ગયો હતો. પોલીસે પરિવારજનોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પલસાણા તાલુકાના જોળવા ગામમાં આવેલી સંતોષ ટેક્સટાઇલ મિલમાં ૧ સપ્ટેમ્બરના રોજ કેમિકલ ભરેલું ડ્રમ અચાનક ફાટતાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં બે કામદારોના મોત થયા હતા. જ્યારે ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને કડોદરા તેમજ પલસાણા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ચીને ભારત-નેપાળના લિપુલેખ વિવાદમાં સમજદારી બતાવી

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારતથી આવતા માલસામાન પર ૫૦ ટકા ટૅરિફ લાદીને ભારતને દબાવવાની કોશિશ કરી તેના કારણે ભવિષ્યમાં શું થશે એ અત્યારે ખબર નથી પણ અત્યારે ચીનનું ભારત તરફનું વલણ બિલકુલ બદલાઈ ગયું છે એ સ્પષ્ટ છે. ચીન પણ અમેરિકાના ટૅરિફની જોહુકમીથી ત્રસ્ત છે તેથી ભારત સાથેના સંબંધો ગાઢ કરીને અમેરિકાને પાઠ ભણાવવા માગે છે. હમણાં આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી શાંઘાઈ કો-ઓપરેશન ઑર્ગેનાઈઝેશન (SCO)ની બેઠકમાં ભાગ લેવા ગયા ત્યારે ચીનના પ્રમુખ શી જિનપિંગે મોદીની સરભરા અને આગતાસ્વાગતા કરી તેના પરથી સ્પષ્ટ છે કે, ચીનને ભારત સાથેના વિવાદો બાજુ પર મૂકીને આર્થિક સંબંધો ગાઢ બનાવવામાં રસ છે.

જિનપિંગે આપણાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને છ મહિના પહેલાં પત્ર લખીને આ ઈચ્છા વ્યક્ત કરી ત્યારે સૌને ચીનના ઈરાદા વિશે શંકાઓ થતી હતી પણ કમ સે કમ અત્યારે તો ચીન જે રીતે વર્તી રહ્યું છે તેના પરથી સ્પષ્ટ છે કે, ભારત સાથે નવી ધરી રચવા ચીન આતુર છે. ચીને ભારત અને નેપાળ વચ્ચેના લિપુલેખ વિવાદમાં વચ્ચે પડવાનો ઇનકાર કરીને સંકેત આપ્યો છે કે, ભારતનાં હિતોના મુદ્દે ચીન સતર્કતાથી વર્તી રહ્યું છે.

નેપાળી વડા પ્રધાન કેપી શર્મા ઓલી પણ મોદીની જેમ ૩૧ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર સુધી જીઈઘ સમિટમાં ભાગ લેવા ચીન ગયા ત્યારે ચીનના રાષ્ટ્રપતિ સમક્ષ લિપુલેખનો મુદ્દો ઉઠાવ્યો હતો. નેપાળ લિપુલેખ પર લાંબા સમયથી દાવો કરે છે પણ ભારત એ દાવાને સ્વીકારતું નથી. નેપાળે ૨૦૨૦માં નવો નકશો બહાર પાડીને લિપુલેખ, લિમ્પિયાધુરા અને કાલાપાણીને પોતાના વિસ્તાર ગણાવ્યા હતા પણ ભારતે આ નકશાને માન્ય રાખ્યો નથી.

ભારત અને ચીનના સંબંધો ગાઢ બની રહ્યા છે ને બંને દેશો હકારાત્મક પગલાં ભરી રહ્યા છે. તેના ભાગરૂપે ૧૯ ઓગસ્ટે ભારત અને ચીને લિપુલેખ પાસને વ્યાપાર માટે ફરીથી ખોલવાનો નિર્ણય લીધો હતો. નેપાળે તેનો વિરોધ કર્યો હતો અને ભારત અને ચીન વચ્ચેના કરાર સામે વાંધો ઉઠાવ્યો હતો. એસસીઓમાં પણ ઓલીએ લિપુલેખ વિસ્તાર નેપાળનો હોવાની રેકર્ડ વગાડીને ભારત સાથેનો કરાર રદ કરવા જિનપિંગને વિનંતી કરેલી પણ જિનપિંગે એ વિનંતીને ગણકારી નથી. મજાની વાત પાછી એ છે કે, નેપાળે ચીનના ઈશારે જ લિપુલેખ પર દાવો કરેલો ને ચીનના ખિલે કૂદાકૂદ કરતું હતું. હવે ચીનનાં પોતાનાં હિતોની વાત આવી એટલે જિનપિંગ હાથ અધ્ધર કરીને બેસી ગયા છે અને નેપાળને રામભરોસે છોડી દીધું છે.

નેપાળના વિદેશ સચિવ અમૃત બહાદુર રાયે આપેલી માહિતી પ્રમાણે, જિનપિંગે લિપુલેખને પરંપરાગત ઘાટ ગણાવ્યો છે અને નેપાળના દાવાનું ચીન સન્માન કરે છે એવું પણ કહ્યું છે પણ વચ્ચે પડવાની ઘસીને ના પાડી છે. જિનપિંગે સાફ શબ્દોમાં કહ્યું છે કે, લિપુલેખ ઘાટનો વિવાદ ભારત અને નેપાળ વચ્ચેનો દ્વિપક્ષીય મુદ્દો છે તેથી બંને દેશોએ પરસ્પર વાતચીત દ્વારા તેનો ઉકેલ લાવવો જોઈએ, ચીન કે કોઈ ત્રીજા દેશની મદદ ના લેવી જોઈએ.

ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરી ૧૭ ઓગસ્ટે કાઠમંડુ ગયા ત્યારે વડા પ્રધાન ઓલી, વિદેશ મંત્રી અર્જુન રાણા દેઉબા અને વિદેશ સચિવ અમૃત બહાદુર રાયને મળ્યા હતા. આ બેઠકમાં ભારત-નેપાળ સંબંધોને મજબૂત બનાવવા, કનેક્ટિવિટી વધારવા, વેપાર અને વિકાસ સહયોગ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સાથે સાથે નેપાળે લિપુલેખ પર દાવો પણ કર્યો હતો પણ ભારતે રાબેતા મુજબ આ દાવાને ફગાવી દીધેલો.

ઓલીને એમ હતું કે, જિનપિંગને ફરિયાદ કરીશું તો ચીન ભારત પર દબાણ લાવશે પણ જિનપિંગે સાવ હાથ અધ્ધર કરીને પોતાને કશી લેવાદેવા જ નથી એવું કહી દેતાં ઓલી વિલા મોંઢે હીરો ઘોઘે જઈ આવ્યો ને ડેલે હાથ દઈ આવ્યો કરીને પાછા આવી ગયા છે.

ચીન મદદ કરી શકે તેમ નથી ને ભારત સામે ભિડાવાની નેપાળની તાકાત નથી એટલે નેપાળે હવે ઢીલાઢફ થઈને ભારત સાથે મંત્રણાની ઈચ્છા વ્યક્ત કરી છે. નેપાળના વડા પ્રધાન ઓલી ૧૬ સપ્ટેમ્બરે ભારત આવવાના છે ને એ વખતે આ મુદ્દો ઉઠાવશે. આ પહેલાં ઓલીની ભારત યાત્રાનો કાર્યક્રમ ઘણી વાર જાહેર કરાયેલો પણ લિપુલેખ મુદ્દે નેપાળ કોઈ સમાધાન કરવા તૈયાર નથી એવું બતાવવા ઓલીની ભારત યાત્રા વારંવાર મુલતવી રખાઈ હતી. હવે ઓલી વાંકા વળીને ભારત આવશે.

ઓલી ભારત આવીને લિપુલેખ મુદ્દો ઉઠાવે તો પણ કશું વળવાનું નથી કેમ કે આ વિસ્તાર ભારતનો જ છે. હિમાલયમાં આવેલ લિપુલેખ પાસ મારફતે ભારત-ચીન વચ્ચે સદીઓથી વ્યાપાર થાય જ છે. બાયન્સ, દરમા અને ચૌંડાસ ઘાટીના વેપારીઓ ૧૦મી સદીથી આ પાસ દ્વારા વેપાર કરે છે એવો ઈતિહાસમાં ઉલ્લેખ છે. બ્રિટિશ શાસનકાળ દરમિયાન લિપુલેખ પાસ ભારત અને ચીન વચ્ચેનો મોટા ભાગનો વ્યાપાર આ પાસ મારફતે થતો હતો. ૫,૩૩૪ મીટરની ઊંચાઈએ આવેલા ધારચુલા પાસેનો લિપુલેખ પાસ ભારત-નેપાળ સરહદ પર આવેલો છે. આદિ કૈલાશ અને માનસરોવરનો પરંપરાગત માર્ગ એવો ધારચુલા રોડ તિબેટને લિપુલેખ પાસ સાથે જોડે છે.

ભારત અને ચીન વચ્ચે ૧૯૬૨માં યુદ્ધ થયું ત્યારે ભારતે લિપુલેખ પાસ બંધ કરી દીધેલો કે જેથી ચીના ઘૂસણખોરી ના કરી શકે. ચીને બહુ વિનવણીઓ કરી પછી ૧૯૯૭માં આ રસ્તો ખોલાયો ત્યારે નેપાળે પહેલી વખત ડખો ઊભો કરેલો. નેપાળે એવો મુદ્દો ઊભો કર્યો કે, નકશામાં બતાવાઈ છે એ મુખ્ય કાલી નદી નથી પણ કાલાપાની વિસ્તારમાં પશ્ચિમે આવેલ નદી મુખ્ય કાલી નદી છે તેથી કાલાપાની વિસ્તાર નેપાળનો છે.

નેપાળે ઓમ પર્વતને સરહદ તરીકે સ્વીકારવાનું નવું તૂત પણ ઊભું કરેલું. એ પછી નેપાળ ક્યારેક ક્યારેક આ વાત કરતું પણ બહુ મોટા ડખા નહોતા થયા કેમ કે નેપાળ અને ભારત વચ્ચે સારા સંબંધો હતા. ચીન પોતાને ખાઈ ના જાય એટલા માટે નેપાળે ભારત સાથે કરાર કરેલા. નેપાળમાં વરસો લગી ભારતતરફી નેપાળ કૉંગ્રેસનું શાસન હતું તેના કારણે પણ આ મુદ્દે બંને દેશ વચ્ચે ચકમક નથી ઝરી પણ જેવો નેપાળમાં ચીનની પીઠુ સામ્યવાદીઓનો પ્રભાવ વધ્યો કે લમણાઝીંક શરૂ થઈ ગઈ.

નેપાળ કોમ્યુનિસ્ટ પાર્ટીના કે.પી. સિંહ ઓલી વડા પ્રધાન બન્યા પછી નેપાળના વિદેશ પ્રધાન મહેન્દ્ર બહાદુર પાંડેએ દાવો કરેલો કે, નેપાળના રાજા મહેન્દ્રે આ વિસ્તાર ભારતને ખેરાતમાં આપી દીધેલો, બાકી આ વિસ્તાર તો અમારો જ હતો. ટૂંકમાં ચીનના ઈશારે જ નેપાળે પેટ ચોળીને શૂળ ઊભું કર્યું, બાકી લિપુલેખ મુદ્દે કોઈ વિવાદ જ નહોતો. હવે ચીન ચાવી નહીં મારે તો આ વિવાદ આપોઆપ શમી જશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, સોમવાર, તા. ૮-૯-૨૦૨૫

- ભારતીય દિનાંક ૧૭, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ વદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ વદ-૧
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૬મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા રાત્રે ક. ૨૦-૦૨ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા.
- ચંદ્ર કુંભમાં બપોરે ક. ૧૪-૨૮ સુધી, પછી મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૫, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૯, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ભરતીઃ બપોરે ક. ૧૨-૧૬, મધ્યરાત્રે ક. ૦૦-૩૫ ઓટઃ સાંજે ક. ૧૮-૨૪, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૩૩ (તા. ૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ – પ્રતિપદા. ઈષ્ટિ, મહાલયારંભ, પ્રતિપદા શ્રાદ્ધ, ગ્રહણ કરીદ્દિન, પંચક, સૂર્ય મહાનક્ષત્ર પૂર્વાફાલ્ગુનીમાં, વાહન મહિષી. મુહૂર્ત વિશેષઃ અજૈક્યપાદ દેવતાનું પૂજન, પરગામ પ્રયાણ મધ્યમ,નિત્ય થતાં ખેતીવાડી,પશુ લે-વેંચના કામકાજ, દક્ષિણમાં જવું નહીં. પ્રતિપદા શ્રાદ્ધ (ભા. વદ-૧), સોમ, તા. ૦૮-૦૯-૨૫, દ્વિતીયા શ્રાદ્ધ (વદ-૨) મંગળ, તા. ૦૯-૦૯-૨૫, તૃતીયા, ચતુર્થી શ્રાદ્ધ (વદ-૩) શ્રાદ્ધ, બુધ, તા. ૧૦-૦૯-૨૫, પંચમી, ભરણી શ્રાદ્ધ (વદ-૪), ગુરુ, તા. ૧૧-૦૯-૨૫
ષષ્ઠી, કૃત્તિકા શ્રાદ્ધ (વદ-૫), શુક્ર, તા. ૧૨-૦૯-૨૫, સપ્તમી શ્રાદ્ધ (વદ-૬), શનિ, તા. ૧૩-૦૯-૨૫, અષ્ઠમી શ્રાદ્ધ (વદ-૮) રવિ, તા. ૧૪-૦૯-૨૫, નવમી શ્રાદ્ધ (અવિધવા) (વદ-૯) સોમ, તા. ૧૫-૦૯-૨૫, દસમી શ્રાદ્ધ (વદ-૧૦) મંગળ, તા. ૧૬-૦૯-૨૫, એકાદશી શ્રાદ્ધ (વદ-૧૧) બુધ, તા. ૧૭-૦૯-૨૫, દ્વાદશી, સંન્યાસીઓનું શ્રાદ્ધ, (વદ-૧૨), ગુરુ, તા. ૧૮-૦૯-૨૫ ત્રયોદશી શ્રાદ્ધ (વદ-૧૩) શુક્ર, તા. ૧૯-૦૯-૨૫, ચતુર્દશી શ્રાદ્ધ (વદ-૧૪), અપમૃત્યુ, શસ્ત્રોથી મરેલાનું શનિ તા. ૨૦-૧૦-૨૫, પૂનમ અમાસનું શ્રાદ્ધ (વદ-૩૦), રવિ, તા. ૨૧-૦૯-૨૫. સર્વપિત્રી અમાસ, શ્રાદ્ધ સમાપ્ત, માતામહ શ્રાદ્ધ (આ. સુદ-૧) સોમ, તા. ૨૨-૦૯-૨૫
- આચમનઃ ચંદ્ર-શનિ યુતિ શંકાશીલ સ્વભાવ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ સંગીતપ્રિય
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ યુતિ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ (તા. ૯)
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-સિંહ, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

પહેલા પાનાનું ચાલુ

### ઉપરાષ્ટ્રપતિની

ન્યાયાધીશ તરીકે સેવા આપી હતી અને ગોવાના પ્રથમ લોકાયુક્ત પણ હતા. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી 'દક્ષિણ વિરુદ્ધ દક્ષિણ' સ્પર્ધામાં ફેરવાઈ ગઈ છે, જેમાં રાધાકૃષ્ણન તમિળનાડુના છે અને રેડ્ડી તેલંગણાના છે.

એનડીએ દ્વારા રાધાકૃષ્ણનને તેના ઉપરાષ્ટ્રપતિ ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતારવાના નિર્ણયથી ડીએમકે મુશ્કેલીમાં મુકાઈ ગયું છે, કારણ કે તમિળનાડુના ઉમેદવારને નકારી કાઢવાને તમિલ ગૌરવનો અનાદર તરીકે દર્શાવી શકાય છે. એક મુદ્દો જે હરીફો ૨૦૨૬ના પ્રચારમાં પ્રકાશિત કરે તેવી અપેક્ષા હતી. જોકે, ભાજપના ઉમેદવારને ટેકો આપવો એ કેન્દ્ર સામે ડીએમકેના લાંબા સમયથી ચાલતા રાજકીય વલણની વિરુદ્ધ જશે. આ દરમિયાન વિપક્ષે એક જાણીતા તેલુગુ ચહેરાને મેદાનમાં ઉતારીને પોતાની રણનીતિ રજૂ કરી જેના કારણે આંધ્ર પ્રદેશ અને તેલંગણામાં પક્ષો વાયએસઆરસીપી અને બીઆરએસ માટે રેડ્ડીને સમર્થન ન આપવું મુશ્કેલ બન્યું છે.

જોકે, વિપક્ષે ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીને એક વૈચારિક લડાઈ ગણાવી છે. ડીએમકે સાંસદ કનિમોઝીએ કહ્યું હતું, ''આ એક વૈચારિક લડાઈ છે. તેથી વિરોધ પક્ષો એક સાથે આવ્યા અને આરએસએસ પૃષ્ઠભૂમિમાંથી આવતા ઉમેદવાર સામે એક ઉમેદવાર પસંદ કર્યો.'' કૉંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડીએમકે, ડાબેરી પક્ષો, તૃણમૂલ કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિત વિરોધ પક્ષોએ રેડ્ડીની ઉમેદવારી પાછળ એક થયા છે. પ્રચાર દરમિયાન ગૃહમંત્રી અમિત શાહે સુદર્શન રેડ્ડી પર છત્તીસગઢમાં માઓવાદીઓ સામે લડવા માટે ખાસ પોલીસ અધિકારીઓની નિમણૂક કરવાની પ્રથાનો અંત લાવતો ચુકાદો પસાર કરીને નક્સલવાદને ટેકો આપવાનો આરોપ લગાવ્યો હતો. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રેડ્ડી, એ બેન્ચના વડા હતા જેણે ૨૦૧૧માં નંદિની સુંદર વિરુદ્ધ છત્તીસગઢ રાજ્યમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો, જેણે છત્તીસગઢમાં માઓવાદી બળવાખોરીનો સામનો કરવા માટે આદિવાસી યુવાનોનો ખાસ પોલીસ અધિકારીઓ તરીકે ઉપયોગ કરવાની પ્રથા સલવા જુડુમનો અંત લાવ્યા હતા.

સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશોના એક જૂથે પાછળથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખીને સલવા જુડુમ ચુકાદા પર સુદર્શન રેડ્ડી વિરુદ્ધની તેમની ટિપ્પણીનો વિરોધ કર્યો હતો. ૧૮ ભૂતપૂર્વ ન્યાયાધીશોના જૂથે શાહની ટિપ્પણીને 'દુર્ભાગ્યપૂર્ણ' ગણાવી હતી અને કહ્યું હતું કે ''નામ-નિંદાથી બચવું એ સમજદારીભર્યું રહેશે.'' નિવેદનમાં કહ્યું હતું કે ''સલવા જુડુમ કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાનું જાહેરમાં ખોટું અર્થઘટન કરનાર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું નિવેદન દુર્ભાગ્યપૂર્ણ છે. આ ચુકાદો ક્યાંય પણ સ્પષ્ટપણે અથવા તેના લખાણ, નક્સલવાદ અથવા તેની વિચારધારાને ફરજિયાતપણે સૂચિત કરીને સમર્થન આપતો નથી.

ભારતના ઉપરાષ્ટ્રપતિનું પદ દેશના બીજા ક્રમનું સર્વોચ્ચ બંધારણીય પદ છે. કદાચ એકમાત્ર એવું પદ છે જેમાં નિયમિત પગારના લાભ મળતા નથી. ઉપરાષ્ટ્રપતિ સંસદના ઉપલા ગૃહ રાજ્યસભાના અધ્યક્ષ તરીકેની તેમની ભૂમિકા માટે તેમનો પગાર મેળવે છે. ૨૧ જુલાઈના રોજ જગદીપ ધનખડના અચાનક રાજીનામા બાદ ૯ સપ્ટેમ્બરના રોજ ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી યોજાઈ રહી છે જેમાં એનડીએ ઉમેદવાર સી પી રાધાકૃષ્ણન અને વિપક્ષના ઉમેદવાર પી સુદર્શન રેડ્ડી મેદાનમાં છે.

ઉપરાષ્ટ્રપતિના પગાર અને ભથ્થાઓ સંસદના અધિકારીઓના પગાર અને ભથ્થાં અધિનિયમ, ૧૯૫૩ હેઠળ નક્કી કરવામાં આવે છે. અધિકારીઓએ કહ્યું હતું કે ઉપરાષ્ટ્રપતિ માટે કોઈ ચોક્કસ પગાર માટે કોઈ જોગવાઈ નથી. તેના બદલે તેઓ રાજ્યસભાના અધ્યક્ષ તરીકેની તેમની ભૂમિકાને અનુરૂપ મહેનતાણું અને લાભો મેળવે છે. ઉપરાષ્ટ્રપતિ જ્યારે કાર્યકારી ભૂમિકામાં જવાબદારી સંભાળે છે ત્યારે ભારતના રાષ્ટ્રપતિનો પગાર મેળવવા માટે હકદાર છે. આવી સ્થિતિમાં ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના અધ્યક્ષ તરીકેનું પદ છોડી દે છે. રાજ્યસભાના અધ્યક્ષ દર મહિને ૪ લાખ રૂપિયા પગાર મેળવવાના હકદાર છે. ઉપરાષ્ટ્રપતિને અનેક સુવિધાઓ અને ભથ્થાં મળે છે જેમ કે મફત રહેઠાણ, મેડિકલ સુવિધાઓ, ટ્રેન અને હવાઈ મુસાફરી, લેન્ડલાઈન કનેક્શન, મોબાઈલ ફોન સેવા, વ્યક્તિગત સુરક્ષા અને સ્ટાફ જેવા અનેક લાભો અને ભથ્થાં મળે છે. એક ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિને દર મહિને લગભગ ૨ લાખ રૂપિયાનું પેન્શન, ટાઇપ-૮ બંગલો, એક પર્સનલ સેક્રેટરી, એક એડિશનલ પર્સનલ સેક્રેટરી, એક પર્સનલ આસિસ્ટન્ટ, એક ફિઝિશિયન, એક નર્સિંગ ઓફિસર અને ચાર પર્સનલ એટેન્ડન્ટ મળે છે. ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિના મૃત્યુના કિસ્સામાં તેમના જીવનસાથીને તેમના જીવનકાળ દરમિયાન ટાઇપ-૭નું નાનું ઘર મળે છે. ■

### યુક્રેન

કિવમાં મોટા પાયે ડ્રોન અને મિસાઇલ હુમલા બાદ પ્રધાન મંડળની ઇમારતમાં આગ લાગી હતી. અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે આ હુમલામાં ઓછામાં ઓછા બે જણ માર્યા ગયા છે અને ૧૧ અન્ય ઘાયલ થયા છે.

કિવના શહેર વહીવટીતંત્રના વડા ટિમુર ટાકાચેન્કોએ જણાવ્યું હતું કે રશિયાએ કિવ પર રાતોરાત હુમલા કર્યા હતા, જેમાં એક નવજાત શિશુ સહિત ત્રણ લોકો માર્યા ગયા હતા અને ૧૮ અન્ય ઘાયલ થયા હતા. રાજધાનીમાં સરકારી મુખ્યાલય સહિત અનેક ઇમારતોને આગ ચાંપી દેવામાં આવી હતી. કિવના મેયર વિટાલી ક્લિટ્સ્કોએ જણાવ્યું હતું કે હુમલાઓ શહેર પર ડ્રોન હુમલાથી શરૂ થયા હતા, ત્યારબાદ મિસાઇલ હુમલાઓ કરવામાં આવ્યા હતા.

યુક્રેનના વડા પ્રધાન યુલિયા સ્વિરિડેન્કોએ જણાવ્યું હતું કે યુદ્ધ દરમિયાન પહેલીવાર દુશ્મનના હુમલામાં મુખ્ય યુક્રેનિયન સરકારી ઇમારતને નુકસાન થયું હતું. ■

### વિપક્ષના

યોજાશે. આ વખતે બંને ઉમેદવારો દક્ષિણ ભારતના છે, જેમાં રાધાકૃષ્ણન તમિલનાડુના છે અને રેડ્ડી તેલંગણાના છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીને વિપક્ષ દ્વારા એક વૈચારિક યુદ્ધ તરીકે વર્ણવવામાં આવ્યું છે. જોકે સંખ્યા એનડીએ ગઠબંધનની વધારે છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે રિટર્નિંગ ઓફિસર રાજ્યસભાના સેક્રેટરી જનરલ પી.સી. મોદીએ જણાવ્યું હતું કે મતદાન મંગળવારે સંસદ ભવનના વસુધા સ્થિત રૂમ નંબર એફ-૧૦૧માં થશે. મતદાન સવારે ૧૦ વાગ્યે શરૂ થશે અને ૯ સપ્ટેમ્બરના રોજ સાંજે ૫ વાગ્યે બંધ થશે.

ભારતના ઉપરાષ્ટ્રપતિના કાર્યાલયની ચૂંટણી માટે ચૂંટણી મંડળમાં સંસદના બંને ગૃહોના સભ્યોનો સમાવેશ થાય છે. રાજ્યસભાના નામાંકિત સભ્યો પણ ચૂંટણી મંડળમાં સામેલ થવા માટે લાયક છે અને તેથી ચૂંટણીમાં ભાગ લેવા માટે હકદાર છે. રાજ્યસભા સચિવાલયે એક નિવેદનમાં કહ્યું હતું કે ''સંસદ ભવનમાં મતદાન વ્યવસ્થા પી.સી. દ્વારા કરવામાં આવી રહી છે.'' ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી, ૨૦૨૫ માટે રિટર્નિંગ ઓફિસર અને રાજ્યસભાના મહાસચિવ પી.સી. મોદી છે. મત ગણતરી એ જ દિવસે સાંજે ૬ વાગ્યે શરૂ થશે અને ત્યારબાદ તરત જ પરિણામ જાહેર કરવામાં આવશે.

રાધાકૃષ્ણન તમિલનાડુના ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના દિગ્ગજ નેતા અને હાલમાં મહારાષ્ટ્રના રાજ્યપાલ છે, જ્યારે રેડ્ડી સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ છે.

ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી નવ સપ્ટેમ્બરે યોજાવાની છે. અગાઉ એઆઇએમઆઇએમના પ્રમુખ અને હૈદરાબાદના સાંસદ અસાદુદ્દીન ઓવૈસીએ ઈન્ડિયા બ્લોકને ટેકો આપવાની જાહેરાત કરી છે. ઓવૈસીએ કહ્યું હતું કે તેઓ અને તેમનો પક્ષ ઈન્ડિયા બ્લોકના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીને મત આપશે. ઓવૈસીનો દાવો છે કે તેલંગણાના મુખ્ય પ્રધાન રેવંત રેડ્ડીએ તેમને ઈન્ડિયા બ્લોકને ટેકો આપવા વિનંતી કરી છે. સુદર્શન રેડ્ડી સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ છે, જે એનડીએના ઉમેદવાર સી.પી. રાધાકૃષ્ણન સામે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી લડશે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટ શેર કરતા ઓવૈસીએ લખ્યું હતું કે, ''તેલંગણાના મુખ્યમંત્રી કાર્યાલયે આજે મારી સાથે વાત કરી અને ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં જસ્ટિસ સુદર્શન રેડ્ડીને ટેકો આપવા વિનંતી કરી હતી. જસ્ટિસ રેડ્ડી હૈદરાબાદના હોવાની સાથે સાથે માનનીય ન્યાયાધીશ પણ છે. તેથી એઆઇએમઆઇએમ તેમને ટેકો આપવા તૈયાર છે. મેં જસ્ટિસ રેડ્ડી સાથે વાત કરી અને તેમને શુભકામનાઓ પાઠવી છે.'' વિપક્ષે ૧૯ ઓગસ્ટના રોજ બી. સુદર્શન રેડ્ડીને ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જાહેર કર્યા હતા. કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ તેમના નામની જાહેરાત કરતી વખતે આ ચૂંટણીને વિચારધારાનું યુદ્ધ ગણાવ્યું હતું. બી. સુદર્શન રેડ્ડી આંધ્ર પ્રદેશ હાઈ કોર્ટમાં પ્રેક્ટિસ કર્યા બાદ ગુવાહાટી હાઈ કોર્ટના ચીફ જસ્ટિસ રહી ચૂક્યા છે. ૨૦૦૭માં તેમને સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બનાવવામાં આવ્યા હતા. ૨૦૧૧માં તેઓ નિવૃત્ત થયા હતા. એનડીએ ઉમેદવાર સી.પી. રાધાકૃષ્ણન મહારાષ્ટ્ર સહિત ઘણા મોટા રાજ્યોના રાજ્યપાલ રહી ચૂક્યા છે. ૧૨ ઓગસ્ટના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ જે.પી. નડ્ડાએ તેમના નામની જાહેરાત કરી હતી. ■

### અંબાજીમાં

ધામમાં મા અંબાના જગ વિખ્યાત ભાદરવી પૂનમનો મહામેળો રંગેચંગે સંપન્ન થયો હતો. મા શક્તિની ભક્તિના અનેરા સંગમમાં માતાજીના દર્શન અને આશીર્વાદ મેળવવા ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાંથી લાખો માઇ ભક્તો કઠિન પદયાત્રા કરીને અનંત ચૌદશના રોજમાં અંબાના ધામ આરાસુરમાં ઊમટી પડ્યાં હતા.જેને પગલે ભાદરવી પૂનમના પરંપરાગત મહામેળાના છઠ્ઠા દિવસે અંબાજી ધામ શ્રદ્ધાળુઓથી છલકાઈ ઊઠ્યું હતું. સેંકડો કિલોમીટરની પદયાત્રા કરીને અંબાજી પહોંચેલા માઈભક્તોએ અદમ્ય ઉત્સાહ સાથે માતાજીના કરી અનુભવી હતી.માઈ ભક્તોએ દંડવત પ્રણામ કરી માતાજીના ગર્ભગૃહમાં જય અંબેના નાદ સાથે પોતાની માનતા આખડીઓ પૂર્ણ કરી હતી. અનેક સંઘો, માંડવીઓના માઈભક્તો દ્વારા માતાજીને નવરાત્રિમાં પોતાની માંડવીઓ પર પધારવા માટેનું માને હાર્દિક આમંત્રણ આપ્યું હતું. યાત્રાધામ તરફ જતાં માગીમાં સર્વત્ર સેવાભાવી સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પો ઊભા કરવામાં આવ્યા હતા, જ્યાં ભક્તોને ભોજન, નાસ્તો, ચા, સ્વચ્છ પીવાનું પાણી, આરોગ્ય સેવાઓથી માંડીને આરામ તથા મસાજ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. યાત્રાધામ અંબાજીમાં મહામેળાના છઠ્ઠા દિવસે ૮.૧૫ લાખ માઈભક્તો ઊમટ્યાં હતા. ■

### જાપાનના

પહેલા તેમણે રાજીનામું આપ્યું હતું.

ઇશિબાએ ટેલિવિઝન પર પ્રસારિત થયેલી પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે તેઓ તેમના સ્થાને પસંદગી કરવા માટે પાર્ટી નેતૃત્વ મતદાન કરાવવાની પ્રક્રિયા શરૂ કરશે અને સોમવારના નિર્ણયની કોઈ જરૂર નથી. જો વડા પ્રધાન પદ પર રહ્યા હોત, તો તેમને અનિવાર્યપણે તેમના વિભાજિત પક્ષ અને લઘુમતી સરકારનું સંચાલન કરવામાં સંઘર્ષ કરવો પડ્યો હોત.

જુલાઈમાં, ઇશિબાનું શાસક ગઠબંધન ૨૪૮ બેઠકવાળા ઉપલા ગૃહમાં એક મહત્ત્વપૂર્ણ સંસદીય ચૂંટણીમાં બહુમતી મેળવવામાં નિષ્ફળ ગયું હતું, જેનાથી તેમની સરકારની સ્થિરતા વધુ હચમચી ગઈ હતી. આ હારથી નીચલા ગૃહમાં અગાઉની ચૂંટણીમાં થયેલી હારમાં ઉમેરો થયો હતો, જ્યાં પક્ષના નેતૃત્વ હેઠળના ગઠબંધને પણ બહુમતી ગુમાવી દીધી હતી.

તેમનો નિર્ણય શનિવારે કૃષિ પ્રધાન શિંજીરો કોઈઝુમી અને તેમના માનવામાં આવતા માર્ગદર્શક, ભૂતપૂર્વ વડા પ્રધાન યોશિહિદે સુગા સાથેની તેમની મુલાકાત પછી આવ્યો હતો, જેમણે દેખીતી રીતે સોમવારના મતદાન પહેલાં ઇશિબાના રાજીનામાનું સૂચન કર્યું હતું.

તેમણે અગાઉ પદ પર રહેવાનો આગ્રહ રાખ્યો હતો, જાપાન મોટા પડકારોનો સામનો કરી રહ્યું છે તેવા સમયે રાજકીય શૂન્યાવકાશ ટાળવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જેમાં યુએસ ટેરિફ અને અર્થતંત્ર પર તેની અસર, વધતા ભાવ, ચોખાની નીતિમાં સુધારા અને પ્રદેશમાં વધતા તણાવનો સમાવેશ થાય છે.

એલડીપી દ્વારા ગયા અઠવાડિયે ચૂંટણીમાં થયેલા નુકસાનની સમીક્ષા કરવામાં આવી હતી, જેમાં પાર્ટીના ''સંપૂર્ણ પુનર્ગઠન'' માટે કહેવામાં આવ્યું હતું, સોમવારના પરિણામો પહેલાં વહેલા નેતૃત્વ મતદાન અથવા ઇશિબાના રાજીનામા માટેની વિનંતીઓ લોકપ્રિય બની હતી. ઈશિબા વિરોધી વલણ માટે જાણીતા રૂઢિચુસ્ત હેવીવેઈટ તારો એસો અને ઈશિબા કેબિનેટમાં એક મંત્રી અને અનેક નાયબ મંત્રીઓએ વહેલા મતદાનની વિનંતી કરી હતી, જેના કારણે અન્ય લોકોએ પણ તેમનું અનુકરણ કર્યું હતું.

ભૂતપૂર્વ આરોગ્ય પ્રધાન નોરિહિસા તામુરાએ રવિવારે એક ટોક શોમાં જણાવ્યું હતું કે પક્ષમાં વિભાજન અટકાવવા અને આગળ વધવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે ઈશિબા સોમવારના મતદાન પહેલાં વિવાદનું ''પતાવટ'' કરે, અને તેમના રાજીનામાની વિનંતી કરી હતી. તામુરાએ જણાવ્યું હતું કે પક્ષ આર્થિક પગલાં પર જરૂરી કામ અને આગામી સંસદીય સત્રમાં વિપક્ષનું સમર્થન મેળવવાના રસ્તાઓ શોધવાથી પહેલાથી જ વિચલિત થઈ ગયો છે. ઈશિબાએ પક્ષના નેતા તરીકે રાજીનામું આપતાં, એલડીપી ઓક્ટોબરની શરૂઆતમાં યોજાનારી તેની પાર્ટી પ્રમુખપદની ચૂંટણી માટે તારીખ નક્કી કરે તેવી અપેક્ષા છે. સંભવિત ઉમેદવારોમાં કોઈઝુમી, તેમ જ અતિ-રૂઢિચુસ્ત ભૂતપૂર્વ આર્થિક સુરક્ષા પ્રધાન સાને તાકાચી, મુખ્ય કેબિનેટ સચિવ યોશિમાસા હયાશી, ભૂતપૂર્વ વડા પ્રધાન ફુમિયો કિશિદાના શિષ્યનો સમાવેશ થાય છે. નિષ્ણાતો કહે છે કે બંને ગૃહમાં બહુમતી ન હોવાથી, આગામી એલડીપી નેતાએ બિલ પસાર કરાવવા માટે મુખ્ય વિપક્ષી પક્ષો સાથે કામ કરવું પડશે, નહીંતર અવિશ્વાસ પ્રસ્તાવના સતત જોખમોનો સામનો કરવો પડશે.જોકે, વિરોધ પક્ષો સરકારને તોડી પાડવા માટે મોટું ગઠબંધન બનાવવા માટે એટલા જ વિભાજિત છે. તાજેતરના અઠવાડિયામાં, ઇશિબાએ યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને જાપાન પર યુએસ વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલા ટેરિફ દર ૨૫ ટકાથી ઘટાડીને ૧૫ ટકા કરવા માટે સફળતાપૂર્વક સમજાવ્યા હતાં. ■

### રાતા સમુદ્રમાં

શકે. હુથી બળવાખોરોએ અગાઉ પણ કેબલ પર હુમલો કરવાનો ઇનકાર કર્યો હતો. અહેવાલો અનુસાર, માઇક્રોસોફ્ટે કહ્યું હતું કે મધ્ય પૂર્વમાં રાતા સમુદ્રની અંદર અંડર સી કેબલ કાપવાને કારણે લેટન્સી વધી શકે છે, જેનો અર્થ છે કે ઇન્ટરનેટ સ્પીડ ઘટી શકે છે. કંપનીએ એમ પણ કહ્યું હતું કે જે કેબલ મધ્ય પૂર્વમાંથી પસાર થઈ રહ્યા નથી તેમને કોઈ અસર થઈ નથી. ■

### ચંદ્રગ્રહણ

૧૧.૪૨ વાગ્યે અને મોક્ષ રાતના ૧.૨૬ વાગ્યે થયા હોવાથી પર્વકાળ ૩ કલાક ૨૯ મિનિટનો રહ્યો હતો.

દેશમાં હવે પછીનું ખગ્રાસ ચંદ્રગ્રહણ ૨૦૨૮ની ૩૧ ડિસેમ્બરે દેખાશે. દરમિયાન, તિરુપતિ સહિતનાં હિંદુ મંદિરો ચંદ્રગ્રહણને ધ્યાનમાં રાખીને રવિવારે વહેલા બંધ થઇ ગયા હતા. તિરુપતિ તિરુમાલામાં ભગવાન વેંકટેશ્વરનું મંદિર રવિવારે બપોરે ૩.૩૦ વાગ્યાથી રાતના ૩.૩૦ વાગ્યા સુધી બંધ રખાયું હતું. ચંદ્રગ્રહણ દરમિયાન અનેક સ્થળે પૂજા, જપ, પાઠ, કીર્તન યોજાયા હતા.ખગ્રાસ ચંદ્રગ્રહણ અને પિતૃપક્ષનો સંયોગ ૧૨૨ વર્ષે થયો હતો. ■

### મોદી મંગળવાર

ટીમો મુલાકાત બાદ કેન્દ્ર સરકારને તેમનો અહેવાલ સુપરત કરશે. ભારત સરકાર પંજાબના લોકો સાથે અડીખમ ઊભી છે. શિવરાજ સિંહ ચૌહાણે ૪ સપ્ટેમ્બરના રોજ પંજાબના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમ જ ખેતીને થયેલા નુકસાન અંગે જાણકારી મેળવી હતી. ચૌહાણે આ આફતને 'જળ પ્રલય'ની સ્થિતિ ગણાવી હતી. ■

### ગુજરાતમાં

મહેસાણા જિલ્લામાં ભારેથી અતિ ભારે જ્યારે ૯ સપ્ટેમ્બરના રોજ કચ્છ અને વલસાડ જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરી હતી.

હવામાન વિભાગ અનુસાર, કચ્છ, પાટણ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં અતિથી અતિભારે વરસાદ થઇ શકે છે. જેના પગલે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું હતું. જ્યારે જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, ખેડા, અરવલ્લી, સાબરકાંઠા, નવસારી, વલસાડ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી હતી. દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, રાજકોટ, અમરેલી, બોટાદ, ભાવનગર, આણંદ, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, તાપી, નર્મદા, વડોદરા, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહીસાગર જિલ્લામાં ભારે વરસાદની શક્યતા છે. તે ઉપરાંત કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ થઇ શકે છે. જ્યારે દેવભૂમિ દ્વારકા, જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, નવસારી અને વલસાડ જિલ્લામાં ભારે વરસાદ થઇ શકે છે. આ ઉપરાંત પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, ખેડા સહિત અન્ય જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ થઇ શકે છે. ૯ સપ્ટેમ્બરના રોજ કચ્છ અને વલસાડ જિલ્લામાં ભારે વરસાદની શક્યતા છે.જ્યારે બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, ખેડા, આણંદ, વડોદરા, સુરત, તાપી, નવસારી, રાજકોટ, જામનગર, જૂનાગઢ, મોરબી, અમરેલી, ભાવનગર સહિત રાજ્યના અન્ય જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ થઇ શકે છે. ■

# સોનામાં આગઝરતી તેજીના માહોલમાં તહેવારોની માગમાં ઓટ આવવાની ભીતિ

## ડીલરો દ્વારા ઓફર કરવામાં આવતા ઊંચા ડિસ્કાઉન્ટ છતાં લેવાલીનો અભાવ

કોમોડિટી
રમેશ ગોહિલ



ટ્રમ્પની ટૅરિફની નીતિની અનિશ્ચિતતા, અમેરિકી ફેડરલ રિઝર્વની સ્વતંત્રતા સામે પ્રશ્નાર્થ અને આગામી ૧૬-૧૭ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકમાં અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તેવા આશાવાદ સાથે વૈશ્વિક સોનામાં એકતરફી તેજીનું વલણ રહ્યું હતું. વધુમાં સપ્તાહના અંતે ગત શુક્રવારે અમેરિકાના રોજગારીના જાહેર થયેલા ડેટા અપેક્ષા કરતાં વધુ નબળાં આવ્યા હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વધુ પ્રબળ બનતાં વૈશ્વિક સોનાની તેજીને નવું ઈંધણ મળ્યું હતું અને ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ભાવ ૧.૪ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૩૬૦૦ ડૉલરની સપાટી સુધી પહોંચીને પાછાં ફર્યા હતા. આમ વિશ્વ બજાર પાછળ સ્થાનિકમાં પણ સોનાના ભાવમાં એકતરફી તેજીનું વલણ રહ્યું હતું. તેમ જ વિશ્વ બજાર પાછળ સ્થાનિકમાં સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯૫૦નો અથવા તો ૩.૮૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે અમેરિકાના રોજગારીના ડેટાની જાહેરાત બાદ સોનાના ભાવમાં જોવા મળેલા ૧.૪ ટકાના ઉછાળાની અસર સ્થાનિક બજારમાં આજે (સોમવારે) જોવા મળશે. તેમ છતાં આગામી સોમવારે લંડન ખાતે જો સત્રના આરંભે નફારૂપી વેચવાલીનું દબાણ રહે તો સ્થાનિકમાં વિશ્વ બજારની સરખામણીમાં મર્યાદિત ભાવવૃદ્ધિ જોવા મળે તેવી શક્યતા પણ નકારી ન શકાય.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૯મી ઑગસ્ટના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૦૨,૩૮૮ના બંધ સામે ઉછાળા સાથે રૂ. ૧,૦૪,૭૯૨ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૦૪,૪૨૪ અને ઉપરમાં રૂ. ૧,૦૬,૪૪૬ની રેન્જમાં અથડાઈને અંતે સાપ્તાહિક ધોરણે ૩.૮૫ ટકા અથવા તો રૂ. ૩૯૫૦ ઉછળીને રૂ. ૧,૦૬,૩૩૮ના મથાળે બંધ રહ્યા હતા. સામાન્યપણે દેશમાં નવરાત્રી, દશેરા અને દિવાળીના તહેવારોની અપેક્ષિત માગને ધ્યાનમાં લેતા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી નીકળતી હોય છે, પરંતુ હાલની ભાવ સપાટી જોઈને ગ્રાહકો નવી ખરીદી માટે બે વખત વિચારતા થઈ ગયા હોવાથી જ્વેલરી ઉત્પાદકો પણ નવી લેવાલીથી દૂર રહેતા હોવાનું એક હોલસેલરે જણાવતા ઉમેર્યું હતું કે આગલા સપ્તાહે નીચી સપાટીએથી છૂટીછવાઈ માગ રહી હોવાથી ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં પ્રીમિયમમાં ઓફર કરી રહ્યા હતા, જ્યારે ગત સપ્તાહે નિરસ માગને કારણે ડીલરો વૈશ્વિક ભાવની સરખામણીમાં ૧૨ ડૉલર ડિસ્કાઉન્ટ ઓફર કરી રહ્યા હોવા છતાં લેવાલી શુષ્ક રહી હતી. આમ જો આગામી તહેવારોની મોસમમાં પણ ભવામાં તેજીનું વલણ જળવાઈ રહેશે તો દશેરા, ધનતેરસ અને દિવાળી જેવાં મોટા સપરમા તહેવારો પણ ફિક્કા જાય તેવી ભીતિ જ્વેલરો વ્યક્ત કરી રહ્યા છે.

વૈશ્વિક સોનામાં એકતરફી તેજીના માહોલમાં માત્ર ભારતમાં જ માગ તળિયે નથી બેસી, પરંતુ વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનમાં પણ નિરસ માગ અને આયાત ક્વૉટા મર્યાદિત રહ્યા હોવાથી ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૨થી ૧૬ ડૉલર ડિસ્કાઉન્ટમાં ક્વૉટ કરી રહ્યા હતા. વધુમાં હૉંગકૉંગ સ્થિત એમકેએસ પીએએમપીના વિશ્લેષકના જણાવ્યાનુસાર હૉંગકૉંગ અને સિંગાપોર ખાતે પણ પ્રીમિયમમાં ઘટાડો જોવા મળવાની સાથે બજારમાં ખરીદદારો કરતાં વેચાણકર્તા વધુ જોવા મળી રહ્યા છે. જોકે, જાપાન ખાતે ભાવ વૈશ્વિક ભાવની સમકક્ષ પ્રવર્તી રહ્યા છે, પરંતુ માગ મર્યાદિત રહી હોવાના અહેવાલ છે.

એકંદરે એશિયન બજારોમાં સોનાના ભાવમાં ચાલી રહેલા પ્રીમિયમ અને ડિસ્કાઉન્ટના સ્તર જોતા એમ જણાય છે કે ખરીદદારો ખરીદીમાં પીછેહઠ કરી રહ્યા છે અને ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ પણ જોવા મળી રહ્યું છે. જો આગામી દિવસોમાં સોનામાં સલામતી માટેની માગને ટેકે ઊંચી સપાટી જળવાઈ રહેશે અથવા તો ભાવ વધુ વધશે તો પુરવઠો વધશે અને માગ નિરસ રહેશે. અત્રે નોંધનીય બાબત એ છે કે સોનાની કુલ વૈશ્વિક વપરાશી માગ પૈકી લગભગ ૫૦ ટકા માગ એશિયન બજારની હોય છે અને જો તહેવારોને ટાંકણે વેચાણ ધીમું પડશે તો હાજર સોનાની માગ સામે પડકારો સર્જાશે, એમ બજાર વર્તુળો જણાવી રહ્યા છે.

એકંદરે ગત સપ્તાહે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદ સાથે વૈશ્વિક સોનામાં સલામતી માટેની માગ પ્રબળ રહેતાં ભાવમાં ત્રણ ટકા કરતાં વધુ માત્રામાં ઉછાળો આવ્યો હતો. સામાન્યપણે નીચા વ્યાજદરના સંજોગોમાં રોકાણકારોની સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્કયામતોમાં લેવાલી રહેતી હોય છે. જોકે, સોનાની તેજી પાછળના અન્ય મુખ્ય કારણોમાં ભૂરાજકીય તણાવ, અમેરિકી ટૅરિફ નીતિને કારણે વૈશ્વિક વેપારો સામે સર્જાયેલા પડકારો, વૈશ્વિક સ્તરે બદલાઈ રહેલા રાજકીય સમીકરણો, અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ દ્વારા ફેડરલ રિઝર્વ પર વ્યાજદરમાં કપાત માટે થઈ રહેલા દબાણ અને ફેડરલ રિઝર્વનાં વહીવટમાં તેમના હસ્તક્ષેપને કારણે ફેડરલની સ્વતંત્રતા સામે ઊભા થયેલા પ્રશ્નાર્થ, આગામી વર્ષે ફેડરલનાં હોદ્દેદારોની થનારી નવી નિયુક્તિમાં હળવી નાણાનીતિ ધરાવતા સભ્યો વધુ હોવાની શક્યતા જેવાં કંઈક કારણોસર સોનામાં તેજીને ઈંધણ મળતું રહ્યું હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે હવે બજાર વર્તુળો વર્ષ ૨૦૨૫નાં અંત સુધીમાં ફેડરલ રિઝર્વ ત્રણ વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવો અંદાજ મૂકી રહ્યા છે. અમારા મતાનુસાર આગામી સપ્તાહે વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૩૫૦૦થી ૩૯૦૦ ડૉલરની રેન્જમાં અને સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૦૨,૦૦૦થી ૧,૦૯,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન ગત શુક્રવારે ઑગસ્ટ મહિનામાં અમેરિકામાં બેરોજગારીનો દર વધુ નબળો પડીને ૪.૩ ટકાની સપાટીએ રહ્યો હોવાના અહેવાલ સાથે શ્રમ બજારની સ્થિતિ કથળી રહી હોવાનું જણાતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનામાં સલામતી માટેની માગને ટેકે ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૩૬૦૦ ડૉલરની લગોલગ ૩૫૯૯.૮૯ ડૉલર સુધી પહોંચ્યા બાદ પાછા ફર્યા હતા. તેમ છતાં આગલા બંધ સામે ૧.૪ ટકાની તેજી સાથે ૩૫૯૬.૫૫ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા. તેમ જ સાપ્તાહિક ધોરણે ચાર મહિનાનો સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો હતો. તે જ પ્રમાણે સોનાના ડિસેમ્બર વાયદામાં પણ ભાવ આગલા બંધ સામે ૧.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૬૫૩.૩૦ ડૉલરના મથાળે રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગત વર્ષ ૨૦૨૪માં સોનાના ભાવમાં ૨૭ ટકાનો ઉછાળો આવ્યો હતો, જ્યારે આ વર્ષમાં અત્યાર સુધીમાં ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સની નરમાઈ, કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી અને હળવી નાણાનીતિના આશાવાદના ટેકે ૩૭ ટકાનો ઉછાળો આવી ગયો છે.

રોજગારમાં નબળી વૃદ્ધિને કારણે શેષ વર્ષ ૨૦૨૫માં એક કરતાં વધુ વ્યાજદરમાં કપાતની શક્યતાએ સોનું નવી ઊંચી સપાટી સર કરી રહ્યું હોવાનું એક એનાલિસ્ટ તાઈ વૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે હાલની અમેરિકી રોજગાર અને ફુગાવાની સ્થિતિને ધ્યાનમાં લેતાં આગામી ટૂંકાથી મધ્યમ સમયગાળા દરમિયાન સોનામાં તેજીનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા નકારી ન શકાય. ■

# ખાદ્યતેલ પર આયાત જકાત વધારવા સોપાનો અનુરોધ



નવી દિલ્હીઃ સ્થાનિક પ્રોસેસર ઉદ્યોગનાં સંગઠન સોયાબીન પ્રોસેસર્સ ઑફ ઈન્ડિયા (સોપા)એ સ્થાનિકમાં દેશી તેલીબિયાં અને તેલનાં ઘટતા ભાવને રોકવા અને ખેડૂતોને ટેકો આપવાની સાથે પાક લેવા માટે પ્રોત્સાહન મળે તે માટે તાજેતરમાં સરકારને ખાદ્યતેલ પરની આયાત જકાતમાં ઓછામાં ઓછો ૧૦ ટકા સુધીનો ધારો કરવા માટે અનુરોધ કર્યો છે. કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણને પાઠવેલા આવેદનપત્રમાં સોપાનાં ચેરમેન દેવીશ જૈને જણાવ્યું હતું કે સસ્તી આયાત અને સ્થાનિકમાં દબાણ હેઠળ રહેલા તેલીબિયાંના ભાવને કારણે ખેડૂતોમાં તેલીબિયાંનો પાક લેવામાં ઉત્સાહ નથી રહેતો. આથી અમે તમને કસ્ટમ ડ્યૂટીના માળખામાં હસ્તક્ષેપ કરીને આયાત ડ્યૂટી ઓછામાં ઓછી ૧૦ ટકા સુધી વધારવા અનુરોધ કરીએ છે.

ખેડૂતોને તેલીબિયાના નીચા ભાવ મળી રહ્યા હોવાથી તેઓનો પાક લેવામાં નિરુત્સાહ રહેતાં આ વર્ષે દેશમાં સોયાબીનનો વાવેતર વિસ્તાર પાંચ ટકા જેટલો ઘટ્યો છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વર્તમાન સમગ્ર માર્કેટિંગ મોસમમાં સોયાબીનના ભાવ લઘુતમ ટેકાના ભાવ કરતાં નીચી સપાટીએ રહ્યા હોવાથી સરકારને પ્રાપ્તિ પ્રક્રિયા હાથ ધરવા ફરજ પડી હતી. ગત મે મહિનામાં સરકારે સ્થાનિક રિફાઈનિંગને પ્રોત્સાહન આપવા અને ફુગાવો અંકુશમાં રાખવા માટે ક્રૂડ સોયાબીન સહિતનાં ક્રૂડ ખાદ્યતેલ પરની આયાત જકાત જે ૨૦ ટકા હતી તે ઘટાડીને ૧૦ ટકા કરી હતી. જોકે, રિફાઈન્ડ ખાદ્યતેલ પરની જકાત ૩૫.૭૫ ટકાની સપાટીએ યથાવત્ રાખી હતી.

સોપાના મતાનુસાર સરકારી પ્રાપ્તિ પછી પણ નુકસાની કરીને સ્ટોક હળવો કરવો પડ્યો હતો. વધુમાં વર્તમાન પાકની સ્થિતિને ધ્યાનમાં લેતા સરકાર આ વર્ષે પણ સોયાબીનની પ્રાપ્તિ કરવી પડશે જેનો રૂ. ૫૦૦૦ કરોડ કરતાં વધુ ખર્ચ થશે. વધુમાં હાલ સોયાબીન તેલના ભાવ નીચી સપાટીએ રહે તેમ હોવાથી ફુગાવા પર તેની અસર નહીં પડે. સાથે સાથે ગ્રાહકોના હિતનું સમતુલન પણ જરૂરી છે. ગ્રાહકો સામાન્ય વળતરદાયી ભાવ ચુકવવા તૈયાર હોય છે. આથી જો સ્થાનિકમાં તેલીબિયાંના ઉત્પાદનમાં વધારો થાય તો આયાત નિર્ભરતામાં પણ ઘટાડો થશે, એમ એસોસિયેશને યાદીમાં ઉમેર્યું હતું. વધુમાં સોપાએ દલીલ કરતાં જણાવ્યું હતું કે લાંબા સમયગાળા સુધી શૂન્ય અને અથવા તો નીચી આયાત જકાતથી થતી આયાતને કારણે સ્થાનિકમાં સમગ્ર દેશનાં તેલના અર્થતંત્ર પર માઠી અસર પડતી હોય છે. આથી સરકારે ગ્રાહકોના હિત જાળવવાની સાથે ખેડૂતોનાં હિતની રક્ષા કરવા માટે તાકીદના ધોરણે આયાત જકાતમાં વધારો કરવો જરૂરી હોવાનું આવેદનમાં ઉમેર્યું હતું. ■



# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૩.૫૧ અબજ ડૉલરનો ઉછાળો

મુંબઈઃ ગત ૨૯મી ઑગસ્ટના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૩.૫૧ અબજ ડૉલરના ઉછાળા સાથે ૬૯૪.૨૩ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ તાજેતરમાં સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૧.૬૮૬ અબજ ડૉલર વધીને ૫૮૩.૯૩૭ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૧.૭૬૬ અબજ ડૉલર વધીને ૮૬.૭૬૯ અબજ ડૉલરના સ્તરે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ચાર કરોડ ડૉલર વધીને ૧૮.૭૭૫ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧.૮ કરોડ ડૉલર વધીને ૪.૭૪૯ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. ■

## ગુજરાત

# અમદાવાદમાં કુલ ૩૯ ઈંચથી વધુ વરસાદ નોંધાયો, સાબરમતી રિવરફ્રન્ટનો વોકવે ડૂબ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં શનિવારથી શરૂ થયેલી મેઘસવારી રવિવારે પણ યથાવત્ રહી હતી. અમદાવાદ શહેરમાં શનિવારથી રાતથી અવિરત વરસાદ વરસી રહ્યો છે. રવિવાર સવારથી વરસાદી માહોલ વચ્ચે શહેરમાં સરેરાશ બે ઇંચ જેટલો જ વરસાદ વરસ્યો હોવાથી અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જેથી વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. રવિવાર હોવાના કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને કર્મચારીઓ રજા પર હોવાથી પાણીના નિકાલમાં વિલંબ થયો હતો, જેના કારણે નાગરિકોની મુશ્કેલીઓમાં વધારો થયો હતો. શહેરના જૂના વાડજ વિસ્તારમાંથી ૨૫ કુટુંબો અને વાસણા સ્મશાન વિસ્તારમાંથી ચાર કુટુંબોને સહી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

### સાબરમતી નદીના જળસ્તરમાં નોંધપાત્ર વધારો

ઉપરવાસમાં થયેલા ભારે વરસાદ અને સંત સરોવર તેમ જ ધરોઈ ડેમમાંથી કુલ એક લાખ ક્યુસેકથી વધુ પાણી છોડવામાં આવતા સાબરમતી નદીના જળસ્તરમાં નોંધપાત્ર વધારો થયો હતો. જેના પરિણામે અમદાવાદ રિવરફ્રન્ટના વોકવે પર પાણી ફરી વળ્યા હતા. સુરક્ષાના ભાગરૂપે વોકવે પર પોલીસ બંદોબસ્ત ગોઠવી લોકોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. રિવરફ્રન્ટ ઇસ્ટ પોલીસ દ્વારા માઇક વડે જાહેરાત કરીને સતત જાહેર જનતાને સાબરમતી રિવરફ્રન્ટ નજીક દિવાલ પાસે ન આવવા સૂચના આપવામાં આવી હતી.

વાસણા બેરેજના ૩૦માંથી ૨૮ દરવાજા ખોલી દેવામાં આવ્યા હતા.

શહેરમાં શનિવાર રાત્રિ દરમિયાન દોઢથી બે ઇંચ વરસાદ નોંધાયા બાદ, રવિવારે સવારથી બપોરના ૨ વાગ્યા સુધી વરસાદ ચાલુ રહ્યો હતો. આ સમયગાળામાં રાણીપમાં સૌથી વધુ પોણા ત્રણ ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. પૂર્વ વિસ્તારના નરોડા, સરદારનગર, કોતરપુર, દૂધેશ્વર, કાલુપુર, અસારવા, વટવા, લાંભા, મણિનગર, જશોદાનગર સહિતના વિસ્તારોમાં બે ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં આ સિઝનનો કુલ ૩૯.૩૫ ઇંચ વરસાદ પડી ચૂક્યો છે, જે સિઝનના સામાન્ય ૩૫ ઇંચના વરસાદ કરતાં ૧૦૦ ટકાથી પણ વધુ છે.

વરસાદના કારણે શહેરમાં અનેક સ્થળોએ પાણી ભરાયા હતા. ચાંદખેડા પોલીસ સ્ટેશનની ગોદરેજ ગાર્ડન સિટી પોલીસ ચોકી આગળ અને સેવી સ્વરાજ ફ્લેટની બહારના રસ્તાઓ પર પાણી ભરાયા હતા, જેના કારણે વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી હતી. આ ઉપરાંત, ભદ્રકાળી મંદિર પાસે, લાલ દરવાજા બજાર અને સરદાર બ્રિજ નીચે પણ પાણી ભરાતા વાહનવ્યવહાર ખોરવાયો હતો. રાણીપના ચેનપુરથી ડી કેબિન તરફ જતા સાંકડા રસ્તાઓ પર પણ પાણી ભરાવાની સમસ્યા જોવા મળી હતી, જ્યાં પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવે પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી.

બોપલ વિસ્તારમાં ઇસ્કોન ગાંઠિયા નજીક આવેલી સરસ્વતી હૉસ્પિટલ પાસેની એક કન્સ્ટ્રક્શન સાઇટની દિવાલ ધરાશાયી થઈ હતી. આ ઘટનામાં પાર્કિંગમાં ઊભેલી ત્રણ ગાડીઓ બાજુમાં આવેલી કન્સ્ટ્રક્શન સાઇટના ખાડામાં પડી હતી. ભારે વરસાદના કારણે ભૂવો પડયો હોવાથી હૉસ્પિટલના પાર્કિંગની દીવાલ ધસી પડી હતી. સદનસીબે, ગાડીઓમાં કોઈ ન હોવાથી જાનહાનિ ટળી હતી. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમને સ્થળ પર મોકલવામાં આવી હતી. ■

# દાંતા, ખેડબ્રહ્મા અને અમીરગઢમાં નદીના પ્રવાહમાં ફસાયેલા ૧૮ લોકોને ઉગારાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત અને ઉપરવાસમાં સતત પડી રહેલા વરસાદને કારણે રાજ્યની નદીઓ બે કાંઠે વહી હતી. અનેક ડેમના દરવાજા ખોલવામાં આવતા નદીઓમાં પાણીનો પ્રવાહ વધી ગયો હતો, જેના કારણે બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં અનેક લોકો નદીમાં ફસાઈ ગયા હતા. એસડીઆરએફ અને એનડીઆરએફની ટીમોએ તાત્કાલિક કાર્યવાહી કરીને કુલ ૧૮ લોકોને સુરક્ષિત રીતે બચાવી લીધા હતા.

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના મંડાલી ગામ પાસે સાબરમતી નદીના પાણીમાં આઠ લોકો ફસાઈ ગયા હોવાની માહિતી મળતા જ એસડીઆરએફની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. નદીમાં ભારે પ્રવાહ હોવા છતાં, જવાનોએ બહાદુરીપૂર્વક રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું અને તમામ આઠ લોકોને સલામત બહાર કાઢ્યા હતા. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. તે ઉપરાંત સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાના રતનપુર ગામ નજીક સાબરમતી નદીના ધસમસતા પાણીમાં નવ લોકો, જેમાં બે પુરુષ, ચાર મહિલા અને ત્રણ બાળકો ફસાયા હતા. આ અંગેની જાણ એનડીઆરએફની ટીમને થતાં તેઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને સફળ ઓપરેશન પાર પાડીને તમામ નવ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

આ સિવાય, બનાસકાંઠાના અમીરગઢ પાસે બનાસ નદીની વચ્ચે ફસાયેલા એક યુવકને પણ એસડીઆરએફ ટીમ અને મામલતદાર કચેરીના સ્ટાફની મદદથી સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરવામાં આવ્યો હતો. મેશ્વો નદીમાં ભારે પૂરની પરિસ્થિતિ સર્જાતા દહેગામ તાલુકાના હરસોલી ગામના ૨૩ લોકોનું તંત્ર દ્વારા સુરક્ષિત સ્થળાંતર કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના જૂના કોબા વિસ્તાર ખાતે આવેલા દંતાલી વાસના ૬૯ લોકોનું શેલ્ટર હોમ ખાતે સુરક્ષિત સ્થાળાંતર કરવામાં આવ્યું હતું. ભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્રએ લોકોને બિનજરૂરી રીતે નદી, નાળાં, કોઝવે કે નીચાણવાળા વિસ્તારમાં ન જવાની અપીલ કરી હતી. ■

# નવસારીમાં નોકરી પર જઈ રહેલા બે યુવાનોને ડમ્પર ચાલકે કચડ્યા, ઘટનાસ્થળે જ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારીમાં એક ડમ્પર ચાલકે બે યુવાનોને અડફેટે લીધા હતા. બંને યુવાનો નવસારીથી નોકરી માટે બાઇક પર જઈ રહ્યા હતા આ દરમિયાન મરોલી ચાર રસ્તા નજીક ડમ્પર ચાલકે અડફેટે લેતા બંને યુવાનોને ગંભીર ઇજાઓ પહોંચતા મૃત્યુ નીપજ્યું હતું. બંને યુવાનોના મૃત્યુથી પરિવાર ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

મળતી માહિતી અનુસાર નવસારીથી બે યુવકો સુરતના સચિન ખાતે નોકરી પર જવા માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન મરોલી ચાર રસ્તા નજીક એક ડમ્પર ચાલકે બંને બાઇક સવાર યુવાનોને અડફેટે લેતા બંને યુવાનો રોડ પર પટકાયા હતા, જેના કારણે બંને યુવકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અને બંને યુવાનોનું ઘટના સ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માતના બનાવની જાણ થતાની સાથે જ પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવકોની ઓળખ નવસારીના શેખ જુબેર ફકીરભાઈ (ઉં. વ. ૨૭) અને જલાલપોરના પ્રદીપ ડેડાણીયા (ઉં. વ. ૩૧) તરીકે થઈ હતી. બંને યુવકો સચિન ખાતે કંપનીમાં નોકરી કરતા હોય બંને યુવકો બાઈક પર નોકરી પર જઈ રહ્યા હતા તે દરમિયાન આ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતને પગલે મરોલી પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ■

# બગોદરા-બાવળા હાઈવે પર ગમખ્વાર અકસ્માત

## ચોટીલાથી દર્શન કરી પરત ફરતા બેનાં મોત, બે ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ-અમદાવાદ નેશનલ હાઇવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બગોદરા-બાવળા હાઈવે પર પૂરઝડપે જઈ રહેલી કાર પલ્ટી ખાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બે લોકોનાં મૃત્યુ નીપજ્યા હતાં જ્યારે બે લોકો ઇજાગ્રસ્ત થયા હતા. આ અકસ્માતની ઘટના રામનગરના પાટીયા નજીક સર્જાઇ હતી. મળતી વિગતો અનુસાર, આ અકસ્માતની ઘટના નેશનલ હાઇવે પરના રામનગર ગામના પાટીયા નજીક સર્જાઈ હતી. જેમાં કારનું ટાયર ફાટતા કારચાલકે સ્ટિયરીંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો અને તેની કાર હાઇવે પરના પાણી ભરેલા ખાડામાં ખાબકી હતી. જેમાં બે લોકોનાં મૃત્યુ થયાં હતાં. જ્યારે બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતની ઘટનાની જાણ થતાની સાથે પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે કારમાં સવાર લોકો અમદાવાદના હતા. તમામ લોકો ચોટીલા પૂનમ ભરીને પરત ફરી રહ્યા હતા તે દરમિયાન આ અકસ્માત સર્જાયો હતો. ■

# સુરતમાં ૨૧ કૃત્રિમ તળાવોમાં શ્રીગણેશજીની ૮૦ હજારથી વધુ મૂર્તિઓનું ઈકો-ફ્રેન્ડલી વિસર્જન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં પર્યાવરણની જાળવણી માટે સુરત મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલી પહેલને ભવ્ય સફળતા મળી છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ અને સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડની ગાઈડલાઈન મુજબ, શહેરના ૨૧ કૃત્રિમ તળાવોમાં ઇકો-ફ્રેન્ડલી પદ્ધતિથી ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૬ વાગ્યાથી ૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦ વાગ્યા સુધીમાં કુલ ૭૯,૮૩૫ ગણેશ પ્રતિમાઓનું કૃત્રિમ તળાવોમાં વિસર્જન થયું હતું. આ પ્રશંસનીય પગલાથી તાપી નદી અને અન્ય જળાશયોમાં થતા પ્રદૂષણને અટકાવી શકાયું છે. સુરત મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને કૃત્રિમ તળાવોનો ઉપયોગ કરવા માટે અપીલ કરવામાં આવી હતી, જેને લોકોએ સારો પ્રતિસાદ આપ્યો હતો. શહેરના વિવિધ વિસ્તારોમાં બનાવેલા તળાવો પર વિસર્જનની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી, જેથી લોકોને કોઈ અગવડ ન પડે. આ સફળ આયોજન પર્યાવરણ પ્રત્યે સુરતના લોકોની જાગૃતિ અને જવાબદારી દર્શાવે છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ-૨૦૨૫ માં કૃત્રિમ તળાવોમાં કરવામાં આવેલ ગણેશજીની પ્રતિમાઓનાં વિસર્જનની આપવામાં આવેલી માહિતી અનુસાર અઠવા ઝોનમાં ૪૦૧૨ મૂર્તિઓ, વરાછા ઝોન એમાં ૫૮૭૦ મૂર્તિઓ, વરાછા ઝોન બીમાં ૮૦૭૨ મૂર્તિઓ, લિંબાયત ઝોનમાં ૨૪૪૬૬ મૂર્તિઓ, ઉધના ઝોન એમાં ૩૭૫૬ મૂર્તિઓ, ઉધના ઝોન બીમાં ૧૬૩૫ મૂર્તિઓ, રાંદેર ઝોનમાં ૩૪૩૩ મૂર્તિઓ, કતારગામ ઝોનમાં ૧૦૬૫૭ મૂર્તિઓ તેમજ ઓવારા ખાતે ૯૩૨૩ મૂર્તિઓની વિસર્જન કરવામાં આવ્યું હતું.

તે ઉપરાંત સ્વચ્છ શહેરના બહુમાનને યથાવત્ રાખવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા વિસર્જન બાદ તાત્કાલિક સફાઈ અભિયાન આદરી દેવાં આવ્યું હતું. વિસર્જન બાદ તમામ ૯ ઝોનમાં કુલ ૩૬૮ રૂટ પરથી ૩,૮૦૦ જેટલા સફાઈ કર્મચારીઓ, ૩૦૦ સુપરવાઇઝર્સ, ૨૦ ટ્રક અને મશીનરી સાથે તેમજ ૫૦૦ જેટલા વાહનો દ્વારા સફાઈ શરૂ કરવામાં આવી હતી. ■

નવમા પાનાનું ચાલુ

## વિઘ્નહર્તાની

ગણેશવિસર્જન પૂરું થયું થતા પાલિકા પ્રશાસન, પોલીસ સહિત તમામ લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. પાલિકાએ આપેલા આંકડા મુજબ ૧૧ મા દિવસે રવિવાર સવાર સુધીમાં કુલ ૩૬,૬૩૨ મૂર્તિના વિસર્જન થયા હતા, જેમાં સાર્વજનિક મંડળના કુલ ૫,૮૫૫, ઘરના ૩૦,૪૬૮ અને ગૌરી મૂર્તિના ૩૦૯ વિસર્જન થયા હતા. પાલિકાએ આપેલા આંકડા મુજબ મુંબઈમાં આ વર્ષે ગણેશોત્સવમાં રવિવાર સાત સપ્ટેમ્બર, ૨૦૨૫ના સાંજના છ વાગ્યા સુધીમાં આ વખતે ૧,૯૭,૧૧૪ મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

## શિંદેએ શ્રેય

ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે એક ટીમ તરીકે કામ કરી રહ્યા છે.

અહીં ઉલ્લેખનીય છે કે શનિવારના મોટા ભાગના અખબારોમાં એક જાહેરાતમાં ફડણવીસ છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરતા દેખાય છે, આવી જ એક બીજી જાહેરાતમાં તેઓ ૧૦ દિવસના ગણપતિ ઉત્સવના છેલ્લા દિવસે અનંત ચતુર્દશીના અવસરે ભગવાન ગણેશને નમસ્કાર કરતા દેખાય છે. બંને જાહેરાતોમાં નીચે ફક્ત મરાઠીમાં ‘દેવાભાઉ’ એમ એક જ શબ્દ લખવામાં આવ્યો છે. આ જાહેરાતોને કોણે છપાવી છે તે જાણી શકાયું નથી. થાણેમાં એક જાહેર કાર્યક્રમ દરમિયાન પત્રકારોએ જ્યારે આ મુદ્દે શિંદેને એવા સવાલ કરવામાં આવ્યા કે શું આ જાહેરાતો મુખ્ય પ્રધાન ફડણવીસ દ્વારા પોતાને મરાઠા અનામતના શિલ્પી તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે?

ત્યારે તેનો જવાબ આપતાં શિંદેએ કહ્યું હતું કે, ‘અમે શ્રેય લેવાની દોડમાં નથી... ભલે તે મરાઠા સમુદાય હોય કે અન્ય પછાત વર્ગ (ઓબીસી) સમુદાય, તેમને ન્યાય પહોંચાડવાનું કામ મહાયુતિ સરકારે કર્યું છે. આ કાર્યની પહોંચપાવતી ગઈ વિધાનસભાની ચૂંટણીમાં મળી ચૂકી છે.’

‘હવે દેવેન્દ્રજી અને મેં એક ટીમ તરીકે અમારી બીજી ઇનિંગ શરૂ કરી છે. અમારો એજન્ડા એ જ છે - રાજ્યનો વિકાસ અને ગરીબો અને જરૂરિયાતમંદોને મદદ કરવી,’ એમ તેમણે કહ્યું હતું. મરાઠા અનામતનો મુદ્દો તાજેતરમાં ફરી એકવાર રાજ્યમાં ચકચાર પામ્યો હતો, જેમાં કાર્યકર્તા મનોજ જરાંગેએ માંગણી માટે દબાણ કરવા માટે મુંબઈમાં પાંચ દિવસની ભૂખ હડતાળ કરી હતી.

૨૯ ઓગસ્ટે વિરોધ શરૂ કરનારા જરાંગેએ રાજ્ય સરકારે તેમની મોટાભાગની માંગણીઓ સ્વીકાર્યા બાદ ૨ સપ્ટેમ્બરે તેને પાછી ખેંચી લીધી હતી. મડાગાંઠ સમાપ્ત થયા પછી, ફડણવીસે કહ્યું હતું કે સરકારે મરાઠા સમુદાયના હિતમાં ઉકેલ શોધી કાઢ્યો છે. શાસક મહાયુતિ ગઠબંધનમાં ભાજપ, શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)નો સમાવેશ થાય છે.

## લાલબાગ ચા રાજાની વિદાય

અત્યાર સુધીમાં કાલાચોકી પોલીસ સ્ટેશનમાં સોનાની ચેન-મંગળસૂત્રો અને મોબાઈલ ફોન્સ ચોરીના ૨૦ એફઆઈઆર નોંધાયા હતા. લોઅર પરેલમાં રહેતો અજય ચવાણ બાપ્પાના દર્શન માટે પરિવાર સાથે લાલબાગ ચા રાજાના મુખ્ય ગેટ નજીક ઊભો હતો. ભીડમાં અજાણ્યા શખસે તેના ગળામાંથી સોનાની ચેન આંચકી લીધી હતી. ચવાણે ત્રણ તોલા સોનાની ચેન ગુમાવી હતી. એ જ રીતે માહિમથી આવેલી ઉજ્વલા સાવંત ગણપતિના દર્શન માટે શ્રોફ બિલ્ડિંગ પાસેની ભીડમાં ઊભી હતી. તે સમયે અજાણ્યો ગઠિયો સાવંતનું દોઢ તોલાનું મંગળસૂત્ર આંચકી ગયો હતો. સાવંત ભીડમાંથી બહાર નીકળી ત્યારે તેને ચોરીની જાણ થઈ હતી. કાલાચોરીમાં જ રહેતા ચૈતન્ય પવારની માતાએ પણ બે તોલાનું મંગળસૂત્ર ગુમાવ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ નેરુળમાં રહેતી સુષમા સરફરે, કાલાચોકીના સમીર દળવી, કરી રોડના મારુતિ ચૌગુલેના મોબાઈલ ફોન ચોરાયાની ફરિયાદ મળી હતી. આ મામલે ૧૧ શકમંદને તાબામાં લઈ તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે.

## લાલબાગ ચા રાજાનું

વાગે ગિરગામ ચોપાટી પર તેની સવારી આવી ગઈ હતી. સવારના આરતી કર્યા બાદ તેનું વિસર્જન અપેક્ષિત હતું પણ મંડળને ભરતી અને ઓટનો અંદાજો નહીં હોવાને કારણે અને વ્યસ્થિત નિયોજનના અભાવે તેનું વિસર્જન હંમેશાં મુજબ સવારના થઈ શક્યું નહોતું. મંડળના પદાધિકારીના જણાવ્યા મુજબ અગાઉ જે તરાફા પર લાલબાગચા રાજાને લઈ જવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા, તે તરાફા પર પણ મૂર્તિ બરોબર બેસી શકી નહોતી. એ બાદ લગભગ આઠેક કલાકની ભારે જહેમત બાદ બીજા તરાફા પર મૂર્તિને બેસાડવામાં આવી હતી પણ આ દરમયાન ઓટ અને ભરતીના ચક્કરમાં મૂર્તિને અંદર દરિયામાં લઈ જવામાં અડચણ આવી હતી. રાતના ભરતી દરમયાન ૧૦.૩૦ વાગ્યા બાદ તેને વિસર્જન માટે લઈ જવામાં આવ્યા હતા.

## દહિસરની ઈમારતમાં

રહેવાસી ફસાઈ ગયા હતા. ધુમાડાને કારણે ફાયરબ્રિગેડને પણ રહેવાસીઓને બહાર કાઢવામાં અનેક અડચણો આવી હતી. હાઈડ્રોલિક પ્લેટફોર્મ (સીડી), એરિયલ લેડર પ્લેટફોર્મ સહિત ટર્નટેબલ લેડર અને હાઈ-રાઈઝ ફાયર ફાઈટિંગ વેહીકલની મદદથી ઉપરના માળા પર ફસાયેલા રહેવાસીઓને બહાર કાઢવામાં આવ્યા હતા. ભારે જહેમત બાદ ફાયરબ્રિગેડે તમામ રહેવાસીઓને બહાર કાઢ્યા હતા. ધુમાડો તેમના શ્વાસમાં જવાને કારણે લગભગ ૧૯ રહેવાસીઓને શ્વાસ લેવામાં તકલીફ થતા તેમને જુદી જુદી હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા, જેમાં ઉપરના માળા પર રહેતા ૮૦ વર્ષની સિનિયર સિટિઝન મહિલાનું મૃત્યુ થયું હતું. પ્રાથમિક માહિતી મુજબ શ્વાસમાં ધુમાડો જવાને કારણે તેમનું મૃત્યુ થયું હતું. તો અન્ય પાંચથી છ લોકો ગંભીર હાલતમાં જુદી જુદી હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે.

પાલિકાએ આપેલી માહિતી મુજબ નજીક આવેલી રોહિત હૉસ્પિટલ (ખાનગી)માં સાત રહેવાસીઓને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા, જેમાં ૮૦ વર્ષના વૃદ્ધાને મૃત જાહેર કરવામાં આવ્યાં હતાં. તો એકની હાલત ગંભીર છે. અન્ય પાંચની હાલત સ્થિર છે. તો નોર્થન કેર હૉસ્પિટલમાં ૧૦ લોકોને દાખલ કરવામાં આવ્યા હતા અને તેમના પર હાલ સારવાર ચાલી રહી છે. પાલિકા સંચાલિત શતાબ્દી હૉસ્પિટલમાં એકને દાખલ કરવામાં આવ્યો હતો.

## ચાર તણાયા,

તેમના પર સારવાર ચાલી રહી છે, જેમાં ૨૦ વર્ષના સુભાંશુ કામત, ૨૦ વર્ષના તુષાર ગુપ્તા, ૪૯ વર્ષના ધરમરાજ ગુપ્તા, ૧૪ વર્ષનો કરન કનોજીયા અને છ વર્ષા બાળક અનુષ ગુપ્તાનો સમાવેશ થાય છે.

રાજ્યના પુણે જિલ્લાના ચાકણ વિસ્તારમાં ત્રણ અલગ અલગ ઘટનામાં વિસર્જન દરમ્યાન પાણીમાં ચાર લોકો ડૂબી ગયા હતા. બે લોકો વાકી ખુરાડમાં આવેલી ભામા નદીમાં તણાઈ ગયા હતા. એક યુવક શેલ પિમ્પલગાવમાં પાણીમાં તણાઈ ગયો હતો. તો ચોથો બનાવ પુણે ગ્રામિણ વિસ્તારમાં બિરવાડીમાં બન્યો હતો, જેમાં એક યુવક કૂવામાં વિસર્જન સમયે લપસીને પડી ગયો હતો. આ ચાર દુર્ઘટનામાંથી મે જગ્યાએ જ રવિવાર મોડે સુધી બેના જ મૃતદેહ હાથ લાગ્યા હતા. તો અન્ય બેનો કોઈ પત્તો લાગ્યો નહોતો.

રાજ્યના નાંદેડ જિલ્લાના ગડેગાંવમાં આવેલી નદીમાં ત્રણ લોકો તણાઈ ગયા હતા, તેમાંથી એકને બચાવી લેવામાં સફળતા મળી હતી. તો બીજા બેનો કોઈ પત્તો લાગ્યો ન હોવાનું પોલીસે જણાવ્યું હતું.

નાશિકમાં પણ વિસર્જન દરમ્યાન ચાર લોકો તણાઈ ગયા હતા, જેમાંથી એકનો મૃતદેહ સિન્નારમાં હાથ લાગ્યો હતો. જળગાંવમાં જુદા જુદા બનાવમાં ત્રણ લોકો પાણીમાં તણાઈ ગયા હતા. સ્થાનિક પોલીસને જણાવ્યા મુજબ મોડે સુધી તેમનો કોઈ પત્તો લાગ્યો નહોતો.

થાણે જિલ્લામાં વિસર્જન જુદા જુદા વિસ્તારમાં ત્રણ લોકો તણાઈ ગયા હતા, તેમાંથી એકનો મૃતદેહ હાથ લાગ્યો હતો. બાકીના લોકોની મોડે સુધી શોધખોળ ચાલી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું. અમરાવતી જિલ્લામાં પણ ગણેશમૂર્તિના વિસર્જન દરમ્યાન એક વ્યક્તિ પાણીમાં તણાઈ ગયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ શનિવારે અનંત ચતુર્દશીના વિસર્જન દરમ્યાન રાજ્યના અનેક જિલ્લામાં ભારે વરસાદ પડી રહ્યો હતો અને નદી, તળાવો સહિત કુદરતી સ્રોતમાં પાણીનું સ્તર પણ વધી ગયું હતું, તેથી નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સને તહેતાન કરવામાં આવી હતી.

## પાલઘરમાં ત્રણને બચાવી લેવામાં

પાશહમાં ગણેશવિસર્જન દરમ્યાન ખાડીમાં ત્રણ લોકો તણાઈ ગયા હતા. જોકે રો-રો બોટની મદદથી તેમને તરત બચાવી લેવામાં આવ્યા હોવાનું મેરિટાઈમ ઓથોરિટીએ રવિવારે જણાવ્યું હતું. આ બનાવ શનિવારે બપોરના ત્રણ વાગે વિરાર (પશ્ચિમ)માં નારંગી જેટ્ટી પાસે બન્યો હતો, જેમાં ત્રણ લોકો મૂર્તિનું વિસર્જન કરી રહ્યા હતા ત્યારે તેમાંથી એકનો પગ લપસી જતા તે ખાડીમાં પડી ગયો હતો. તેના બચાવવા માટે બીજા બે લોકોએ ખાડીમાં ઝંપલાવી દીધું હતું અને પાણીમાં તણાઈ ગયા હતા. એ સમયે દરિયામાં ઓટ હોવાથી તેઓ જેટીથી દૂર પાણીમાં અંદર તણાઈ ગણાયા હતા અને પાણીમાં ડૂબવા માંડ્યા હતા. મહારાષ્ટ્ર મેરીટાઈમ બોર્ડ પોર્ટને તેની જાણ થતા તેઓએ તરત ત્યાં નજીક રહેલી રો-રો બોટ સર્વિસને મોકલી હતી. રો-રોએ તરત ઘટના સ્થળે પહોંચીને તેમને ભારે જહેમત બાદ ટૂંકા ગાળામાં શોધી કાઢ્યા હતા. ત્રણેયને સુરક્ષિત રીતે પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને પાછા જેટી પાસે લઈ જવામાં આવ્યા હતા.

## હૈદરાબાદ ગેઝેટ

જે સ્થિતિ સર્જાઈ છે તેને પગલે હવે રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ આ જ નિર્ણય ઉલટાવી નાખે તેવી શક્યતા છે. કારણ કે આ નિર્ણય બાદ રાજ્યમાં ઓબીસીની સાથે બંજારા સમુદાય પણ અનામત માટે લડવા માટે રસ્તા પર ઉતરવાની તૈયારી કરી રહ્યો છે. બંજારા સમુદાયે સરકારને ચેતવણી આપી છે કે હૈદરાબાદ ગેઝેટ મુજબ બંજારા સમુદાયને તાત્કાલિક એસટી (અનુસૂચિત જનજાતી)ની શ્રેણીમાં સામેલ કરવામાં આવે, નહીં તો અમે શેરીમાં ઉતરીશું.

રાજ્યમાં મહાયુતિ સરકારે એવું વલણ અપનાવ્યું હતું કે અમે મરાઠા સમુદાયના અનામત મુદ્દાને ઉકેલ્યો છે અને હવે પણ ઉકેલી નાખીશું, પરંતુ ઓબીસી સમુદાયના અનામતને નુકસાન કર્યા વગર. આને માટે, હૈદરાબાદ ગેઝેટ લાગુ કરવાનો નિર્ણય લીધો. જોકે, આ નિર્ણય બાદ ઓબીસી સમુદાય આક્રમક બન્યો. સમુદાયના અગ્રણી નેતાઓએ હવે બેવડી લડાઈની જાહેરાત કરી છે. રાજ્યના પ્રધાન છગન ભુજબળે બહિષ્કારનું વલણ અપનાવ્યા બાદ, રાજ્ય સરકારે ઓબીસી માટે સબ-કમિટીની જાહેરાત કરી હતી.

મરાઠા અનામત આપતી વખતે, ઓબીસીને કોઈપણ રીતે નુકસાન પહોંચાડ્યું નથી અને જેમના કુણબી રેકોર્ડ મળી આવ્યા છે તેમને જ અનામતનો લાભ આપવામાં આવશે, એવું રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સ્વીકાર્યું છે.

આ બધાની વચ્ચે મહારાષ્ટ્રમાં બંજારા સમુદાય પણ હવે અનામતની માગણી કરી રહ્યો છે અને સરકારને સીધી ચેતવણી આપી છે. હિંગોલીમાં બંજારા અને શીખ સમાજની સંયુક્ત બેઠક યોજાઈ હતી. આ બેઠક બાદ, જીતેન્દ્ર મહારાજે કહ્યું હતું કે, સરકારે મરાઠા સમુદાયને અનામત આપવા માટે હૈદરાબાદ ગેઝેટ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. સરકારે તાત્કાલિક ધોરણે નિર્ણય પણ લીધો. જોકે, હવે તે જ સરકારે બંજારા સમુદાયને એસટી શ્રેણીમાં સમાવવા માટે હૈદરાબાદ ગેઝેટ લાગુ કરવું જોઈએ.

હૈદરાબાદ ગેઝેટ મુજબ, બંજારા એસટી શ્રેણીમાં પ્રવેશ કરી શકીએ છીએ. તેથી, બંજારા સમુદાયના ધાર્મિક નેતા જીતેન્દ્ર મહારાજે હિંગોલીમાં સરકારને તાત્કાલિક નિર્ણય લેવાની માંગ કરી છે. બંજારા સમુદાયના ધાર્મિક નેતાઓએ એવી પણ ચેતવણી આપી છે કે જો સરકાર નિર્ણય નહીં લે તો રાજ્યના લાખો બંજારા ભાઈઓ રસ્તા પર ઉતરીને પોતાના અધિકાર માટે લડશે.

ઉપરાંત, ધાર્મિક નેતા જીતેન્દ્ર મહારાજે જણાવ્યું હતું કે અમે બંજારા સમુદાયને એસટી શ્રેણીમાં સમાવવા માટે કાનૂની લડાઈ પણ લડીશું. આ કારણે, મહાયુતિ સરકારે મરાઠા સમુદાયને ખુશ કરવા માટે હૈદરાબાદ ગેઝેટ લાગુ કરવાનો નિર્ણય લીધો. હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે આ જ નિર્ણય સરકાર પર ભારે પડ્યો છે. આ બંજારા સમાજને અનુસૂચિત જનજાતીના લાભ આપવાનો વારો આવશે તો સરકારની હાલત કફોડી થઈ જશે.

હજી તો આ ગેઝેટમાં ધનગર સમાજ અંગે પણ કેટલીક નોંધ કરવામાં આવી છે અને તેઓ પણ જો આ ગેઝેટ લાગુ કરવાની માગણી કરશે તો રાજ્ય સરકારની હાલત વધુ કફોડી થવાની શક્યતા જોવાઈ રહી છે. આ બધી બાબતો પરથી આગામી દિવસોમાં રાજ્યમાં વિવિધ સમાજના આંદોલનો જોવા મળે એવી શક્યતા જણાઈ રહી છે.

# હિન્દુ મરણ

**દેસાઇ સઇ સુતાર**

દિહોર નિવાસી હાલ વિલેપાર્લે વેસ્ટ (મુંબઇ) સ્વ. જગજીવનદાસ (બટુકભાઇ) ઉકાભાઇ વાઘેલા તા. ૪-૯-૨૫ના રોજ રામચરણ પામ્યા છે. પ્રભાબેનના પતિ. હરેશભાઇ, કિરીટભાઇ, અશોકભાઇ, ઉર્મિલાબેન, અસ્મિતાબેનના પિતાશ્રી. હર્ષિવ, આશ્વી, નવ્યા, દેવાર્થના દાદાજી. દેવર્ષિ, વિધિ, ક્રીશા, રીશાંતના નાનાજી. તથા મહુવા નિવાસી સ્વ. વેલજીભાઇ હીરાભાઇ ચુડાસમાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૮-૯-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. શ્રી ગુર્જર સુથાર વિશ્વકર્મા બાગ, ૩૬/૩૭, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. લક્ષ્મીબેન ભીમજી રતનશી રૂપારેલ (ગામ વાંકુ)ના નાના પુત્ર મુલરાજ (ઉં.વ. ૮૧) તે સ્વ. કમળાબેન તુલસીદાસભાઇ રંગવાળા ખટાઉ (ગામ કેરા)ના મોટા જમાઇ. સરોજના પતિ. અ. સૌ. નિમીષા હેમેનના પિતા. સંજય અ. સૌ. મમતાના સસરા. તે સ્વ. કૃષ્ણદાસ, સ્વ. નારાયણજી, સ્વ. જયસિં, જગદીશ, સ્વ. દમયંતિ ગણાત્રા, સ્વ. નિર્મલા પંજુઆણી, જયા ચંદનના ભાઇ. તા. ૪-૯-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૮-૯-૨૫ના ૫થી ૭. ઠે. સિગ્નેચર બિઝનેસ પાર્ક, ૨જે માળે, ફાઇનઆર્ટસની નજીક, ચેમ્બુર રાખેલ છે. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ ઐડા તા. અબડાસા સૌ. સરિતા પ્રતાપ મંડળવિજાણા (ઉં. વ. ૫૫) તા. ૫-૯-૨૫ના રામશરણ પામેલ છે. તે મંજુલાબેન ગિરધરલાલ નાનજી મંડળવિજાણાના પુત્રવધૂ. પ્રતાપ ગિ. મંડળવિજાણાના પત્ની. સ્વ. સવિતા નંદકુમાર ધોત્રેની સુપુત્રી. જયના માતુશ્રી. કલ્પના અરવિંદના દેરાણી. કેયા સુનીલની જેઠાણીની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૮-૯-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. મંગલ માંગલ્ય સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર, સોસાયટી રોડ, જોગેશ્વરી સ્ટેશન પાસે, જોગેશ્વરી (પૂર્વ). લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓએ એજ દિવસે આવી જવું.

**કપોળ**

અમરેલી વાળા (હાલ મુંબઈ) - સ્વ. ઇન્દુમતી ચુનીલાલ જીવણલાલ મહેતા ના સુપુત્ર દિનેશભાઈ (ઉં. વ.૭૫) તે દિવ્યા (દિના) બેનના પતિ. તે હિતેશ અને તેજલના પિતાશ્રી તે દર્શના (બેના) અને જસ્મીન રમેશભાઈ સંઘવીના સસરા. તે સ્વ. રમેશભાઈ, સ્વ. જ્યોત્સનાબેન દિલીપકુમાર ચિતલિયા અને ગં. સ્વ. વર્ષાબેન ચેતનકુમાર ગાંધીના ભાઈ. તે ગં. સ્વ. હર્ષાબેનના દિયર. શુક્રવાર - તા. ૫/૯/૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતની પ્રાર્થનાસભા તા. ૮/૯/૨૫ને સોમવારે ૪થી ૬. માધવબાગ એ.સી. હોલ, સી. પી. ટેન્ક, મુંબઈ ૪ ખાતે રાખેલ છે.

**દેસાઈ સઈ સુતાર**

દિહોર નિવાસી હાલ વિલેપાર્લે વેસ્ટ, સ્વ. જગજીવનદાસ (બટુકભાઈ) ઉકાભાઈ વાઘેલા ૪-૯-૨૫ના રોજ રામચરણ પામ્યા છે. પ્રભાબેન ના પતિ. હરેશભાઈ, કિરીટભાઈ, અશોકભાઈ, ઉર્મિલાબેન, અસ્મિતાબેનના પિતાશ્રી. મુકુંદભાઈ અને દિનેશભાઈના કાકા. શાંતિભાઈ વેલજીભાઈ ચુડાસમાના બનેવી. તથા મહુવા નિવાસી સ્વ. વેલજીભાઈ હીરાભાઈ ચુડાસમાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૮-૯-૨૫ના રોજ ૪ થી ૬ ઠે. શ્રી ગુર્જર સુથાર વિશ્વકર્મા બાગ, ૩૬/૩૭, બજાજ રોડ, વિલેપાર્લે વેસ્ટ. લૌકીક પ્રથા બંધ છે

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

યુ.એસ.એ. નિવાસી ગામ નલિયાના ગં.સ્વ.ગૌરીબેન પપનચંદ સોનેજી (ઉં.વ.૯૦) ૨/૯/૨૫ મંગળવારના અવસાન પામ્યા છે. તે સ્વ. પપનચંદ વિશનજી સોનેજીના ધર્મપત્ની. ડો. દક્ષા, અરુણ, હર્ષદ તથા સુનિલના માતુશ્રી. ડો. પ્રબોધ મહેતા, ત્રિપત, શૈલજાના સાસુ. સ્વ.વિશનજી રામજી સોનેજીના પુત્રવધૂ. સ્વ.નાનજી, ડો.જયંત, સ્વ.શાંતિલાલ, રતિલાલ, સ્વ.હરખાબેન પુરૂષોત્તમ લીયા, સ્વ. ગોદાવરીબેન શામજી વીંછી, ગં.સ્વ.પ્રભાબેન રમણીકલાલ ધાંધા, ગં.સ્વ.ત્રિવેણીબેન ઈશ્વરલાલ છાટબાર તથા સ્વ.દમયંતીબેન પ્રફુલભાઈ નિર્મળાના ભાભી. તેમની પ્રાર્થનાસભા સોમવાર તા. ૮-૯-૨૫ના સાંજે ૪ થી ૫ના ઠે. પાંજીવાડી, કાન્જુરમાર્ગ પૂર્વ ખાતે.

**લુહાર સુથાર**

મૂળ ગામ દામનગરવાળા હાલ બોરીવલી સ્વ. મંજુલાબેન તથા વ્રજલાલ બાબુભાઈ સિધ્ધપુરાના પુત્ર સંજયભાઈ વ્રજલાલ સિધ્ધપુરા (ઉ.વ. ૫૭) તા. ૬/૯/૨૫ના રોજ શનિવારે શ્રીજીચરણ પામેલ છે. તેઓ ભારતીબેનના પતિ. દિશાબેન ધ્રુવકુમાર ઠક્કરના પિતાશ્રી. તે સોનલબેન પરેશકુમાર મકવાણા, મનીષાબેન હર્ષદકુમાર ચૌહાણ, અમીબેન રૂષભકુમાર ભીમજીયાણી, શ્વેતાબેન દીપકુમાર મકવાણા, પાર્થના ભાઈ, તેઓ રાજકોટવાળા સ્વ. ઈશ્વરભાઈ ડાયાભાઈ વાઘેલા (ગોડસનવાળા)ના જમાઈ. નીલમબેન નીતિનભાઈ સિધ્ધપુરાના ભત્રીજા. પ્રાર્થનાસભા ૮/૯/૨૫ સોમવારે સાંજે ૫ થી ૭ વાગ્યે સ્થળ : શ્રી લુહાર સુથાર વેલફેર સેન્ટર, અંબાજી મંદિરની પાસે, બોરીવલી (પૂર્વ), લૌકિક પ્રથા બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

અમરેલી નિવાસી હાલ મીરારોડ સ્વ. મગનલાલ ભાણજી પડિયાના ધર્મપત્ની મંજુલાબેન (ઉ.વ.૯૦) તે સુરેશભાઈ, દીપકભાઈ, રમેશભાઈ ચંદ્રિકા ભરત મેરના માતુશ્રી, સ્વ. જેઠાભાઇ, ચંદુભાઈ, ચંપકભાઈ, સ્વ. કમુબેન, લીલીબેન, દિવાળીબેન સતીબેનના ભાભી, ગોંડલ નિવાસી સ્વ. પરમાનંદદાસ છાટબારના દીકરી. તા.૫/૯/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૮/૯/૨૫ ના ૪ થી ૬ સોનિવાડી, શીમ્પોલી સિગ્નલ બોરીવલી વેસ્ટ રાખેલ છે.

**કપોળ**

જાફરાબાદવાળા ચંદ્રકાન્ત આણંદજી મહેતા (ઉં. વ. ૯૦) હાલ કાંદિવલી તા. ૫-૯-૨૫ શુક્રવારના દિને શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. લીલાવંતીબેન આણંદજીભાઇ મહેતાના પુત્ર. સ્વ. વસુમતી ચુનીલાલ વળીયાના પતિ. સંજયના પિતાશ્રી. સ્નેહાના સસરા. ગં. સ્વ. મૃદુલાબેન અમૃતલાલ શેઠ, સ્વ. મનુભાઇ મહેતા, ગં. સ્વ. રંજનબેન મનુભાઇ પારેખ, ગં. સ્વ. જયોત્સનાબેન દોલતરાય ગોરડીયાના મોટાભાઇ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કપોળ**

ભાવનગરવાળા સ્વ. શાંતાબેન ભગવાનદાસ વોરાનાં સુપુત્ર જશવંતભાઇ વોરા (ઉં.વ. ૮૪) ગુરુવાર તા. ૪-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વંદનાબેન વોરાનાં પતિ. તે રાજેન, વિનેશ, મિતેશના પિતાશ્રી. તે ગીતા, પુષ્પા, હેમાલીના સસરા. તે સ્વ. જવાહરભાઇ, સ્વ. ધીરજલાલ, રસીકભાઇ તથા સ્વ. દમયંતીબેન જેઠાલાલ ગાંધીના ભાઇ. તે મકનદાસ છગનલાલ મહેતા (રાજુલાવાળા)ના જમાઇ. પ્રાર્થનાસમાજ સોમવાર, તા. ૮-૯-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. પાવન ધામ, મહાવીર નગર, પાવનધામ રોડ, સચીન તેંડુલકર જીમખાનાની પાસે, કાંદિવલી (વેસ્ટ).

**ઘોઘારી લોહાણા**

મૂળ ગામ ચલાલા, હાલ બોરીવલી મુંબઈ નિવાસી પ્રફુલ્લાબેન વિનોદરાય જોબનપુત્રા, (ઉં વ.૬૮), તા.૫-૯-૨૫ને શુક્રવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જયંતીભાઈ, સ્વ.પ્રભુદાસભાઈ, હસમુખભાઈ, બાબુભાઈ, કિશોરભાઈ, સ્વ.પ્રભાબેન જમનાદાસ મશરૂ, કાંતાબેન બાલુભાઈ તન્ના, સ્વ.ચંપાબેન હસમુખલાલ, ગીતાબેન મહેશકુમાર , રમાબેન ભરતકુમારના ભાભી. સંજય અને દિવ્યેશના મમ્મી, પ્રીતિબેન અને ભાવિકાબેનના સાસુ. તેમ જ સ્વ. હરજીવનદાસ દુલેભજીભાઈ નગદીયાની સુપુત્રી. તેમજ સ્વ.વિનોદભાઈ, વિજયભાઈ નગદીયા, સ્વ.કાશ્મીરાબેન મહેન્દ્રભાઈ રૂપાભીંડા, રેખાબેન શશીકાંત કાનાબાર, રસ્મિતાબેન કિશોરકુમાર રાજાના બહેનની બંને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા ૮-૯-૨૫ને સોમવારના રોજ સાંજે ૫ થી ૭ ઠે. લુહાર સુથાર વાડી, અંબાજી મંદિરની પાસે, રાજહીલ બિલ્ડિંગની સામે, બોરીવલી ઇસ્ટ ખાતે.

**પાવરાઇ ભાટિયા**

ગં. સ્વ. ભાનુમતિ (સુજાતા) સુરસિંહ ભાટિયા (ઉં. વ. ૮૯) હાલ દહીંસર મુંબઇ નિવાસી તા. ૭-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. સૂરસિંહ હરિદાસ ભાટિયાના પત્ની. મિતેશ સૂરસિંહ ભાટિયાના માતુશ્રી. કલ્પા મિતેષ ભાટીયાના સાસુ. કરણ, મિનેશ ભાટીયાના દાદી. સ્વ. જેઠાભાઇ નારાયણજી રાજડાના સુપુત્રી. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. પ્રતાપસિંહ મોતીરામ તન્ના (ઉં.વ. ૮૮) ગામ : નાગલપર હાલે નાશિક સ્વ.અ.સૌ. દમયંતિબેન તન્નાના પતિ. સ્વ. સાકરબેન મોતીરામ તન્નાના સુપુત્ર. સ્વ. કેશરબેન હરીરામ પરબિયાના જમાઇ. (અંજાર), રાજેશ, સ્વ. યોગેશ, હિતેશના પિતાશ્રી. ગં.સ્વ. કમળાબેન મગનલાલ કોઠારી (અંજાર)ના ભાઇ. તા. ૦૫/૦૯/૨૦૨૫ ના રામશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૦૮/૦૯/૨૦૨૫ ને સોમવારે સાંજે ૪ થી ૫:૩૦. સ્થળ: કચ્છી લોહાણા મહાજન વાડી, ડિંડોરી રોડ, પંચવટી, નાશિક, લૌકિક વ્યવહાર બંધ છે બહેનો એ તે દિવસે જ આવી જવું.

**નવગામ ભાટીયા**

વિજય ધીરજલાલ વેદ, (ઉં.વ. ૭૩) ૭/૯/૨૦૨૫, રવિવારના શ્રીજીચરણ પામેલ છે. ઇન્દુબેન ધીરજલાલ વેદના પુત્ર, સ્વ શાંતિલાલ નારાયણદાસ સંપટના જમાઈ. સુરભીબેન, વર્ષાબેન, ઉર્મિલ ભાઈના ભાઈ. ગોપી ઊર્મિલ વેદના જેઠ. કૃષ્ણકાંત તથા, હર્ષદભાઈ જેઠાલાલ ઉદેશીના ભાણેજ. ૮/૯/૨૦૨૫ના સોમવારના રોજ પ્રાર્થનાસભા, ભાટિયા ભાગીરથી, દાદી શેઠ અગિયારી લેન મુંબઈ ૨. મધ્યે રાખેલ છે સમય ૫=૩૦ થી ૬=૩૦.

**દશા સોરઠીયા વૈષ્ણવ વણિક**

અ. સૌ. ઉષાબેન (ઉં. વ. ૭૮) રમેશચંદ્ર ચત્રભુજ ભૂપતાનીના ધર્મપત્ની. હિના કલ્પેશ શેઠ અને રીમા ભૂપતાનીના માતુશ્રી. પિયર પક્ષે નંદલાલ જગજીવનદાસ વસ્તાનીના સુપુત્રી. મધુબેન દોશી, અલકાબેન શાહ, દેવેન્દ્ર વસતાણી, બીના દોશી અને જીતેન્દ્ર વસતાણીના મોટા બહેન. કલ્પેશ શેઠના નાની. તા. ૫-૯-૨૫ના શુક્રવારે શ્રીજીચરણ પામેલ છે. સર્વપક્ષની પ્રાર્થનાસભા તા. ૮-૯-૨૫ સોમવારના સાંજે ૪થી ૬. ઠે. ૧૪૦૨, જય ગુણ સાગર કો. ઓપ. સોસાયટી, ૯૦ ફૂટ રોડ, પ્લોટ નંબર ૫૭, દેવાંગ બિલ્ડિંગની બાજુમાં, ઘાટકોપર (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

# જૈન મરણ

**ઘોઘારી વીસા શ્રીમાળી જૈન**

દાઠા નિવાસી હાલ ડોમ્બિવલી સ્વ. અશ્વીનકુમાર વીનચંદ્ર દોશીના ધર્મપત્ની ભાવનાબેન (ઉં. વ. ૫૧) તે કેમી યશકુમાર યેરીના માતુશ્રી. વર્ષાબેન કિશોરચંદ્ર મહેતા ભાણવડવાળાની સુપુત્રી. તે સ્વ. બીનાબેન જયેશકુમાર મહેતા, હીમાંશુ નીકેશભાઇ, નયના નીલેશકુમાર છેડા, ભાવેશની બહેન. અ. સૌ. કાશ્મીરા, અ. સૌ. દિપાલીના નણંદ. અ. સૌ. નીશી, મીત, મહેક, કુણાલ, આસ્થા, ક્રીયાના ફૈબા તા. ૬-૯-૨૫ના શનિવારના અરિહંતશરણ પામેલ છે. સાદડી સોમવાર, તા. ૮-૯-૨૫ના ૩થી ૫. ઠે. ભાનુશાળી વાડી, ડી. એન. સી. રોડ, ડોમ્બિવલી (ઇસ્ટ).

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

વાવેરા નિવાસી હાલ ડોમ્બીવલી મનસુખલાલ પરમાણંદદાસ શાહના સુપુત્ર, રાકેશભાઈના ધર્મપત્ની નિતાબેન (ઉ.વ.૪૯) તા.૫/૯/૨૫ને શુક્રવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તે જૈનમ તથા શ્વેતા શ્રેણીકકુમારના માતુશ્રી ચંદ્રકાન્તભાઈ, રાજેશભાઈ તથા રંજનબેન નટવરલાલ શાહ મહુવાવાળાના નાના ભાઈના પત્ની. હીતેશ, સંજય, ચિરાગ, રાહુલના કાકી. તથા માનસી, મિતલ, દીપાલીના કાકીજી. તથા પિયર પક્ષે ધીરજલાલ સોમચંદ શાહ રાજુલા વાળાના દિકરી (લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે) રહેઠાણ : ૧૦૨, સાકેત ઈમ્પીરીયલ, મહાવીર હાઈટસની સામે, સાવરકર રોડ, ડોમ્બીવલી (ઈ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

છસરાના અશ્વિન કાનજી દેવજી ગંગર (ઉ.વ.૬૧) ૫-૯-૨૫ના અવસાન પામ્યા છે. શીલાના પતિ. હર્ષ અને જીનલના પિતા. કેસરબેન કાનજીના પુત્ર. સ્વ. નવિન, ડોણના પ્રફુલા અરવિંદ છેડાના ભાઇ. પુષ્પાબેન મેઘજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. એડ્રેસ : શીલા ગંગર, બી-૫૦૫, એસ્ટર અમાયા, યશવંતનગર, વિરાર (વેસ્ટ).

મુંદ્રા હાલે ડોંબિવલીના નિકુંજ હસમુખ કેનિયા (ઉ.વ.૪૦) ૫-૯-૨૫ના અવસાન પામ્યા છે. માતુશ્રી સુંદરબેન ચાંપશી વીરજીના પૌત્ર. કુસુમ હસમુખના સુપુત્ર. કોમલના ભાઈ. કોડાય (ભિવંડી)ના માતુશ્રી. લીલાવંતી જીવરાજ ખીમજી સાવલાના દોહિત્ર. પ્રા.: માધવાશ્રમ મંગલ કાર્યાલય, સુવિધીનાથ દેરાસરની ગલ્લીમાં, રઘુવીર નગર, ડોંબિવલી (ઈ). ટા. ૨ થી ૩.૩૦.

બાડાના શાંતિલાલ નાનજી સામત વિસરીયા (ઉ.વ.૭૭) ૫-૯-૨૫ના અરિહંત શરણ પામ્યા છે. મઠાબેન નાનજી સામતના પુત્ર. સ્વ. રસીકબાળાના પતિ. નીરલ, નેહાના પિતા. ડુંગરશી, કલ્યાણજી, મણીબેન હીરજી, હરખવંતી ગાંગજી, મંજુલા જીતેન્દ્રના ભાઇ. કપાયાના લક્ષ્મીબેન પ્રેમજી રણશી સંગોઈના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિવાસ : શાંતિલાલ વિસરીયા, સી-૬૦૨, સોરેન્ટો, શાંતિ સુધા પાર્ક, ઘાટકોપર (ઈ).

કોટડા (રોહા)ના ભાણબાઇ કાનજી નાગડા (ઉ.વ.૮૬)૬-૯-૨૫ના અવસાન પામેલ છે. મેઘબાઇ શામજી તલકશીના પુત્રવધુ. પુણ્યશ્લોકી કાનજીભાઇના ધર્મપત્ની. લક્ષ્મીચંદ, લક્ષ્મી, ભારતી, લીલમ, મંજુલા, માલતી, કુસુમના માતુશ્રી. દેવપુરના પાનબાઇ ભીમશી ખીંયશીના પુત્રી. જેઠાલાલ, ખેતબાઇ, રતનબાઇ, ગંગાબેનના બહેન. પ્રા. સોમવાર, તા. ૮-૯-૨૫, બપોરે ૨.૦૦ થી ૩.૩૦. સ્થળ : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ શ્રી કરસન લધુ નિસર હોલ, ૧લે માળે, દાદર (વેસ્ટ).

ટુંડાના ડો. એન. કે. શાહ (નાનજી ખીંયશી શાહ) (ઉ.વ. ૯૧) તા. ૩-૯-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. સ્વ. વિમળાબેનના પતિ. લધીબાઈ ખીંયશી વેરશી દેઢિયાના સુપુત્ર. શેફાલી, મેઘાવીના પિતાશ્રી. દેવજી, કોરશી, દેવકાંબેન પ્રેમજી માડણ, લીલબાઈ વાલજી કરમશી, પ્રભાબેન દામજી રવજી, પાનબાઈ વેલજી દેવજી, હીરાવંતી જયંતીલાલ દેવશીના ભાઈ. ભોજાયના રતનબેન ડો. ભાણજી ઉમરશી ગડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. : મેઘાવી અનમ, ૨૮૦૪, રમોના, રૂનવાલ એન્થુરીયમ, એલ.બી. એસ. માર્ગ, મુલુંડ વેસ્ટ.

બિદડા (દ.ફ.)ના શરદ પ્રેમજી કક્કા (ઉ.વ.૭૧) તા.૬-૯-૨૫ના અવસાન પામેલ છે.લક્ષ્મી-લક્ષ્મીબેન પ્રેમજીના પુત્ર. મિનાક્ષીના પતિ. ક્રિના, સાહીલના પિતા. મનોજ, દિનેશ, હેમલતા કાંતીલાલ દેવશી, ગીતા રમણીક મોરારજીના ભાઈ. તુંબડી તારામતી મગનલાલ પ્રેમજી વેલજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુ-ત્વચા દાન કરેલ છે. નિ. મિનાક્ષી કક્કા, બી-૮, બી.એમ. સોસાયટી, અગ્રવાલ હોલની સામે, માનપાડા રોડ, ડોમ્બીવલી, (ઈ).

પત્રીના મહેન્દ્ર ભાણજી દેઢીયા (ઉ. ૭૭) ૬-૯-૨૫ના અવસાન પામ્યા છે. વેલબાઇ ભાણજીના પુત્ર. ભાનુમતીના પતિ. જતીન, ચેતન, અજીત, રીટાના પિતા. ધનજી, પ્રવિણ, હસમુખ, શાંતીલાલ, ભરત, ઝવેર, જ્યોત્સનાના ભાઇ. વાંકી ગંગા લધુના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન સંઘ, એસ.વી.રોડ, કાંદીવલી (વે.) સ. ૩ થી ૪.૩૦.

હાલાપુર/સાંગલી હાલે તલાસરીના રસીકલાલ ખેરાજ મારૂ (ઉ.વ. ૭૪) તા. ૫-૯-૨૦૨૫ના અવસાન પામ્યા છે. તે સ્વ. ઝવેરબેન ખેરાજ શીવજી મારૂના સુપુત્ર. રેખાના પતિ. રૂપા, અજયના પિતા. ગઢશીશાના મધુલક્ષ્મી રમેશ દેઢીયાના ભાઇ. નાના આસંબીયાના સ્વ. મણીબેન રતનશી નાનજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : નમલ્લીનાથ જૈન વિહાર ધામથ તલાસરી, જી. પાલઘર-૪૦૧૬૦૬.

**કાળધર્મ**

શ્રી કચ્છ આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંપ્ર. ગચ્છાધિપતિ પૂ. આચાર્ય દેવજી સ્વામી કાળધર્મ તા. ૫-૯-૨૫ના રોજ પામેલ છે. પૂ. આચાર્ય રાષ્ટ્રસંત છોટાલાલજી મ.સા., વર્તમાન આચાર્ય પૂ.આ. નવિનચંદ્રજી મ.સા., પૂ.પ્રવર્તીની મણીબાઇ મહાસતીજી (ભોજાયવાલા), પૂ. પ્રવર્તીની જયાબાઇ મહાસતીજી (કચ્છ : બિદડા) (ઉ.વ. ૮૮). માતા : વીરાંબેન વીરજી વોરા (કચ્છ : બિદડા) શ્રદ્ધાંજલી-ગુણાનુવાદ સભા : ૧૧-૦૯-૨૫, ટાઇમ : બપોરનાં ૩ થી ૪.૩૦. સ્થળ : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ચીંચપોકલી.

**વિસા શ્રીમાળી જૈન**

મુંબઈ નિવાસી હાલ દહિસર રૂપલ પ્રેમલ શાહ (ઉં. વ.૫૪) શુક્રવાર તા ૫-૯-૨૫ ના રોજ અરિહંતશરણ પામ્યા છે. સ્વ પદમાબેન બિપીન ભાઈનાં પુત્રવધુ. પ્રેમલના પત્ની. પાર્થના માતા. સ્વ હેમલતા બેન મનસુખલાલ મહેતાના સુપુત્રી. દીપેશના બહેન. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી જૈન**

સ્વ. ભાનુમતીબેન જમનાદાસ લવજીભાઈ શાહ (મોભા રોડ નિવાસી)ના પુત્ર જગદીશકુમાર જમનાદાસ શાહ (ઉં. વ. ૭૫) હાલ નાલાસોપારા તે ભુપેન્દ્રભાઈ, નીતીનભાઈ, અશ્વીનભાઈ, ઉષાબેન મહેશભાઈ ઝાટકીયા, જયશ્રીબેન પ્રકાશભાઈ મેઘાણી તથા પ્રજ્ઞાબેન કમલભાઈ શાહના મોટા ભાઈ શુક્રવાર, તા. ૫-૯-૨૦૨૫ના અરીહંતશરણ પામેલ છે. લૌકીક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે. ઠે.: અશ્વીન જે. શાહ, ડી-૨૦૩, આનંદ ધામ કો.ઓ.હા. સોસાયટી, અચોલે ક્રોસ રોડ, સ'યુક્ત નગર, નાલાસોપારા (ઈસ્ટ).

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

પોરબંદર નિવાસી હાલ ભાયંદર ભાવનાબેન તથા કિરીટભાઈ વૃજલાલ સાવડીયા ના પુત્રવધુ ભાવિષા પ્રતિક સાવડીયા (ઉં. વ. ૩૮) તે ચિ. સમર ના માતુશ્રી તથા પિયર પક્ષે ખરસાડ નિવાસી સાધનાબેન તથા સુભાષભાઈ મણિલાલ પટેલના સુપુત્રી અને ચિ. વિક્કીના બહેન તા. ૫-૯-૨૫ના અરિહંત શરણ પામેલ છે. શેત્રુંજય ભાવયાત્રા મંગળવાર તા. ૯-૯-૨૦૨૫ ના રોજ સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન રાજસ્થાન હોલ, ૬૦ ફુટ રોડ, ભાયંદર વેસ્ટ રાખેલ છે.

**ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક દેરાવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ ઘાટકોપર (પૂર્વ) સ્વ. ચીમનલાલ મોહનલાલના ધર્મપત્ની શારદાબેન (ઉં. વ. ૯૪) તે સ્વ. દિનેશભાઇ, હિતેશભાઇ, રેખાબેન, સુધાબેન, સોનલબેનના માતુશ્રી. સ્વ. ચંદ્રિકાબેન, સ્વ. અમીતાબેન ચંદ્રકાન્ત, મહેન્દ્રકુમાર, અજયકુમારના સાસુ. સ્વ. કંચનબેન જગજીવનદાસ, સ્વ. કાંતાબેન ધ્રુવના ભાભી. પિયર પક્ષે લીંબડીવાળા સ્વ. સવિતાબેન હિરાલાલ, સ્વ. લીલાવંતીબેન પદમશીભાઇ, સ્વ. મંજુબેન ભરતભાઇ, સ્વ. ઇન્દુબેન જયંતીલાલના બહેન. અ. સૌ. ઇશા પુરવના દાદી. તા. ૫-૯-૨૫ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. સાદડી લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ગુર્જર જૈન**

ગામ અંજાર (કચ્છ) હાલ ઘાટકોપર નિવાસી ગં. સ્વ. ભાગ્યવંતી કાંતીલાલ શાહ (ઉં. વ. ૮૨) તે શુક્રવાર તા. ૫-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કાંતિલાલ નેમીદાસ શાહના ધર્મપત્ની. સ્વ. નેમીદાસ દામજી શાહના પુત્રવધૂ. તે સ્વ. રાઘવજી પોપટલાલ દોશી (અંજાર)ના સુપુત્રી. તે ચેતન, અમીતા, નીતા, વૈશાલીના માતુશ્રી. તે નંદિની, (ભાવના) સ્વ. હિતેશ, મનીશ, સંજયના સાસુ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૮-૯-૨૫ના ૩થી ૪.૩૦.ઠે.સુમતિ ગુર્જર ભવન, ચેમ્બુર-૭૧.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

પોરબંદર નિવાસી હાલ ભાયંદર ભાવનાબેન તથા કિરીટભાઈ વૃજલાલ સાવડીયાના પુત્રવધૂ, પ્રતિકભાઈના ધર્મપત્ની ભાવિષા પ્રતિક સાવડીયા (ઉં. વ. ૩૮) તે ચિ. સમરના માતુશ્રી તથા પિયર પક્ષે ખરસાડ નિવાસી સાધનાબેન તથા સુભાષભાઈ મણિલાલ પટેલ ના સુપુત્રી .તે ચિ. વિક્કીના બહેન. ૫-૯-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. તેમની શેત્રુંજય ભાવયાત્રા મંગળવાર તા. ૯-૯-૨૫ના રોજ સવારે ૧૦ થી ૧૨ રાજસ્થાન હોલ, ૬૦ ફુટ રોડ, ભાયંદર વેસ્ટ મુકામે રાખેલ છે.

**ગોડવાડ ઓસવાલ શત્રુંજય ભાવયાત્રા**

મરુધરમા કોટ બાલિયાન હાલ મુંબઈ નિવાસી સુશીલાબેન જીવરાજજી કોઠારી (ઉં.વ. ૬૮) અરિહંત શરણ ૭-૯ -૨૫ રવિવાર. તે જીવરાજજી ખીમરાજજી કોઠારીના પત્ની. સ્વ. રત્નાબેન સોહનરાજજી કોઠારી, શાંતીબેન સ્વ. સુકનરાજજી કોઠારીના દેરાણી. રોશનાબેન બાબુલાલજી કોઠારીના જેઠાણી. લલિત, મધુબાલા, વિમલા, સાધના, શકુંતલા, આશા, નીરુ, કલ્પના, શિલાના માતાજી. બબીતા, અરુણજી, સ્વ. મહાવીરજી, દિલીપજી, કિરણજી, સ્વ. વિનોદજી, રાકેશજી, વિજયજી, મહિપાલજી, સંતોષજીના સાસુજી. ભાવયાત્રા ૮-૯-૨૫ સોમવારે સવારે ૧૧ થી ૧. સ્થળ : શ્રી સુમતિનાથ જૈન દેરાસર નૂતન આરાધના ભવન, પાંચમે માળે, નાથલાલ પારેખ માર્ગ, માંડવી (ઇસ્ટ), મુંબઈ ૧૯.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ સાયન શકરીબેન હરજીવનદાસ શાહના પુત્ર અરવિંદભાઇ (ઉં.વ. ૮૫) શનિવાર, તા. ૬-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે કનકબેનના પતિ. સતીષભાઇ, સ્વ.જયોત્સનાબેન, ભારતીબેન-રમેશકુમાર, ચારુબેન-દિલીપકુમારના ભાઇ. ચેતનાબેન-મુકેશકુમાર, ઉર્વીબેન-અજયકુમાર, પ્રીતિબેન-મિલનભાઇ, નીમીષાબેન-હિતેનભાઇ તથા વિશાલભાઇના પિતાશ્રી. સ્વ. લક્ષ્મીચંદ નેણશીભાઇ મહેતાના જમાઇ. અનેરી વૈભવકુમાર, ક્રીના, પંક્તિ-દેવાંગ, હીનલ-રાહીલ, વિધિ-દર્શન, ધારા-પ્રેયલના દાદા. સાયન મુકામે અવસાન પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

રાજકોટ નિવાસી દિલીપભાઇ મનસુખલાલ કામદાર હાલ (અંધેરી) મુંબઇના દીકરી સેજલબેન કામદાર (ઉં. વ. ૫૩) તા. ૫-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મિકીનભાઇના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

બગસરા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. દોલતરાય વસનજી ગાઠાણીના પુત્ર નલિનકાન્તના ધર્મપત્ની નીલાબેન (મધુબેન) (ઉ.વ. ૭૫) અરિહંતશરણ પામેલ છે. તે નીતીનભાઇ, અમિતભાઇના માતુશ્રી. નેહા તથા નીતીના સાસુ. હેઝલ, અનય, વીર અને નીયાના દાદી. વર્ષા મુકેશભાઇ ગાઠાણીના જેઠાણી. જયોતિબેન ભરતકુમાર દોશી અને નીતાબેન નરેશકુમાર વોરાના ભાભી. બીલખા નિવાસી સ્વ. નિર્મળાબેન શાંતિલાલ દોશીના સુપુત્રી. સ્વ. કિરીટભાઇ, સ્વ. જીતુભાઇ, સ્વ. ઇરેશભાઇ, સ્વ. ઇન્દુબેન તથા રાજેશભાઇના બેન. પ્રાર્થનાસભા તા. ૯-૯-૨૫ના મંગળવારે સવારે ૧૦થી ૧૨. ઠે. પારસધામ ૧૮ વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઇસ્ટ).

# પાયદસ્ત

ખુશરૂ જમશેદ દલાલ તે મરહુમ રોશનના ખાવીંદ. તે મરહુમો પીલુ તથા જમશેદજી દલાલના દિકરા. તે નોઝરને ડો. રયોમંદના બાવાજી. તે કેઝાનના સસરા. તે રીયા ને સંકેતના બપાવાજી. તે કેકી, જાલ, રૂસી, હીલ્લા, હોમી ને મરહુમો રતનશાના બનેવી. (ઉં.વ. ૯૦) રે. ઠે. ફલેટ નં. ડી/૨૯૦૨, લોઇડસ એસ્ટેટ, સોલ્ટ પેન રોડ, સંગમ નગર, વડાલા (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૩૭. પાયદસ્ત : તા. ૮-૯-૨૫ના રોજ સવારે ૭.૪૦ કલાકે ઓલબ્લેસ બંગલી ડુંગરવાડી.

# પારસી મરણ

રોશન જહાગીર ભરૂચા તે મરહુમ જહાગીરના ધનિયાની. તે શીરીન નોશીરવાન આગાના દીકરી. તે મરહુમો શેરા બમનશા ભરુચાના વહુ. તે ઝેયાન ને અઝરમીનના માતાજી. તે મેહરઝાદ ને સનાયાનાના મમઇજી. (ઉં. વ. ૯૧) રે. ઠે. એમ-૩, /૪૧, એમ કામા પાર્ક, અંધેરી (વે.), મુંબઇ-૪૦૦૦૫૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૮-૯-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, અંધેરી પટેલ અગિયારીમાં છેજી.

ઓસતી મેહર ઝકસીસ દસતુર તે એરવદ ઝકસીસના ધનિયાની. તે શ્રીતી જીમી સીધવાના દીકરી. તે એરવદ સાયરસ ને ઓસ્તા યોહાનના મમ્મી. (ઉં. વ. ૪૯) રે. ઠે. ૧૧/૧૦, રૂસ્તમ બાગ, સંત સાવતા માર્ગ, ભાયખલા, મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૮-૯-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

ફરોખ શાવક બારીયા તે મરહુમ બેહરોઝના ધની. તે મરહુમો સેરામાય શાવક બારીયાના દીકરા. તે ઝીનયા ને રીયાઝના પપા. તે યાસમીનના ભાઇ. તે મરહુમો હોમાય બોમી શરોફના જમાઇ. (ઉં. વ. ૮૦) રે. ઠે. આર-૩૨, નવરોઝ બાગ, ત્રીજે માળે, ડો. એસ. એસ. રાવ રોડ, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨.

બખતાવર સોલી હનસોટીયા તે મરહુમ સોલીના વિધવા. તે મરહુમો આલામાય ને ફરામરોઝ કુપરના દીકરી. તે ફ્રેડીના માતાજી. તે રૂકશાના ના સાસુ. તે આબાન ને રોડાના બહેન. તે બીનાઇશા ને હોરમઝના બપઇજી. (ઉં. વ. ૮૫) રે. ઠે. બી-૬, નવરોઝ બાગ, ડો. એસ. એસ. રાવ રોડ, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૮-૯-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે એમ. જે. વાડીયા અગિયારી, લાલબાગ.

દીનુ રતનજી સુરતી તે મરહુમો કેટીમાય તથા રતનજી સુરતીના દીકરી. તે હોમી સુરતી, કેરસી સુરતી, કુમી બેનરજી, પરવીન સુરતી ને મરહુમ સીલ્લુ રતનજી સુરતીના બહેન. (ઉં. વ. ૭૩) રે. ઠે. જી.એમ. ખેરાબાઇ બિલ્ડિંગ, ફલેટ સી. ૧લે માળે, ટાટા બ્લોક્સ, ૩૮મો રોડ, બાંદ્રા વેસ્ટ, મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૯-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે ટાટા અગિયારી બાંદ્રા.

હીલ્લા માનેક બાલીવાલા તે મરહુમ માનેકના વિધવા. તે રશના ને મેહેરનોશના માતાજી. તે ફરેદુન ને આઝમીના સાસુજી. તે શીરાઝના મમયજી. તે હવોવીના બપઇજી. તે મરહુમો ગુલબઇ ને કૈખશરૂ બાલીવાલાના વવ. (ઉં. વ. ૯૧) રે. ઠે. એ.એચ.વાડીયા બાગ, બિલ્ડિંગ નં.૪, ફલેટ નં. ૧૮, પરેલ ટેન્ક રોડ, લાલબાગ, કાલાચોકી, મુંબઇ-૪૦૦૦૩૩. ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૯-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે વાડીયા બંગલી, ડુંગરવાડી.

ડો. દીનયાર હોમી અમરોલીયા તે પરસીસના ખાવીંદ. તે મરહુમો ગુલ ને હોમી અમરોલીયાના દિકરા. તે ફરઝીન ને રોકશેનના માતાજી. તે જોસીયાના સસરા. તે શેહેરૂ ને મરહુમ સીલ્લુના ભાઇ. તે ઓપલના બપાવાજી. તે અઝમીના ને દારાયસના મમાવાજી. (ઉં.વ. ૮૭) રે. ઠે. કેલેગરી અલબેરીયા કેનેડા.

કેરસી અદી દારુવાલા (ઉં. વ. ૭૫) તા. ૭-૯-૨૫એ ગુજરી ગયા છે. તે મનીજેહના હસબન્ડ. મરહૂમ અદી રુસ્તમજી દારુવાલા અને મરહૂમ ડોલીના દીકરા. ટીના, ખોદાદાદના ફાધર. મનીષ, બાજપેયીના સસરા. મરહૂમ હોમાઇ હોમી હકીમના ભાઇ. ઉઠમણું : તા. ૯-૯-૨૫એ.


---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ

## સંપૂર્ણ શાંતિની અસર

મનન
હેમંત વાળા
feedback@bombaysamachar.com



સનાતની સંસ્કૃતિમાં શાંતિ અને શાંતિપાઠનું વિશેષ મહત્ત્વ છે. અહીં જાતે તો શાંત થવાની વાત છે જ પરંતુ સાથે સાથે સૃષ્ટિનું પ્રત્યેક તત્ત્વ, આ તત્ત્વને નિયંત્રિત કરનાર દૈવી શક્તિ, બધી જ દેવી શક્તિ જેની અધ્યક્ષતામાં કાર્યરત રહે તે પરબ્રહ્મ, બ્રહ્માંડની જુદી જુદી અવધારણાના આધારિત પ્રત્યેક લોક અને ભૌતિક, માનસિક, વૈચારિક તથા આધ્યાત્મિક, દરેક પ્રકારનું અસ્તિત્વ શાંતિ પામે તેવી ભાવના કરવામાં આવે છે.

જ્યારે પૂર્ણ શાંતિની અનુભૂતિ થાય ત્યારે પૃથ્વી પણ શાંત જણાય અને પાણી પણ શાંત જણાય, નદી પણ શાંત પ્રતીત થાય અને ડુંગર પણ શાંતિથી ઊભેલાં જણાય, વનસ્પતિ શાંત લાગે અને પશુપક્ષી પણ શાંતિમાં સ્થિત જણાય, આજુબાજુની વાસ્તવિક પરિસ્થિતિ પણ શાંત લાગે અને કલ્પનાનું વિશ્વ પણ શાંતિમાં લય પામે, સ્થૂળ અસ્તિત્વ વિરામ પામે અને સૂક્ષ્મ અસ્તિત્વમાંથી અશાંતિ નાબૂદ થઈ જાય - બધું જ જાણે શાંતિના શરણમાં આવી શાંતિમાં વિલીન થઈ જાય.

જ્યારે પૂર્ણ શાંતિની અનુભૂતિ થાય ત્યારે ચંચળતા ન બચે જેથી એક પ્રકારની સ્થિરતા પ્રાપ્ત થાય, કામનાથી ઉદ્ભવતો આવેગ અસ્તિત્વ ગુમાવી બેસે જેથી એક પ્રકારનો ભટકાવ બંધ થાય, ઇન્દ્રિયો સંપૂર્ણ રીતે વિવેક અને સંયમને આધીન રહે જેથી રાગ અને દ્વેષ આધારિત ક્રિયા માટે અવકાશ ન રહે, બુદ્ધિ સ્થિરતા પ્રાપ્ત કરે જેથી તેની નિર્ણય-ક્રિયા સૃષ્ટિનાં સિદ્ધાંતોને આધીન હોય, ચિત્ત નિર્મળતાની સ્થિતિમાં આવે જેથી બંધનની કારણભૂત કેટલીક અવસ્થાઓ નાશ પામે, બહાર તરફની દ્રષ્ટિ અંદર તરફ વળવાની શક્યતા વધે જેથી દુન્યવી બાબતો તરફની ગતિ અટકી શકે, સૃષ્ટિના માયાવી તરંગોનું પ્રભુત્વ ઓછું થતાં વાસ્તવિક પરિસ્થિતિ સમજમાં આવી શકે - અને આ બધાંને કારણે પરમ તરફની ગતિમાં સરળતા આવે.

શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને, સકારાત્મક બાબત પર ચિંતન કરીને, સંપૂર્ણ સમર્પણના ભાવથી ઈશ્વરની આરાધના કરીને, સદગુરુના વચન પ્રમાણે કાર્યાન્વિત થઈને, સૃષ્ટિના નિયમોમાં અપાર વિશ્વાસ રાખીને, શાસ્ત્ર-વચન આધારિત જીવનને વ્યતીત કરીને, ધર્મ સમાન ઉત્તરદાયિત્વનું સંપૂર્ણ નિષ્ઠા તથા તટસ્થતાથી નિર્વાહ કરીને, આસુરી પ્રકૃતિના પ્રભાવથી મુક્ત રહીને, શુદ્ધતા નિર્મળતા તથા પવિત્રતા માટે આગ્રહી રહીને, અહંકારને નષ્ટ કરીને, મનને નિર્વિકલ્પતાની સ્થિતિમાં સ્થિત કરીને અને શાસ્ત્રમાં જણાવાયેલ યોગીક પ્રક્રિયાનું અનુશાસન પૂર્વક અનુસરણ કરીને શાંતિ પ્રાપ્ત થઈ શકે. પછી એક વ્યક્તિની શાંતિ જાણે સમગ્ર વિશ્વમાં પ્રસરી જાય. પછી એક વ્યક્તિની શાંત ભાવના સમગ્ર વિશ્વને શાંત કરવાનો પ્રયત્ન કરે. પછી એક વ્યક્તિની શાંત સ્થિતિનાં વમળો સમગ્ર સૃષ્ટિમાં શાંતિનો પ્રભાવ પ્રસારી દે. એક વ્યક્તિની શાંતિ સમગ્ર બ્રહ્માંડ માટે પ્રસાદ બની રહે.

શાંતિની સ્થિતિમાં પરિસ્થિતિનું યથાર્થ સ્વરૂપ જાણી શકાય. શાંતિના પ્રભાવ હેઠળ નકારાત્મક બાબતો દૂર થતી જાય. શાંતિને કારણે સાર્થક જ્ઞાનની પ્રાપ્તિની સંભાવના વધી જાય. શાંત વ્યક્તિ વ્યવસ્થિત રીતે મનન-ચિંતન કરી શકે જેને કારણે સત્યને પામવાની તેની ક્ષમતા વધી જાય. શાંત વ્યક્તિ તટસ્થતા જાળવી શકે, નિષ્પક્ષ રહી શકે, નિરૂપદ્રવી બની રહે, એકાગ્રતાથી ભક્તિ કરી શકે, નિત્ય-અનિત્ય કે શ્રેય-પ્રેયનો યથાર્થ ભેદ સમજી શકે, જે તે બાબત વિશે યથાર્થ મુલવણી કરવાં સક્ષમ બને અને તે બધાં સાથે આધ્યાત્મની ગૂઢ બાબતો સમજમાં આવવાની સંભાવના તેની માટે વધી જાય. એમ કહી શકાય કે શાંતિ એ આધ્યાત્મિકતા તરફના પ્રવાસ માટેનું પહેલું કદમ છે. આ શાંતિ માટેની પૂર્વભૂમિકામાં શ્રદ્ધાની આવશ્યકતા છે. શ્રદ્ધા વિનાની વ્યક્તિ ક્યારે શાંતિ ન પામી શકે.

એક અન્ય દ્રષ્ટિકોણથી એમ કહી શકાય કે શાંતિ એ પરમ સુખની પ્રાથમિક ભૂમિકા છે. શાંતિને કારણે જ દરેક પ્રકારનાં વિરામની અનુભૂતિ થઈ શકે અને તે અનુભૂતિ એટલે જ સાચું સુખ. આધ્યાત્મના વિશ્વમાં જે પરમ આનંદની વાત થાય છે તેની શરૂઆત પણ શાંતિથી થતી હોય તેમ માનવા મન પ્રેરાય છે. આધ્યાત્મિકતાના ક્ષેત્રમાં શાંતિ એ આધાર છે, શરૂઆત છે, પ્રાથમિક ભૂમિકા છે, આરંભિક સ્થિતિ છે, અને આગળના માર્ગના સંભવિત પડકારનો નમૂનો છે. જો શાંતિ પ્રાપ્ત થઈ શકે તો જ આગળની ગતિ સંભવી શકે. અશાંત વ્યક્તિ માટે આધ્યાત્મિક માર્ગ તરફની ગતિ લગભગ અસંભવ છે.


સમજવાની વાત એ છે કે, સનાતની સંસ્કૃતિ સમગ્ર વિશ્વના સુખ શાંતિ માટે પ્રાર્થના કરે છે. સનાતની સંસ્કૃતિમાં વિશ્વની પ્રત્યેક વ્યક્તિના સ્વાસ્થ્ય માટે ચિંતા કરવામાં આવે છે. સનાતની સંસ્કૃતિમાં દરેકનું કલ્યાણ થાય, દરેક દિશામાંથી દરેકને શુભ વિચાર પ્રાપ્ત થાય, સમગ્રતામાં શુભની સ્થાપના થાય, એ પ્રકારની ભાવના કરવામાં આવે છે. સનાતની સંસ્કૃતિમાં સમગ્ર સૃષ્ટિને, પ્રત્યેક માનવીને, આધ્યાત્મિક માર્ગ પર જવાની પ્રેરણા મળે છે. સનાતની સંસ્કૃતિમાં વ્યક્તિને પોતાની રુચિ અનુસાર માર્ગની પસંદગી કરી નિષ્ઠાપૂર્વક તે માર્ગમાં પ્રગતિ કરવાની મંજૂરી મળે છે. સનાતની સંસ્કૃતિમાં પોતાના ઇષ્ટની, પોતાની રીતથી આરાધના કરવાની સ્વતંત્રતા મળે છે. જ્યાં સુધી નૈતિકતા જળવાઈ રહેતી હોય, માનવીય સંવેદનાઓને હાનિ પહોંચતી ન હોય, માનવીય મૂલ્યોનું જતન થતું હોય, સામાજિક સમરસતા જળવાતી હોય, અન્ય વિચારધારા માટે હિંસક પરિસ્થિતિ સર્જાતી ન હોય અને પરમના માર્ગ પરની પ્રગતિ માટે ખાતરી હોય ત્યાં સુધી અહીં દરેક પ્રકારના માર્ગની સ્વીકૃતિ હોય છે. આ પ્રકારની વિચારધારા પર સ્થપાયેલી, ટકી રહેલી અને આગળ વધતી પરંપરાગત સનાતની સંસ્કૃતિને કારણે યુગોથી સૃષ્ટિમાં શાંતિના સામ્રાજ્યની સ્થાપના માટેની સંભાવના વધે તે સ્વાભાવિક છે. સનાતની સંસ્કૃતિ શાંતિનું મહત્ત્વ સમજે છે.

સમગ્ર સૃષ્ટિ માટે શાંતિ માટેની આ પ્રકારની ભાવના એ સનાતની સંસ્કૃતિની શક્તિ છે. પરંતુ, ક્યારેક એમ જણાય છે કે સનાતની સંસ્કૃતિની આ શક્તિ ક્યારેક નબળાઈ બની જાય છે. ■

## ભારતીય સંતો કહે છે કે હરિનામ વડે પણ શ્રાદ્ધ થઈ શકે છે

માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com



ઈશ્વરની પ્રાપ્તિ એ પૂર્ણતા છે. એ તો પ્રાપ્ત જ છે, સવાલ છે ભક્તિનો. ગીતામાં ભગવાન કહે છે કે ઈશ્વર તો બધાને પ્રાપ્ત છે જ.

ईश्वरः सर्व भूतानां हृदेशेऽर्जुन तिष्ठिति।
भ्रामयन्ससर्वभूतानि यन्त्रारुढानि मायया।।

ઈશ્વર તો નિત્ય પ્રાપ્ત છે. એ તો દેહવાદની અજ્ઞાનતાને લીધે આપણને કેવળ વિસ્મૃતિ થઈ છે. ઈશ્વર બધાને પ્રાપ્ત છે, એટલું જ નહીં, વેદાંત તો કહે છે કે બધા ઈશ્વર જ છે इदं ब्रह्मं- આખું જગત બ્રહ્મ છે. પણ જ્યાં સુધી ભક્તિ પ્રાપ્ત નથી થતી, ત્યાં સુધી કૃતકૃત્ય ભાવ જન્મતો નથી. બજારમાં તમે ને હું જતા હોઈએ, કેટલાંયે માણસો મળે છે, સારા હોય છે, પણ આપણે કોઈની સાથે સંબંધ નથી જોડતા. મળે છે બધા જ, પણ આપણને એનામાં ભક્તિ નથી, પ્રેમ નથી, તેથી આવે, જાય બધા, પણ જેનામાં પ્રેમ અને ભાવ હશે, એને માટે આપણે ગાડી રોકીશું, એને આપણે ગળે લગાડીશું. ઈશ્વર વગર કોણ ખાલી છે ? ભક્તિ વગર લગભગ ઘણાં ખાલી છે, તૂટે છે ભક્તિ. હાથીના લક્ષણ ભક્તિ માટે સુસંગત છે. હાથીના કાન સુપડા જેવા.એનો અર્થ એમ કે ભક્ત હોય તે બધાને સાંભળતો હોય. કાનને બહુ મોટા રાખજો. નાનામાં નાની વાત સ્વીકારો. હાથીની સુક્ષ્મદષ્ટિ,હાથીની સ્થિરબુદ્ધિ,હાથીની ધીર શાંત ગતિ,હાથીનું શ્રવણ,હાથીનું સૂક્ષ્મદર્શન, હાથીના દાંત... હાથી પ્રતિકાર કરતો નથી. હાથી કાળો છે પણ એના દાંત ઊજળા છે. હાથીમાં મોટામાં મોટું લક્ષણ કે કૂતરા ગમે તેટલા ભસે,હાથી પાછળ વળીને જોતો નથી,એ મોટામાં મોટું લક્ષણ. કૂતરો ભસે છે તો હાથી પ્રતિકાર કરતો નથી.

ભક્તિમાં પ્રતિકાર કરવા જશો તો ઘણું ગુમાવશો. ભક્તિમાં વળી પ્રતિકાર...! ભક્તિમાં જવાબદારી આપણી નથી. જેણે કહ્યું. એના વળી ખુલાસા કરવાની આપણી જવાબદારી થોડી છે? ભક્તિ પ્રતિકાર ન કરે. ભક્ત જે હશે, સાધુ હૃદય જે હશે, એની કોઈ નિંદા કરે પછી એને કોઈ પૂછશે કે, આ તમારા વિશે આમ કહેતો હતો. તો કહેશે કે એણે મારા પર ઉપકાર કર્યો. પોતે સાચો હશે, નિંદક ખોટા હશે છતાં કહેશે કે એણે મારી નિંદા કરી એટલે પહેલાં જે મારી પાસે ભજન હતું તે વધી ગયું. અને પ્રતિકાર બંધ થઈ ગયા. ભીડ ઓછી થઈ ગઈ, એટલે મારું ભજન વધી ગયું. એ પ્રતિકાર નહીં કરે. વો હર ઘટના કા સ્વીકાર કરેગા. હાથી કૂતરાનો પ્રતિકાર કરે? ભક્તિમાં પ્રતિકાર નહીં,સ્વીકાર કરો.

ભક્તિમાં એવો સ્વીકાર કરો કે એની દુકાન જ ઘાસલેટની છે, એ મને ઘી ન આપી શકે. એ કેરોસીન જ આપી શકે,એમાં એનો દોષ નથી. અને ફાયદો એ થશે કે તમને મળ્યું અને એની પાસે એટલું ઓછું થયું. સંતોની કોઈ નિંદા કરે તો એ એમ માને કે ભલે ગમે તે રીતે એ મારી પાસે આવ્યો અને એ જે નિંદા કરીને અપશબ્દ બોલ્યો તો એની ગંદકી એટલી ઓછી થઈ. એટલો એ સાફ છે.

મારે એ કહેવું છે કે પ્રતિકાર ન કરજો,સ્વીકાર કરજો. ભક્ત પાસેથી કોઈ રોટલી ઝૂંટવી લે ના, તો એ એમ માને કે સારું થયું. મારા પાસે ઉપવાસ કરાવ્યો. નહીંતર આજે હું આ ખાઈને ભ્રષ્ટ થઈ જાત. નરસૈંયાને ગાળો દીધી તો એણે કહ્યું-

***એવા રે અમે રે તમે કહો છો વળી તેવા રે***
***ભક્તિ કરતાં ભ્રષ્ટ થઈ શું તો કરીશું દામોદરની સેવા રે...***

ભક્તિમાં તમારો સમાજ પ્રતિકાર કરે એવું થોડું છે,તમારો પરિવાર પણ પ્રતિકાર કરશે. પતિ ભક્તિ કરતો હશે તો પત્ની વિરોધ કરશે. તમારી સામે આવશે. પત્ની ભક્તિ કરતી હશે તો પતિ વિરોધ કરશે. પણ ભક્તિ જેનામાં આવે એને એની સામે લડવાનું નહીં,પ્રતિકાર નહીં કરવાનો. તુકારામની પત્ની વિરોધ કરતી હતી. બ્રાહ્મણો વિરોધ કરતા હતા. બ્રાહ્મણોએ શ્રાદ્ધ ન કરાવ્યું તો તુકારામ કહે કે, બહુ સારું થયું. બ્રાહ્મણો જો વિધિવત કર્મકાંડથી શ્રાદ્ધ કરાવત તો મારા પિતાનું શ્રાદ્ધ તો થાત પણ મારા આ મહારાષ્ટ્રની ગરીબ પ્રજા એમ માનત કે તર્પણ આમ જ થાય. એટલા માટે મેં શ્રાદ્ધ ન કરાવ્યું. પછી મેં વિઠ્ઠલ ... વિઠ્ઠલ પુકાર્યું અને મારા પિતાનું શ્રાદ્ધ થઈ ગયું. બાપ ! હરિનામથી પણ શ્રાદ્ધ થઈ શકે છે.

હનુમાનજી સુરસાના મુખમાં જાય છે તો મુખાગ્રે રામનામ છે.

प्रभु मुद्रिका मेली मुख माहीं । जलधि लांधि गए अचरज नाहीं।।

રામનામને મુખના અગ્રભાગમાં રાખો. ફાયદો એ થશે કે અઘાસુરને તો કૃષ્ણે મોટા થઈને મારી નાખ્યો, સુરસાને હનુમાનજીએ મારી ન નાખી, રામનામના પ્રતાપથી સુરસાના મુખમાંથી હનુમાનજી સૂક્ષ્મ થઈને નીકળી ગયા. ન સુરસા મરી, ન હનુમાનજીને કંઈ થયું, એ નામ-મહારાજનો મહિમા છે. જ્યારે નામનો આશ્રય વ્યક્તિ લે છે તો એને સપનામાંય ચિંતા નથી થતી. ચિંતા હરિ કરે છે, કારણ નામની મસ્તીમાં મસ્ત રહે છે. એજ સાચું આત્મસુખ,પરમસુખ છે. વ્યાસજીએ કલિયુગનું વર્ણન કરતાં દુઃખ વ્યક્ત કર્યું. વ્યાસજીએ કહી દીધું કે કલિયુગમાં ઘરે ઘરે પુસ્તકોના બહુ મોટા ભાર થઇ જશે. પુસ્તકો બહુ હશે પરંતુ એનો સાર જે હરિનામ છે એ નથી રહેતો. આજના અભ્યાસમાં પણ જુઓ,બાળકો ભરાઈ જાય છે,ઝૂકી જાય છે પુસ્તકોના ભારથી. આમ, વ્યાસની વાણી સિદ્ધ થઈ રહી છે. ઘેર ઘેર પુસ્તકોના ઢગલા થઈ ગયા. નગરમાં પંડિતોનાં જૂથો હશે. બધા ભણેલાગણેલા પંડિતો જ હશે. અમે પણ જાણીએ છીએ,આમ નગર નગરમાં પંડિતોનાં જૂથો હશે અને આશ્રમે આશ્રમે તપસ્વીઓ હશે. અમે યોગીઓ છીએ, અમે ફલાણા છીએ, અમે આમ કરીએ છીએ, અમે સિદ્ધ છીએ. મઠે મઠે તાપસનાં વૃંદો હશે; પરંતુ બ્રહ્મવેત્તા અને પોતાના સ્વધર્મમાં યુક્ત રહી કર્મ કરવાવાળા નહિ હોય. એટલે કે સાર નહિ પામશે. સાર તો મળશે જ્યારે હરિનામમાં સ્થિત થઈ જશે. ચૈતન્યની આખી પરંપરાનો એકમાત્ર સાર હતો, હરિનામ, હરિનામ. તુલસીદાસજી કહે છે, મને બીજી કોઈ વાત પર ભરોસો નથી, મારા જીવનની પ્રગતિનું કોઈ રાઝ હોય, મારા વિશ્વાસનું કોઈ કેન્દ્ર હોય તો તે એકમાત્ર હરિનામ છે.

ચૈતન્ય મહાપ્રભુનું માનવું છે કે હરિનામ વગરની વિદ્યા વિધવા છે. જેનો પતિ મરી ગયો હોય એવી સ્ત્રીના જેવી એની દશા છે. કોઈ પણ વિદ્યા તમે ભણી લો, પણ હરિનામ નહિ હોય તો બધી વિદ્યા વિધવા છે. હરિનામ એનો માલિક છે. પરમાત્મા નામ સિવાય કલિમાં બીજી કોઈ વસ્તુ ચઢિયાતી નથી. રામનામ સાધન નથી,રામનામ પરમ પ્રાપ્તિ છે. રામનામ જ સાધ્ય છે. એકમાત્ર હરિનામ સાધ્ય છે. સાધન તો વિઘ્નકર્તા છે,એકમાત્ર બાધક છે. ઘટના ઘટે છે,જ્યારે નામ-મહારાજ જીભરૂપી જશોદા પાસે રામનામ શ્રીકૃષ્ણ અને બલભદ્ર બની રમવા માંડે. તેથી રામનામ સુમિરન કરો.

**- સંકલનઃ જયદેવ માંકડ**

## પ્રાણાયામ અગ્નિથી પણ વધુ દાહક છે!

અલૌકિક દર્શન
ભાણદેવ
feedback@bombaysamachar.com



આધુનિક માનસની એ એક વિશિષ્ટતા છે કે તે પ્રત્યેક સાધનનો બૌદ્ધિક ખુલાસો માગે છે. અમે પ્રાણાયામ શા માટે કરીએ? પ્રાણાયામ એવું શું છે કે જે તેને અધ્યાત્મસાધન બનાવે છે? આવા અનેકવિધ પ્રશ્નો આધુનિક માનસ ઉપસ્થિત કરે છે. કોઈ પણ સાધનના સ્વરૂપને શક્ય હોય તેટલી હદે સમજી લેવામાં આવે તે બરાબર જ છે. તે પ્રમાણે પ્રાણાયામના સ્વરૂપને પણ યથાશક્ય સમજવાનો પ્રયત્ન કરીએ.

યૌગિક સાધનક્રમમાં પ્રાણાયામનું વિશિષ્ટ અને મહર્ષપૂર્ણ સ્થાન છે અધ્યાત્મભિમુખ બનીને યુક્તિપૂર્વક કરેલો પ્રાણાયામનો અભ્યાસ સાધકના આધ્યાત્મિક ઉત્થાનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે તેમ છે એટલું જ નહિ; પરંતુ શરીર-મનના સ્વાસ્થ્ય અને કાર્યક્ષમતા માટે પણ પ્રાણાયામનું મૂલ્ય ઓછું નથી.

પ્રાણાયામનો અભ્યાસ કરનારે સમજી લેવું જોઈએ કે પ્રાણાયામ કરતી વખતે શરીરનાં હૃદય, ફેફસાં અને જ્ઞાનતંત્ર જેવા નાજુક અવયવો સાથે કામ કરવાનું છે. આથી પણ ઊંડી દૃષ્ટિથી જોઈએ તો પ્રાણાયામ પ્રાણમય શરીરના પ્રવાહોના નિયમનની ક્રિયા છે. તેથી અયુક્ત પ્રાણાયામમાં સાધકનાં શરીર-પ્રાણ-મનને ખૂબ નુકસાનકારક બની શકે છે. ઉચિત પદ્ધતિથી પ્રાણાયામનો અભ્યાસ કરવામાં આવે તો પ્રાણાયામ અગ્નિ જેવો પાવક છે; પરંતુ તેમ કરવામાં ભૂલ થાય તો પ્રાણાયામ અગ્નિથી પણ વધુ દાહક છે.

હઠયોગ પ્રદીપિકામાં સ્વાત્મારામે ઉચિત રીતે જ નોંધ્યું છે

प्राणायामेन युक्तेन सर्वरोगक्षयो भवत्।।
अयुक्ताभ्यासययोगेन सर्वरोगसमुद्भवः।।

- દઠપ્રદીપિકા; ૨-૧૬

'પ્રાણાયામના યુક્ત (યોગ્ય) અભ્યાસથી સર્વ રોગનો નાશ થાય છે; પરંતુ અયુક્ત (અયોગ્ય) પ્રાણાયામના અભ્યાસથી સર્વરોગની ઉત્પત્તિ થાય છે.' આમ હોવાથી યોગપથના પથિકે પ્રાણાયામના અભ્યાસનો પ્રારંભ કરતાં પહેલાં પ્રાણાયામના સ્વરૂપને યથાર્થતઃ સમજી લેવું જોઈએ. અભ્યાસીએ સમજી લેવું જોઈએ કે આ પ્રાણાયામ શું છે અને શું નથી. અભ્યાસીએ એ પણ સમજી લેવું જોઈએ કે પ્રાણાયામ કરવાની યથાર્થ પદ્ધતિ શી છે; શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસમાં પ્રાણાયામનું શું પ્રદાન છે અને તે કાર્ય પ્રાણાયામથી કેવી રીતે સિદ્ધ થાય છે.

અહીં આપણે આ સર્વ પ્રશ્નોના ઉત્તરો મેળવવાનો પ્રયત્ન કરીએ.

**૨. પ્રાણાયામ વિશેના ભ્રામક ખ્યાલોનું નિરસન**

સમગ્ર યોગની બાબતમાં બન્યું છે તેમ પ્રાણાયામ વિશે પણ કેટલાક ભ્રામક ખ્યાલો વ્યાપેલા છે. તેથી પ્રાણાયામ શું છે, તે સમજતાં પહેલાં આ ભ્રામક ખ્યાલોનું નિરસન થવું આવશ્યક છે.

(અ) પ્રાણાયામ શ્વાસોચ્છ્વાસનો વ્યાયામ નથી. એ વાત સાચી છે કે આપણે પ્રાણાયામમાં શ્વસનક્રિયાનો ઉપયોગ કરીએ છીએ; પરંતુ પ્રાણાયામ અને શ્વાસોચ્છ્વાસના વ્યાયામમાં મૂલતઃ જ ભિન્નતા છે. આ ભિન્નતા આપણે આગળ જોઈશું.

(બ) ગમે તે રીતે શ્વાસને લાંબો વખતે રૂંધવાથી કોઈક ચમત્કારિક અનુભવો થાય છે અને આધ્યાત્મિક વિકાસ પણ થાય છે, તેવો ખ્યાલ કેટલાક લોકોના મનમાં પ્રવર્તે છે. આ ખ્યાલ માત્ર ભ્રામક જ નથી; પરંતુ ઘાતક પણ છે. એ વાત સાચી છે કે પ્રાણાયામમાં શ્વાસને રોકવામાં આવે છે, પરંતુ શ્વાસનું રૂંધન અને કુંભક એક નથી જ. શ્વાસને ગમેતેમ રોકવાથી પ્રાણાયામ બનતો નથી. તેમ કરવાથી તો શરીર-મનની બીમારી મળે છે.

(ક) પ્રાણાયામના અભ્યાસથી અસાધારણ અને ચમત્કારિક શારીરિક-માનસિક શક્તિઓ પ્રાપ્ત થાય છે, એવા ભ્રમમાંથી પણ મુક્ત થવાની જરૂર છે.

પ્રાણાયામના અભ્યાસથી શરીર-મનને લાભ થાય છે તે સાચું છે, પણ એથીય વધુ સાચું એ છે કે પ્રાણાયામના અભ્યાસથી સાધકના આધ્યાત્મિક વિકાસનો માર્ગ પ્રશસ્ત બને છે.

પ્રાણાયામ ચમત્કારો સર્જવાની વિદ્યા નથી અને પ્રાણાયામનો એ હેતુ પણ નથી.

**૩. પ્રાણ એટલે શું?**

પ્રાણાયામમાં 'પ્રાણ' શબ્દ પ્રધાન છે. પ્રાણાયામ પ્રાણની કેળવણી ઘટના છે. આમ હોવાથી પ્રાણાયામના સ્વરૂપને યથાર્થતઃ સમજવા માટે આપણે પહેલાં 'પ્રાણ'નો અર્થ બરાબર સમજી લેવો જોઈએ. પ્રાણ એટલે શું?

'પ્રાણ' શબ્દ બે અર્થમાં વપરાય છે. પ્રથમ અર્થ પ્રમાણે પ્રાણ એટલે વાયુ. આપણે શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં અને તેથી પ્રાણાયામમાં પણ વાયુને બહાર કાઢીએ છીએ, અંદર લઈએ છીએ અને અંદર કે બહાર રોકીએ છીએ. આ વાયુ માટે યૌગિક ગ્રંથોમાં 'પ્રાણ' શબ્દનો પ્રયોગ થાય છે. આ પ્રાણનો પ્રથમ અર્થ છે.

પ્રાણનો બીજો અર્થ વધુ સૂક્ષ્મ છે. આપણું સ્થૂળ શરીર પંચમહાભૂતોનું બનેલું છે, જેને અન્નમય કોશ કહે છે. તૈત્તિરીય ઉપનિષદમાં આવા પાંચ કોશનું કથન છે. અન્નમય કોશ, પ્રાણમય કોશ, મનોમય કોશ, વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશ આ પાંચ કોશ છે. આ પાંચ કોશ ઉત્તરોત્તર વધુ ને વધુ સૂક્ષ્મ છે. આમાંનો પ્રાણમય કોશ પાંચ પ્રાણ અને પાંચ ઉપપ્રાણનો બનેલો છે. આ પ્રાણમય કોશ અને તેમાં વહેતાં શક્તિના સૂક્ષ્મ પ્રાણાયામ પ્રવાહોના અર્થમાં પણ 'પ્રાણ' શબ્દનો ઉપયોગ થાય છે. 'પ્રાણ' શબ્દના આ બંને અર્થ વચ્ચે વિરોધ નથી. કારણ કે આ સૂક્ષ્મ પ્રાણશક્તિ અને શ્વાસોચ્છ્વાસમાં આવતા-જતા વાયુને પરસ્પર ગાઢ સંબંધ છે. એક સૂક્ષ્મ છે અને બીજો સ્થૂળ છે. સ્થૂળ વાયુ વસ્તુતઃ સૂક્ષ્મ પ્રાણશક્તિનો બહારનો સ્થૂળ છેડો છે.

'પ્રાણ' શબ્દના આ બંને અર્થમાં બીજો અર્થ જ 'પ્રાણ' શબ્દનો ખરો અર્થ છે. સરળ ભાષામાં કહીએ તો પ્રાણ એટલે જીવનશક્તિ. પ્રાણથી જ અનુપ્રાણિત થઈને સ્થૂળ ભૂમિકા પર શરીર અને સૂક્ષ્મ ભૂમિકા પર ચિત્ત ક્રિયાશીલ બની શકે છે. પ્રાણ વસ્તુતઃ શરીર અને ચિત્તને જોડનારી કડી છે અને બંનેને અનુપ્રાણિત કરનારી શક્તિ છે.

ઉપનિષદોમાં કોઈક-કોઈક સ્થાને 'પ્રાણ' શબ્દ પ્રત્યક્ આત્માના અર્થમાં પણ વપરાયેલો જોવા મળે છે, પરંતુ આપણે અહીં તે અર્થનો વિચાર કરતા નથી, કારણ કે યોગશાસ્ત્રમાં પ્રાણનો તે અર્થ ક્યાંય લેવાયેલો જોવા મળતો નથી.

યોગશાસ્ત્રમાં પાંચ પ્રાણ અને પાંચ ઉપપ્રાણનું વર્ણન જોવા મળે છે.

| પાંચ પ્રાણ | કર્મ | સ્થાન |
|---|---|---|
| ૧. પ્રાણ | શ્વાસોચ્છ્વાસ | નાભિથી હૃદય |
| ૨. અપાન | ઉત્સર્ગ | નાભિથી ગુદા |
| ૩. સમાન | પાચન, પોષણ | નાભિ |
| ૪. વ્યાન | પરિનયન | સમગ્ર શરીર |
| ૫. ઉદાન | ઉન્નયન | કંઠ |

हृदि प्राणो वसेन्तित्यमपानो गुह्यमण्डले।
समानो नामिदेशे तु उदानः कण्ठमध्यगः।।
व्यानो व्यापी शरीरे प्रधान पंचवायवः।।

- ગોરક્ષસંહિતાઃ ૩૦

| પાંચ ઉપપ્રાણ | કર્મ |
|---|---|
| ૧. નાગ | ઓડકાર |
| ૨. કૂર્મ | સંકોચન |
| ૩. કૃકર | ક્ષુધા-તૃષ્ણા |
| ૪. દેવદત્ત | નિદ્રા-તંદ્રા |
| ૫. ધનંજય | ફુલાવું |

**૪. યૌગિક ગ્રંથોમાં પ્રાણાયામ**

હવે આપણે જોઈએ કે યોગવિષયક શાસ્ત્રીય ગ્રંથોમાં પ્રાણાયામ વિશે શું કહેવામાં આવ્યું છે.

(अ) યોગસૂત્ર -

तस्मिन् सति श्वासप्रश्वासयोर्गतिविच्छेदः प्राणायामः। - યોગસૂત્ર, ૨-૪૯

'તેમાં (આસનમાં) સ્થિત થઈને શ્વાસપ્રશ્વાસની ગતિમાં વિચ્છેદ એટલે પ્રાણાયામ'

बाह्याभ्यन्तरस्तम्भवृत्तिः देशकाल संख्यामि परिदृष्टो दीर्घसूक्ष्मः। - યોગસૂત્ર, ૨-૫૦

'(પ્રાણાયામ) બાહ્ય, આંતર અને સ્તંભવૃત્તિ એક (ત્રણ પ્રકારના) દેશ, કાળ અને સંખ્યાથી જોવાયેલા, લાંબા કે ટૂંકા હોય છે.'

बाह्याभ्यान्तर विषयाक्षेपी चतुर्थः।
- યોગસૂત્ર, ૨-૫૧

'બાહ્ય અને આંતર વિષયથી નિરપેક્ષ એવો ચતુર્થ પ્રકારનો (પ્રાણાયામ) છે.'

ततः क्षीयते प्रकाशावरणम्।
- યોગસૂત્ર, ૨-૫૨

'તેનાથી પ્રકાશના આવરણનો નાશ થાય છે.'

धारणासु च योग्यता मनसः।
- યોગસૂત્ર, ૨-૫૩

'અને ધારણાઓમાં મનની યોગ્યતાનું નિર્માણ થાય છે.'

(ક્રમશઃ)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# અગમ અગોચર રસના પૂર્ણ અધિકારી



ગંગાસતીનાં ભજનોનું અર્થઘટન આપવું એટલે સંપૂર્ણ ભારતીય ધર્મસાધનાની પરિભાષાનું સ્પષ્ટીકરણ કરવું. બહુ ઓછા શબ્દોમાં સઘન રીતે આ ભજનોમાં સાધનાપરક બાબતો વણી લેવામાં આવી છે. જો કે એ દેન માત્ર ગંગાસતીની નથી. આ પરિભાષા તો પરંપરિત રીતે સેંકડો વર્ષોથી લોકભજનિકોમાં સચવાતી આવી છે.

ગુંજાનો લાડવો એટલે ચણોઠીનો લાડુ, જે દેખાવમાં સુંદર દેખાય પણ અતિશય ઝેરી હોય, એમ સાધના પણ બહુ કપરી છે જે પોતાના અહંકારનો ત્યાગ કરે તે જ એમાં આગળ ડગલાં માંડી શકે... પણ આવી સીધી સાદી સાધનાત્મક વાતને જાણ્યા વિના કેટલાક વિદ્વાનોએ આવું પણ અર્થઘટન કર્યું છે જુઓ- ‘આ તો ગજવાનો લાડવો છે. ભક્તિનો લાડુ ગજવામાં ન ઘાલવો ને ભક્તિનો કરી રાખવો રંગ કે જે કદી પછી જીવનમાં ભંગ ન થાય. ગંગાસતી ગુંજાના લાડવાનું રૂપ આપે છે તેને સિદ્ધાંતરૂપ સમજનાર આ વિધિ તરી જાય છે. ગુંજાનો લાડવો ગુલાબના ફૂલડા જેવો હોય પણ તેમાં કાંટા હોય છે તે ન ભૂલવું જોઈએ ગુંજાના લાડવાને બહાર કાઢી તેમાં કાંટા દૂર કરો તો ગળ્યો મધ જેવો સુગંધી થઈ જશે. અહંભાવના કાંટા ફૂલ ગુલાબના દુશ્મન જેવા હોય છે તે દૂર કર્યે જ છૂટકો. ગુંજાનો લાડવો છે તેમાં કાંટારૂપી અહંભાવ દૂર થાય તો સુગંધ તેની તરબતર બને અને તેનો ગુલકંદરૂપી અમૃતનો સ્વાદ માનવ માણી શકે...’

ખરેખર તો ગંગાસતીએ કહ્યું છે કે - આ અગમ અગોચર રસપૂર્ણ અધિકારીમાં ઠેરાય, સ્થિર થાય. અહંભાવ છોડયા પછી જ એનો અનુભવ થાય, પૂર્વના કોટિ જન્મોના સંસ્કારોનાં પડ જ્યારે ધોવાઈ જાય ત્યારે શુદ્ધ આત્મસ્વરૂપની ઝાંખી થાય પણ આ તો છે ‘ગુંજાનો લાડવો...’ ગુંજા એટલે ચણોઠી. અત્યંત સુંદર-ચમકદાર છતાં ઝેરી ફળ. એનો લાડવો વળે જ નહીં. ને અન્ય પદાર્થો મેળવીને લાડુ બનાવીએ તો એવો રૂપાળો લાગે કે મન લલચાઈ જાય પણ ખાવા જઈએ તો મળે મોત. એટલો એ ઝેરી હોય. સાધકમાં સૂક્ષ્મપણે પણ અહમવૃત્તિ હોય ત્યાં સુધી અમૃતરસનું પાન ન કરી શકે. એની અસર અવળી થાય. જો કોઈ સિદ્ધ અનુભવી વૈદ્યરાજ હોય તો ચણોઠી ઉપર અનેક પ્રકારની રસાયન ક્રિયા કરીને એનું ઔષધ બનાવી શકે અને તે અનેક રોગ ઉપર ઉપયોગી થાય. સ્ત્રી-પુરુષ, નાનાં-મોટાં, બ્રાહ્મણ-શું એવું સર્વે જીવનમાત્રમાં જાતિપણું ઓગળી જાય, માત્ર આત્મસ્વરૂપ દેખાય ત્યારે સમષ્ટિ કેળવાણી કહેવાય અને ત્યારે જ... ત્યારે જ... સાધનાના ક્ષેત્રમાં સાધક આગળ વધી શકે, સ્વાનુભવ કરી શકે, આત્મસાક્ષાત્કાર કરી શકે.

સંતસાહિત્ય-સંતવાણી આપણા આધ્યાત્મિક સાહિત્યનો એવો ઈલાકો છે કે જે અર્થઘટન, વિવેચન, રસદર્શન,મૂલ્યાંકન,અભ્યાસ... એમ અનેક પ્રકારના દૃષ્ટિકોણને ખમી શકે. જેવો જેનો અનુભવ કે જેવી જેની ક્ષમતા. એકની એક સંતવાણી રચનાને યોગમાર્ગી પરિભાષાના દૃષ્ટિકોણથી; ભક્તિમાર્ગી પરિભાષાના દૃષ્ટિકોણથી; જ્ઞાનમાર્ગી-વેદાન્તી તત્ત્વચિંતનની પરિભાષાના દૃષ્ટિકોણથી; ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક, પૌરાણિક કે આધુનિક જીવનશૈલી સાથે સાંકળીને વિધવિધ વિચારધારાઓ મુજબ તમે સમજી કે સમજાવી શકો. અને એ દરેક અભિગમ જો સંતસાધના-સંતજીવનશૈલી-સંતવિચારધારા સાથે પૂરા આદરભાવથી જોડાયેલ હોય તો જ શ્રોતા કે વાચકને એ તાર્કિક તથા સ્વીકાર્ય લાગે.

ગંગાસતીની બહુધા - લગભગ તમામ રચનાઓ ચાર ચાર પંક્તિની એક એવી ચાર કડીની બનેલી હોય છે, એમાં સાધનાનો એક ચોક્કસક્રમ સચવાયો છે, એમાં શીલ, સત્સંગ, વૈરાગ્ય, વૃત્તિ વિરામ, મિતવ્યવહાર, ગુરુ ઉપાસના, અભયભાવ, મનની સ્થિરતા, ગુરુવચનમાં વિશ્વાસ, વચનનો વિવેક, યૌગિક કિયાઓ, સહજ સાધના, ભક્તિના સિદ્ધાંતો અને સાધનાથી સાક્ષાત્કાર સુધીની વિવિધ ભૂમિકાઓની ચોક્કસ સમજ આપવામાં આવી છે. પાંચેક ભજનો સીધાં કથાત્મક છે જેમાં ‘પદમાવતીનો જયદેવ સ્વામી...’ (ગીતગોવિંદનો પ્રસંગ), ‘મોહજીત રાજા મહા વિવેકી...’, ‘પૃથુરાજ ચાલ્યા સ્વધામમાં...’ વગેરે ભજનોમાં તો ભક્તિમહિમા માટે ભક્ત ચરિત્રોના પ્રસંગો વર્ણવાયા છે.


વિભિન્ન સાધના ભૂમિકા કે અવસ્થા વર્ણવતો એક એક શબ્દ, ચક્રભેદનની અનુભૂતિનું વર્ણન કરતી શબ્દાવલિ, સાધનાત્મક પરિભાષાને સમજાવવા માટે જુદીજુદી સાધના પરંપરા સાથે અનુસંધાન ધરાવતા અનુભવી સાધકો ભિન્ન ભિન્ન અર્થઘટન કરતા હોય ત્યારે એ દરેક અર્થઘટન સાચું જ હોય, કારણ કે તે દરેક સાધક પોતાની આત્મઅનુભૂતિ મુજબ અર્થઘટન આપીને સમજાવવાનો પ્રયાસ કરતા હોય. પણ ક્યારેક કોઈ કટ્ટરવાદી કંઠીબંધ અનુયાયી પોતે જે માર્ગનો જાણકાર હોય એ મુજબ થયેલા અર્થઘટનને જ સાચું માને, અન્યને ખોટાં માને, પરંતુ જો એ પોતે ભક્ત-યોગી-જ્ઞાની કે કર્મમાર્ગીની સર્વોચ્ચ ભૂમિકાએ પહોંચેલો અનુભવસિદ્ધ હોય તો એ દરેક અર્થઘટનને સાચાં માને.

*ઝીલવો હોય તો રસ ઝીલી લેજો પાનબાઈ! પછી પસ્તાવો થાશે;*
*અગમ અગોચર રસનું નામ છે, એ તો પૂરણ અધિકારી ઠેરાશે...*
*ઝીલવો હોય તો રસ...*
*માન રે મેલ્યા પછી રસ તમને મળશે, જુઓને વિચારી તમે મનમાં;*
*દૃષ્ટ પદારથ નથી રહેવાનો પાનબાઈ સુણોને ચિત્ત દઈ વચનમાં...*
*ઝીલવો હોય તો રસ...*
*આ તો ગુંજાનો લાડવો પાનબાઈ અહંભાવ ગયા વિના ન ખવાય;*
*કોટિ રે જનમની મટાડો કલ્પના ત્યારે, જાતિ રે પણું વયું જાય રે...*
*ઝીલવો હોય તો રસ...*
*દૃષ્ટિ રાખો - ગુપત રસ ચાખો, તો તો સહેજે આનંદ વરતાય;*
*ગંગાસતી એમ બોલિયાં રે, આપમાં આપ મળી જાય...*
*ઝીલવો હોય તો રસ...* ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

# કંટાળો આવે છે?



ગત અંકમાં ધાર્મિક વિધિ-વિધાનોમાં હેતુની શુદ્ધિ દાખવીને હવે ભગવાન કૃષ્ણ સ્વકાર્યમાં શ્રદ્ધાને પ્રોત્સાહિત કરે છે.

આજકાલ લોકોને બોલતા સાંભળ્યા હશે, કંટાળી ગયા યાર...કામ ક્યારે પૂરું થશે? કંટાળો આવે છે, ભાઈ!... આજના સમાજની આ કરુણ અભિવ્યક્તિ છે. શ્રદ્ધાની પડતી અહીં પડઘાય છે. હા, શ્રદ્ધાના અભાવથી કંટાળો આવવો સ્વાભાવિક છે. જ્યારે કોઈ કાર્ય પ્રત્યે આપણે શ્રદ્ધા રાખતા નથી, ત્યારે તે કાર્યમાં રસ જાગતો નથી અને મન ઉદાસ થવા લાગે છે.

શ્રદ્ધાના અભાવે લીધેલું કામ છોડીને રિફ્રેશમેન્ટ માટે તલપાપડ જિંદગીની આ વસમી હકીકત છે. પણ શું જિંદગીની સફળતા રિફ્રેશમેન્ટ પર ટકેલી છે?

‘અબ્બુ જાન ! ક્યા મૈ થોડી દેર ભી ખેલ નહીં સકતા ?...અરે ઇતના ગુસ્સા ક્યોં કરતે હો...’ એક બાળકુસુમે હાથ ઉગામી રહેલા પોતાના પિતા સામે કાલાઘેલા શબ્દોમાં પણ ઠોસ દલીલ કરી. પિતાના ક્રોધથી ગરજતા મુખના વાદળોમાંથી થોડી વારમાં પ્રેમ પીયૂષ નીતરવા લાગ્યું, ‘બેટા ! તૂ થોડી દેર હાથ સે તબલા બજાએગા ઓર થોડી દેર હાથ સે ખેલેગા તો કમ ઉમ્ર મેં બહુત કુછ નહીં પા સકેગા. ઔર આજ તો તુને ખેલ ખેલ મેં ઉંગલી તોડ દી. મેરી ખ્વાઈશ હૈ કિ તુજે ઇસ ઉંગલી સે સંગીત કી દુનિયા કા બાદશાહ કરું. તુ સમજ લે તેરે લીએ તબલા હી દુનિયા હૈ. ખેલ જરૂરી હૈ લેકિન અપને મુખ્ય મકસદ મેં વહ બાધા નહીં બનના ચાહિએ.’

હા, આ વાર્તાલાપ એ વિશ્વવિખ્યાત તબલા વાદક ‘જાકીર હુસેન’ અને તેના પિતા ‘અલ્લારખા’ વચ્ચેનો છે. અહીં આપણને લાગે કે શું રમત જેવું થોડું ઘણું રિફ્રેશમેન્ટ ન જોઈએ...?

એક તરવરતી યુવાનીએ બસ એક દિવસ પોતાના મિત્રોને રાજી કરવા પોતાની મેચ છોડી. આ સિલસિલામાં જ તેના કોચે તેની પોલ ઉઘાડી કરવા પૂછ્યું ‘આજે તે કેટલા રન કર્યા? કેવી રીતે આઉટ થયો?’ ગુરુએ કાન પકડ્યા ને તે યુવાએ ભૂલ કબૂલી કે ‘ગુરુજી ! માફ કરો. મેં આજે જ બહાર બેસીને મિત્રોને પ્રોત્સાહિત કરવા મારી મેચ છોડી છે. બસ રિફ્રેશ થવા માટે!’ ત્યારે કોચનો ઉપદેશ એ તરુણ ઉપર તમાચા રૂપે ઊભરી આવ્યો ને સમસમતા તીર જેવા શબ્દો છૂટ્યા કે ‘સ્ટેડિયમમાં રહીને તાલી પાડવા કરતાં પીચમાં આઈને રમ, તો આખી દુનિયા તારા માટે તાલી પાડશે.’

આ શબ્દોનાં ટાંકણા વડે સર્જાયેલું શિલ્પ એટલે ‘સચિન તેંડુલકર.’ પરંતુ પ્રશ્ન થાય કે શું એકવાર પણ મિત્રો માટે રજા ન રાખી શકાય? આટલું રિફ્રેશમેન્ટ પણ નહીં?

ના, સફળતા માટે તો સ્વકાર્યમાં ગીતા કથિત શ્રદ્ધાની લૌ જીવનમાં સદા પ્રજ્વલિત રાખવી આવશ્યક નહીં પણ અનિવાર્ય છે.

એક વયોવૃદ્ધ સંતે આજીવન શ્રમ વેઠેલો. એકવાર વહેલી સવારે જાગી જતાં તેમના સેવકે કહ્યું,‘ સ્વામી! થોડો આરામ કરો.’ ત્યારે તે સંત કહે ‘ઊંઘ નહીં આવે.’ એટલે જાણે તેઓની ફરજ પ્રત્યેની સભાનતા આગળ ઊંઘ પણ માથું ઝૂકાવી દેતી. જે પુરુષને પોતાના કર્તવ્ય આગળ ઊંઘ પણ નજરે ન ચડતી હોય તેને ‘રિફ્રેશમેન્ટ’ જેવું તો શું હશે !

હા, આ પ્રસંગ છે તારીખ ૨૨ જૂન ૨૦૨૪ ના રાજકોટ શહેરનો ને એ વયોવૃદ્ધ સંત એટલે બી.એ.પી.એસ. સંસ્થાના વર્તમાન સુકાની ‘ગુરુહરિ શ્રીમહંતસ્વામી મહારાજ.’ જેમણે ૨૦૧૬ થી ૨૦૨૪ ના વર્ષ સુધીમાં અબુધાબીમાં હિન્દુ મંદિર, રોબિન્સવિલમાં અક્ષરધામ તથા કુલ ૫૪૦ જેટલાં મંદિરો સમાજને અર્પી દીધાં ને ૩૬૫ થી વધુ ચૈતન્ય મંદિરો (સંતો) સર્જ્યાં. આ મુજબ પ્રત્યેક છઠ્ઠા દિવસે તેઓએ એક મંદિર આપ્યું ને આઠમા દિવસે એક સાધુને દીક્ષા.

૯૧ વર્ષની ઉંમરે પણ જે સતત અનેક દેશોમાં વિચરતાં ૧૦૦ કરતાં વધુ સેન્ટરોમાં ઘૂમે ને સંસ્કારની અવિરત ગંગા વહાવતા હોય તેની આગળ તો ‘રિફ્રેશમેન્ટ’ જેવો શબ્દ શરમાઈ જાય. કારણકે એમને સ્વકાર્યમાં શ્રદ્ધાપૂર્વક મંડી પડવું એ જ ‘આરામ’.

‘સર, થોડા ફ્રેશ થઈ જઈએ.’ જેવાં નિવેદનો કરનારા ઘણા નમણા નેણ શાળામાં શિક્ષકોથી અજાણ નહીં હોય. ‘વી નીડ હોલી ડે.’ જેવા શબ્દોના સૂરોથી ઘણાં કર્મચારી કે કામ કરનારાઓની મનવીણા રણઝણતી હશે. તો વીક-એન્ડમાં ‘સન્ડે’ માટે તલસતાં પ્યાસા લોકો પણ સમાજમાં જરૂર આલોકિત થતા હશે. કામ પૂર્ણ થાય ને ‘હાશ’ ને કાઠિયાવાડની ‘છાશ’ની જેમ માણનારા પણ ‘નબીરાઓ’ હશે જ. કારણકે આ વિશ્વને ‘બહુરત્ના વસુન્ધરા’ એમ ને એમ નથી કહેતા.

હા, જે પોતાનાં કાર્યોમાં ‘એવર ફ્રેશ’ હોય તેને ‘રિફ્રેશમેન્ટ’ની જરૂર નથી! ■

વિશેષ


રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# ધર્મનું મૂલ્યાંકન કરવાની આપણી પાત્રતા કેટલી?

લોકોમાં ધર્મ વિશે જે ચર્ચાઓ થતી હોય છે, તેમાં ઘણીવાર મારો ધર્મ કેટલો ઉત્કૃષ્ટ અને અન્યનો કેવો નિકૃષ્ટ તેની ચર્ચા જોવા મળે છે. ત્યારે સવાલ એ થાય કે કોઈપણ ધર્મનું મૂલ્યાંકન કરવાની આપણી પાત્રતા કેટલી? આપણે કયા આધારે એ નક્કી કરી લઈએ કે ધર્મ સારો કે ખરાબ? આપણા ધર્મનાં શાસ્ત્રોનો એવો ગહન અભ્યાસ ખરો? કે આપણી એવી કોઈ સાધના કે તપ છે? મોટાભાગે તો જે તે ધર્મના સમુદાયમાં જે પ્રકારે ધર્મનું આચરણ થાય તેને જોઈને જ આપણે ધારણા બાંધી લઈએ છીએ.

પણ વ્યક્તિગત કે સામાજિક આચાર શું દરેક વખતે ધર્મના વિચારનું પ્રતિબિંબ હોય છે? ઉદાહરણ તરીકે કોઈ સાધુનો વેશ ધારણ કરેલ વ્યક્તિ ધર્મના નામ પર પાખંડ કરતો હોય એટલે એ ધર્મ પાખંડી છે એમ કહી શકાય?કોઈ ધર્મના નામે લોકોનું કોઈ જૂથ અન્ય પર અત્યાચાર કરે તો શું એ ધર્મ પોતે જ અત્યાચારી સાબિત થઇ જાય? તેમણે કરેલી વર્તણૂક તેમના સ્વયંની વિચારધારાનું પ્રતિબિંબ હોઈ શકે. તેમણે લીધેલું ધર્મનું આલંબન પણ ખરું. પણ તેને લીધે એ ધર્મ એવો કોઈ સંદેશ આપે છે તેવું તો ન કહી શકાય. એક જ ધર્મને અનુસરતા લોકો અલગ અલગ પ્રકારનું આચરણ કરતા હોય તે શક્ય છે.

મનુષ્ય પોતાના કર્તવ્ય અને સમજ અનુસાર જે કર્મ કરે છે, તે એકની નજરમાં ધર્મ તો બીજાની નજરમાં અધર્મ હોઈ શકે. કૃષ્ણનું જીવન પણ આવા વિરોધાભાસથી ભરેલું રહ્યું હતું. એટલે જ આજે પણ એ બાબતે ઘણા વિવાદો પણ થાય છે. દ્રૌપદીના પાંચ પતિ સાથેના વિવાહ કેમ ન અટકાવ્યા? દ્રૌપદીનું ચીરહરણ કેમ થવા દીધું? મહાભારતનું યુદ્ધ કેમ થવા દીધું? દુર્યોધનની જાંઘ પર પ્રહાર કેમ કરવાનું કહ્યું? અર્જુનના હાથે બહેનનું અપહરણ કેમ થવા દીધું? આવા તો સેંકડો પ્રશ્નો



કૃષ્ણની સામે ઉપસ્થિત થયા છે અને થાય છે.

સદગુરુ જગ્ગી વાસુદેવને એકવાર એક મુલાકાતમાં આ પ્રશ્ન કરવામાં આવેલો, ત્યારે તેમણે બહુ સુંદર જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું કે કૃષ્ણે દ્રૌપદી, ભીમ, અર્જુન, યુધિષ્ઠિર સહિત અનેક લોકોને અલગ અલગ સમયે ધર્મ વિગતવાર સમજાવ્યો. હું તેમના દરેક જવાબ વિશે વાત નહીં કરું, પણ તેમણે સામાન્ય શબ્દોમાં કહ્યું, ‘અત્યારે મને ખબર પણ નથી કે આ ક્ષણે કર્મની દ્રષ્ટિએ ધર્મ શું છે, કારણ કે કર્મ સંજોગો પર આધારિત છે. ભલે આપણે નક્કી કરીએ કે શું સાચું છે અને શું ખોટું, બહારથી જોતાં આપણે થોડા ખોટા હોઈ શકીએ છીએ. પરંતુ જ્યારે મારા સ્વધર્મ (જીવનમાં મારી પોતાની ફરજ) ની વાત આવે છે, એટલે કે, મારે મારી અંદર કેવી રીતે રહેવું જોઈએ, ત્યારે હું તેના વિશે ખૂબ જ સ્પષ્ટ છું. એક બુદ્ધિશાળી વ્યક્તિના મનમાં પણ ૧૦૦% સ્પષ્ટતા હોતી નથી કે તેણે કેવી રીતે વર્તવું જોઈએ. તે હંમેશાં પોતાના નિર્ણયનું મૂલ્યાંકન કરે છે. જો તમે તેને અન્ય જીવોના દૃષ્ટિકોણથી જોવાનો પ્રયાસ કરશો, તો તમને ખબર પડશે કે આપણે જે કંઈ કરીએ છીએ, આપણું અસ્તિત્વ, આપણો ખોરાક, આપણું જીવન, આપણો શ્વાસ, બધું જ કોઈને કોઈ રીતે તે અન્ય જીવો માટે અન્યાયી છે.’

અર્થાત ધર્મનું મૂલ્યાંકન જો આપણે કર્મની દ્રષ્ટિએ કરીએ તો તે કર્મના પરિણામમાં સ્વાર્થ હતો કે પરમાર્થ? તે પણ જોવું પડે. અને જો કર્મના આધારે મૂલ્યાંકન ન કરીએ તો શુદ્ધ ધર્મનો માર્ગ જે શાસ્ત્રકારોએ બતાવ્યો છે, તેમાં તો ખોટ કાઢવાની આપણી હેસિયત પણ નથી.

તેમ છતાં ઘણા કહેવાતા વિદ્વાનો આવી ધૃષ્ટતા કરતા હોય છે. સમાજમાં પ્રચલિત રૂઢિઓ, રિવાજો કે પરંપરાઓને ધર્મમાં કથિત ગણાવીને તેઓ ધર્મની આલોચના કરે છે. પરંતુ તેના માટે વેદ, ઉપનિષદ, પુરાણો, શ્રુતિ કે સ્મૃતિનાં પ્રમાણો તેઓ આપી શકતા નથી. જેમકે, એક સમયે લોકો કહેતા કે સતી પ્રથા એ હિન્દુ ધર્મનું દૂષણ છે. હા, હિન્દુ ધર્મમાં માનનારો સમાજનો એક વર્ગ તેમાં અવશ્ય માનતો હતો. ક્યારેક સ્ત્રીઓએ પરદેશી આક્રમણકારોથી બચવા જાતે સતી થવાનું સ્વીકાર્યું અને ક્યારેક અમુક વર્ગે તેને અનિવાર્ય કહીને સ્ત્રીઓને સતી થવા મજબૂર કરી. મહાભારતમાં પણ સતી થયેલી સ્ત્રીઓની વાત જરૂર આવે છે. પણ કોઈ ધર્મગ્રંથમાં એવું લખ્યું છે ખરું કે સ્ત્રીઓએ સતી થવું જોઈએ? બિલકુલ નહીં. ઋગ્વેદ સતી થવાને બદલે જીવન ચાલુ રાખવાનો આદેશ આપે છે. આ વાત સમાજમાં ઘણી પ્રચલિત માન્યતાઓ અને પરંપરાઓને લાગુ પડે છે.

આમ, કોઈપણ ધર્મનું મૂલ્યાંકન એકપક્ષી રીતે કરીએ તો તે ધર્મને તો અન્યાય થાય જ, પણ સાથે આપણે ધર્મથી વિમુખ થઈએ અને ધર્મ નિંદાનું પાપ પણ લાગે છે. ખાસ કરીને ધર્મ અત્યંત ગહન વિષય છે. તેના યોગ્ય સ્વાધ્યાય અને ગુરુના માર્ગદર્શન વિના બાંધેલા અભિપ્રાયો અધ્યાત્મના માર્ગમાં અવરોધ બની શકે છે. તેથી નરસિંહ મહેતાના શબ્દોમાં,

‘આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી.’ ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# ધર્મ વ્યક્તિથી પર હોઈ શકે?



ધર્મતેજ પૂર્તિના વાચક બિરાદરો તમે કોઈપણ ધર્મનો અભ્યાસ કરો, દરેક ધર્મ વ્યક્તિનો મદદગાર જ હોય છે

* ડર લાગે તો મદદ મેળવવા રામનું નામ લો,
* ખુદાને યાદ કરો,
* નવકાર મંત્ર ભણો,
* એ માનસિક મદદ મળી જ કહેવાય.
* જીવનમાં કયું કાર્ય યોગ્ય, કયું અયોગ્ય?
* કયું કાર્ય કરવાની છૂટ, શાની પાબંદી?
- એ બધું શીખવે ધર્મ.
- એટલે જ ધર્મના નામ-સ્વરૂપ અલગ હોય
- પરંતુ તાત્ત્વિક રીતે બે ધર્મ વચ્ચે કોઈ ભેદ ન હોય....
- અને છતાં જ્યારે આપણે ચારેય તરફ ધર્મના નામે પક્ષાપક્ષી,
* મતભેદ
* સંઘર્ષ
* લડાઈ, ટંટા, ફસાદ, રમખાણ, યુદ્ધ જોઈએ છીએ, ત્યારે આપણને આશ્ચર્ય થાય છે કે આ ધર્મ હશે?
* ના-એ ધર્મ નથી.
* ધર્મ તો સમાધાનકારી છે,
* ઈશ્વરને પ્રાર્થના હોય કે
* ખુદાની બંદગી...!
* માનસિક શાંતિ મુખ્ય છે અને એ ધર્મ છે.
* એટલે જ જેઓ સાચા જ્ઞાનીઓ છે તેઓ ધર્મના નામે વિવાદ કરવાની પાબંદી ફરમાવે છે.
- પરંતુ માણસને અવકપાંસળીઓ અમસ્તો નથી કહેવાતો.
* એ કુદરતી નિયમો અને ન્યાયની વિરુદ્ધ જ્યારે વર્તન કરે છે ત્યારે...
* હાહાકાર સર્જાય છે,
* ખાનાખરાબી થાય છે,
* જાનહાનિ થાય છે,
* તબાહી વરસે છે...
- આ બધું જ શૈતાની વૃત્તિનું પરિણામ છે.

દરિયાના મોતીઃ

* સુઘરી સરસ માળો બાંધે છે એ સાચું પણ એની ડિઝાઈનમાં ક્યારેય ફેરફાર થયો નથી.
* મધમાખી મધ ભેગું કરે છે પણ એની રસમ તથા પ્રક્રિયામાં ક્યારેય ફેરફાર થયો નથી.
* બિલાડી કે કૂતરાને ગમે તેટલી તાલીમ અપાય, પરંતુ એ નિયત સીમા બહારની તાલીમ પામી જ ન શકે.
- જ્યારે માનવીનું એવું નથી.
- ગુફા અને જાનવરની ખાલથી દેહનું રક્ષણ કરતાં કરતાં માણસ આજે સ્પેસયાનમાં મહિનાઓ ગાળતો થયો છે.
* ધરતી તો ધરતી અવકાશમાં પણ વનસ્પતી ઉગાડવાનો પ્રયત્ન કરે છે.
* કૂતરા-બિલાડાને પ્રાદેશિક સીમા,
* ભાષાનું બંધન,
* જીવનમાં સ્વરચતિ કાનૂનોનું પાલન કરવાનું હોતું નથી.
* માણસને આ બધું કરવાનું હોય છે.
* કારણ બીજા તમામ જીવો કરતાં માણસ પાસે એક ખાસ ચીજ છે અને તે બુદ્ધિ.
- આ બુદ્ધિએ સર્જેલા
* આદર્શો, ધ્યેયો,
* શોધેલા સત્યો, સિદ્ધાંતો,
* ઘડેલાં નિયમો, કાનૂનો,
* વ્યક્ત કરેલા વિચારો, તત્ત્વો,
- એ તમામને એક એવું નામ આપ્યું જેનું સૌ સમજી શકે અને આ નામ એટલે
* ધર્મ.

**પ્રેરણાસ્ત્રોતઃ**

જ્યારે મહાન શક્તિઓનો દુરુપયોગ કરવામાં આવે છે, ત્યારે વિશ્વમાં અશાંતિ ફેલાવી સ્વાભાવિક જ છે. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# રાધા એટલે રાધા...



ભાગવતનું એક પરમ શુદ્ધ અને પ્રેમાળ વ્યક્તિત્વ એટલે રાધા. રાધા એટલે રાધા. અહીં કોઈ સમકક્ષ નથી, અહીં કોઈ સરખામણી નથી, અહીં કોઈ 'આગળ' નથી. ઈશ્વર અર્થાત શ્રી કૃષ્ણ પ્રત્યેના પ્રેમની અંતિમ સમજ એટલે રાધા. શ્રી કૃષ્ણ પ્રત્યેના સર્વ-સાત્ત્વિક સમર્પણની સ્થિતિ એટલે રાધા. શ્રી કૃષ્ણને મધુરતાથી ભક્તિ-બંધન કે પ્રેમ-બંધનમાં જકડી શકવાની સંભાવના એટલે રાધા. એમ માનવામાં આવે છે કે સર્વ સમર્થ, સર્વશક્તિમાન, સર્વજ્ઞ શ્રી કૃષ્ણની નબળાઈ એટલે રાધા. પણ વાસ્તવિકતા એ છે કે શ્રી કૃષ્ણની શક્તિ એટલે રાધા. રાધા એટલે રાધા.

કોઈ અપેક્ષા નહીં, માત્ર સમર્પણ. કોઈ માગણી નહીં, માત્ર અર્પણ. કોઈ ક્રિયાકાંડ નહીં, માત્ર તર્પણ. કોઈ અનુભવ નહીં માત્ર અંતરનો આવેગ. કોઈ સુયોજિત વિચાર નહીં, માત્ર લાગણીઓનો પ્ર-વેગ. કોઈ માર્ગદર્શન નહીં, માત્ર ઉછળતો સુ-વેગ. કોઈપણ પ્રકારની જાણકારી વગરનાં, ગણતરી વગરનાં, આયોજન વગરનાં પ્રેમનું પ્રતીક એટલે રાધા. કોઈ ગુરુ નહીં, માત્ર અંતરનો આદેશ. કોઈ વ્યવહાર નહીં, માત્ર પ્રેમ. કોઈ બાંયધરી નહીં, માત્ર વિશ્વાસ. કોઈ વિધિવિધાન નહીં, માત્ર શ્રદ્ધા. કોઈ અધિકાર નહીં, માત્ર સેવા. કોઈ શાસ્ત્ર નહીં, માત્ર પવિત્રતાનું અનુસરણ. કોઈ દેખાડો નહીં, માત્ર નિર્મળતા. કોઈ આચરણ નહીં, માત્ર પવિત્રતા. કોઈ શણગાર નહીં, માત્ર શુદ્ધિ. કોઈ વચન-અપેક્ષા નહીં, માત્ર પ્રતીક્ષા. કોઈ વર્ચસ્વ-ભાવ નહીં, માત્ર લઘુતા. કોઈ સહવાસ નહીં, માત્ર અંતરનું જોડાણ. કોઈ દ્રશ્ય નહીં, માત્ર દ્રષ્ટિ. કોઈ ધ્વનિ નહીં, માત્ર બ્રહ્મનાદ. કશું જ સાકાર નહીં, માત્ર નિરાકાર. કશું જ મર્યાદિત નહીં, બધું જ અપાર. કશું જ સમયને આધીન નહીં, બધું જ શાશ્વત. રાધાનો પ્રેમ શાશ્વત, રાધા શાશ્વત. રાધાનો પ્રેમ અપાર, રાધા અપાર. રાધાનો પ્રેમ શ્રી કૃષ્ણ, રાધા સ્વયં શ્રી કૃષ્ણ.

નહીં અહીં કે નહીં ત્યાં, સર્વત્ર. નહીં વ્યવહાર કે નહીં વિનિમય, માત્ર વાસ્તવિકતા. નહીં દિવસનો પ્રભાવ કે નહીં રાત્રીની મર્યાદા, માત્ર નિત્યતા. નહીં ભૂત કે નહીં ભવિષ્ય, માત્ર વર્તમાન. નહીં બંધન કે નહીં સ્વતંત્રતા, માત્ર સાક્ષીભાવ. રાધાનો શ્રી કૃષ્ણ પ્રત્યેનો ભાવ એટલે નીતરતો શુદ્ધ પ્રેમ, અંતરનો પવિત્ર ઉમળકો, નિર્મળ સાત્ત્વિક ઉજાસ, અકલ્પનીય પૂર્ણ-મધુરતા, અનંત અને નિત્યનો પ્રકાશ, અંતરની સાક્ષી, ભાવનાનો પવિત્રતમ ઉમળકો; જે છે ભૂલોકની અદ્વિતીય ઘટના.

શ્રી કૃષ્ણની વાંસળીમાં રાધાનો વાસ હોય તેમ જણાય છે. આ વાંસળીમાંથી વહેતું મધમીઠું સંગીત એટલે રાધાની મધુરતા, તે સમયે સમગ્રતામાં અનુભવાતી શાંતિ એટલે રાધાના અસ્તિત્વનો પ્રભાવ, યમુનાના જળમાં ક્ષણિક સ્થપાતી સ્તબ્ધતા એટલે રાધા પ્રત્યેની મંત્રમુગ્ધતા, વાંસળીનાં સંગીતને અત્ર તત્ર સર્વત્ર પ્રસારતા પવનમાં સ્થાપિત થતી શીતળતા એટલે રાધાના મનના ભાવનું પ્રતિબિંબ, સમગ્ર પ્રકૃતિમાં છવાઈ જતી સુમધુરતા એટલે રાધાના સુ-નયનોની અસર, ચારે તરફથી વાંસળીનાં સંગીત તરફ વૃંદાવનની વનરાજીનો ઝુકાવ એટલે રાધાની હાજરી પ્રત્યેનું આકર્ષણ અને તે બધાં સાથે દેવતાઓનું ત્યાં હાજર થવું એટલે રાધા પ્રત્યેનો તેમનો એક પ્રકારનો આદર પણ ખરો અને અંદરખાનેથી ઈર્ષા પણ ખરી. રાધા છે એટલે વાંસળી છે. રાધા છે એટલે વાંસળીનું સંગીત છે. રાધા છે એટલે તે સંગીતમાં મધુરતા છે. રાધા છે એટલે તે મધુરતાની પ્રતીતિ શક્ય બને છે. આ પ્રતીતિ શક્ય બનતાં જ બધું જ રાધામય, સંગીતમય, વાંસળીમય, શ્રી કૃષ્ણમય બની જાય.

ગીતામાં શ્રી કૃષ્ણ સ્વયં કહે છે કે, ચાર પ્રકારનાં ભક્ત મને ભજે છે. આર્ત અર્થાત જે દુ:ખી છે, અર્થાર્થી અર્થાત જેને અર્થની અપેક્ષા છે, જિજ્ઞાસુ અર્થાત જેને સત્ય જાણવાની ઉત્કંઠા છે અને જ્ઞાની અર્થાત જે સત્યને પામી ચૂકેલ છે. કદાચ, રાધાની ગણના આ ચારમાં ન થઈ શકે. રાધા દુ:ખી તો હતી જ નહીં, શ્રી કૃષ્ણ પાસેથી કોઈપણ પ્રકારનો અર્થ પામવાની તેની અપેક્ષા પણ ન હતી, જિજ્ઞાસાને કારણે પણ શ્રી કૃષ્ણ પ્રત્યેનો તેનો ભાવ ન હતો. બની શકે કે તે કદાચ જ્ઞાની હોય, પરંતુ તેનાં તે જન્મનો પૌરાણિક ઇતિહાસ આમ જણાવતો નથી. અર્થાત રાધા એ પ્રકારની ભક્ત છે કે જેની ગણના સામાન્ય પરિસ્થિતિમાં, સામાન્ય વર્ગીકરણમાં ન થઈ શકે. આની પાછળ કારણ માત્ર એટલું હોઈ શકે કે રાધા દુનિયાના સમીકરણમાં બંધ બેસે તેવી વ્યક્તિ પણ ન હતી, તે પ્રમાણેનો તેનો ભાવ પણ ન હતો અને તેનું અને શ્રીકૃષ્ણ વચ્ચેનું સમીકરણ પણ લૌકિક નહીં પરંતુ અલૌકિક સ્તરનું હતું. એમ જણાય છે કે આ કોઈ બીજા જ લોકની ઘટના હોય.

અહીં પવિત્રતા છે, શુદ્ધતા છે, સાત્ત્વિકતા છે, નિર્મળતા છે, ઉચ્ચતા છે, પ્રકાશ છે, મધુરતા છે, સમર્પણ છે, કરુણા છે, સમજણ છે, વિશ્વાસ છે, શ્રદ્ધા છે, ઈશ્વરીય વૃત્તિ છે, દૈવી કૃપા છે, અપેક્ષા-વિહીનતા છે, અડગતા છે, સંપૂર્ણતા છે, શાશ્વતતા છે, અનંતતા છે, આત્મીયતા છે, સર્વવ્યાપકતા છે, સુંદરતા છે, વાસ્તવિકતા છે, શ્રેષ્ઠતા છે, કલ્યાણ છે, યોગ છે, શાંતિ છે, પરમ આનંદ છે, ભક્તિ છે, જ્ઞાન છે - વિશ્વનો પ્રત્યેક દૈવી ભાવ છે. સ્વાર્થની વાત તો યોજનો દૂર રહી, અહીં કોઈપણ પ્રકારના ફળની અપેક્ષા પણ નથી, સૃષ્ટિના સમીકરણ સાથે સંવાદિતતા છે, વર્તમાનના સંદર્ભમાં સહયોગી અને સહભાગી થવાનો ભાવ છે, પરસ્પરનો આધાર પણ છે અને આધારિત પણ છે. વિશ્વનું અલૌકિક સાધન પણ છે અને સાધ્ય પણ છે, અહીં રાધા સ્વયં શ્રી કૃષ્ણ પણ છે અને શ્રી કૃષ્ણ સ્વયં રાધા પણ છે. એટલે જ કહેવું પડે કે રાધા એટલે રાધા. ■

# શાશ્વત ભાવોની હૃદયસ્પર્શી અભિવ્યક્તિ: પ્રાકૃત-અપભ્રંશ ગાથાઓ

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

પ્રાકૃત-અપભ્રંશમાં પ્રચલિત ગાથાઓને એકત્ર કરીને એના સંચયની કામગીરીમાં જે રાજાઓના યોગદાનની અનેક દંતકથાઓ પ્રચલિત છે એવા કવિ હાલ હકીકતે તો કથાસરિત્સાગરમાં સોમદેવે જે પ્રાકૃત ભાષાપ્રેમી અને કવિવત્સલ રાજવી સાતવાહનની જે વાત કરી છે તે જ સાતવાહન ઉપરથી સાસવાણ્ણ એમાંથી સાસાહણ્ણ એમાંથી સાસ અને લોકબોલીમાં હાલ તરીકે સુપ્રસિદ્ધ થયા. આ કવિ હાલ રચિત અને એકત્રિત ગાહાકોશ, ગાથાસપ્તશતી સૌથી પ્રાચીન સંચય ગણાય છે. ઈ.સ.ની બીજી-ત્રીજી શતાબ્દીથી પ્રચલિત આ બધી ગાથાઓ ત્યાર પછી અન્ય કવિઓએ એમના ગ્રંથોમાં ઉદાહૃત કરી અને એમ સચવાઈ રહી.

નવમી શતાબ્દીના કવિશ્રી સ્વયંભૂએ અને એ પછી હેમચંદ્રાચાર્યે એમના ગ્રંથોમા કવિ હાલની ઘણી બધી પ્રાકૃત ગાથાઓને ઉદાહૃત કરી છે. બીજી-ત્રીજી શતાબ્દીથી કવિ હાલ વિષયક અનેક દંતકથાઓ પણ પ્રચલિત છે. ગુણાઢય, પાદલિપ્ત આદિનોએ આશ્રયદાતા માનય છે. સંસ્કૃતભાષા પરત્વેનું એનું પોતાનું અજ્ઞાન અને પ્રાકૃત આદિ લોકબોલી પરત્વેનો પ્રેમ, વિલાસી પ્રકૃતિ તથા વિક્રમાદિત્ય જેવા રાજવીને યુદ્ધમાં પરાજિત કર્યાના ઉલ્લેખો પણ એમના સંદર્ભે સાંપડે છે.

હાલ-સાતવાહન રચિત અને સંગ્રહિત ગાથાઓ એની કવિત્વ શક્તિની, સૌંદર્યદષ્ટિની અને કલ્પનાશક્તિની પરિચાયક છે. ગાથાઓની વિષયસામગ્રીમાં કેન્દ્રસ્થાને રહેલ ભાવવિશ્વ સનાતન અને શાશ્વત કોટિનું કોઈને આજે પણ આપણાં ચિતને પ્રસન્ન કરે છે. પ્રાચીન ભારતીય લઘુ કવિતાના ઉમા ઉદાહરણરૂપ આ ગાથાઓના વિપુલ પ્રવાહમાંથી ખોબો ભરીને થોડી ગાથાઓનું રસપાન કરાવવાનો ઉપક્રમ છે.

દાંપત્યજીવનમાં રીસામણાં-મનામણાં તો ચાલે પણ એમાં મહિમા રીસાયેલી સ્ત્રીને મનાવી લેવાનો છે. પુરુષને મનાવવાની વાતને નહીં પણ આવા સમયે સ્ત્રીને મનાવીને એનો પતિ ખરા અર્થમાં કેવી રીતે સ્વામીપદને પ્રાપ્ત કરે છે એ ભારે મર્મથી કવિએ કહ્યું છે.

*નૂમેંતિ જે પહું કૂવિઅન દાસવ જે પસાઅંતિ;*
*તે-ચ્ચિઅ મહિલાણ પિઆ સેસા સામિ-ચ્ચિઅ વરાઆ.*

જે પતિઓ પોતાનું સ્વામીપણું પ્રગટ કરવાને બદલે દાસ-સેવક જેવા થઈને રિસાયેલી કે કોપેલી પ્રિયતમાને-પત્નીને મનાવી લે છે, તેઓ જ ખરા અર્થમાં સ્ત્રીઓના- પ્રિયતમના-પ્રિયતમ બાકીના તો બિચારા માત્ર સ્વામી.

અહીં કોણ પ્રિયતમ બની શકે અને કોણ માત્ર સ્વામીપદ જાળવી શકે એનો નિર્દેશ કરીને મહિમા સ્વામીપદનો નહીં પણ પ્રિયતમપદ પ્રાપ્ત કરવામાં છે, અને એ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય એનો સંકેત



પણ ભારે માર્મિક રીતે કરાયો છે. બીજી એક ગાથામાં પણ પ્રિયતમાના દૃષ્ટિબિંદુથી પ્રિયતમના વ્યવહારને ભારે મર્મપૂર્ણ ભાષામાં અભિવ્યક્તિણ પ્રાપ્ત થઈ છે.

*જે સમુહાગઅ-વોલંત-વલિઅ-પિઅ-પેસિઅચ્છિ-વિચ્છોહા;*
*અમ્હં તે મઅણ-સરા જણસ્સ જે હોંતિ તે હોંતુ.*

મનાવવા માટે ખૂબ જ નજીક સરીને આવેલા, નહીં મનાવાને કારણે પછીથી ચાલતા થયેલા, કદાચ હવે રીસ-ક્રોધ ઊતરી ગયો હશે. એમ માનીને મુખને પાછું ફેરવીને દૃષ્ટિપાત કરતા પ્રિયતમની ક્ષોભ સંકોચસભર દષ્ટિ જ અમારે મન તો કામદેવનાં બાણ સમાન છે. બીજા લોકો ભલેને જુદાં જ કામબાણ હોવાનું કહેતા હોય.

આવા કામબાણ ફેંક્તો પ્રિયતમ જયારે પ્રિયતમાને ચુંબન કરે ત્યારે પ્રિયતમા પણ પ્રિયતમને તડપાવવા માટે આનાકાની કરીને માથું ધુણાવે અને એ દૃશ્ય ખડું થાય એના સુંદર શબ્દચિત્રોવાળી ગાથા જુઓ.

*ભરિમો સે ગહિઆહર-ધુખ-સીસ-પહોલિરાલઆઉલિઅં;*
*વઅડાં પરિમલ-તરલિઅ-ભમરાલિ-પઈણ્ણ-કમલં વ*

ચુંબન કરવા પ્રિયતમે તેનો હોઠ ગ્રહ્યો ત્યારે માથું ધુણાવતાં ધુણાવતાં તેના ગોરા ચહેરા પર વાળની લટો નાચી રહી હતી. પવનના ઝાપટાને કારણે ચંચળ બનેલી ભ્રમરાવલિથી છવાયેલા કમળ સમાન પ્રિયતમાનો એ ચહેરો અમારી સ્મૃતિમાં તીવ્ર રીતે ઊપસી આવે છે.

એક બીજું હૃદયસ્પર્શી ગાથાચિત્ર પણ આસ્વાદીએ. અહીં પડખું ફેરવીને - રિસાઈને પડેલી પ્રિયતમાની પીઠ પાછળ પડખું ફરીને નિસાસા નાખી રહેલો પ્રિયતમ પહેલા હૈયું બાળીને હવે પીઠ બાળી રહ્યો છે. પ્રિયતમાનાં ઉક્તિરૂપે કહેવાયેલી એ ગાથા જુઓ.

*ઉક્હાઈ નીસસંતો કીસ મહ પરમ્મુહીઅ અસણદ્ધે;*
*હિઅઅં પલીવિઉં અણુસએણ પુટ્ઠિ પલીવેસિ.*

મારું પથારીના અર્ધા ભાગમાં પડખું ફેરવીને સુતેલીનું હૈયું બાળીને હવે પાછળથી પશ્ચાતાપના ઉષ્ણ નિસાસાઓ નાખ્યા કરીને હવે તું મારી પીઠને કાં બાળી રહ્યો છે? આવા રિસામણાં-મનામણાંની પ્રક્રિયા વચ્ચે જેણે જીવન જીવ્યું છે - બધું જીરવ્યું છે એ દંપતીની જોડી ખંડિત થાય ત્યારે પાછળ રહેલી વ્યક્તિની શું સ્થિતિ સર્જાય? એના ભાવને એક ગાથામાં ભારે અસરકારક અભિવ્યક્તિ સાંપડી છે. ગાથામાં પાછળ રહી ગયેલ, ખંડિત થઈને જીવતા સ્ત્રી કે પુરુષની જીવવા છતાં મૃત્યુ પામેલા જેવી સ્થિતિ સર્જાય છે, ગાથામાં કહેવાયું છે કે-

*સમ-સોક્ખ-દુકખ-પરિવડ્ઢિઆણ કાલેણ રૂઢ-પેમ્માણ;*
*મિહુણાણ મરઈ જં તં-ખુ જિઅઈ ઈઅરં મુઅં હોઈ.*

સુખદુ:ખના પ્રસંગોમાં સહભાગી બનીને જેમણે વર્ષો સાથે સહવાસમાં વિતાવ્યાં છે અને જેમનો પ્રેમ અત્યંત દઢ બનેલો છે તેવા દંપતીમાંથી જે પહેલાં મૃત્યુને વરે છે તે જ જીવી જાય છે અને પાછળ બાકી રહી જાય તે ખરા અર્થમાં મૃત્યુ પામેલ ગણાય છે.

દામ્પત્યજીવનમાં પ્રેમ, વિરહ અને અભાવ જેવા શાશ્વત-સનાતન ભાવોને ગાથાના રચયિતાઓએ કેટલાં બધાં વર્ષો પૂર્વે કેવી બળકટ અભિવ્યક્તિ અર્પી છે એનો સુંદર પરિચય અહીંથી થાય છે. ભારતીય કાવ્યસાહિત્યની ઉજજવળ પરંપરાનું તેજસ્વી પ્રકરણરૂપ આવી ગાથાઓ સાંપ્રત કવિઓને દિશાબોધ આપીને કેવા સાહિત્યિક વારસાના અનુસંધાનરૂપે વાહકરૂપ બનવાનું છે એનો પડકાર પણ ફેંકે છે. એકાદ પરિસ્થિતિ અને એમાં રહેલા ભાવને અભિવ્યક્ત કરીને માનવજીવનની યાદગાર ક્ષણોના રેખાચિત્રો સાહિત્યકૃતિ દ્વારા કેટલા લાઘવ અને કેવા હૃદયસ્પર્શી રીતે પ્રગટ કરી શકાય એના તેજસ્વી ઉદાહરણરૂપ ગાથાઓને આપણી સંસ્કૃત સુભાષિત અને ગુજરાતી દુહા કે અર્વાચીન ગઝલના શેરની સાથે કોઈએ તુલનાવીને અભ્યાસ કરવો જોઈએ. ■

# જો તમે ઈર્ષા ને અહંકારનો ત્યાગ કરશો તો તમારા કૂવાનું પાણી પણ મીઠું થઈ જશે...

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com



(ગતાંકથી ચાલુ)

શિવરાત્રીની પૂર્ણ રાત શિવલિંગ પર બીલીપત્ર ચઢાવી, પોતાના પાપનું પશ્ચાત્તાપ કરતા શિકારી ગુરુ ધ્રુવ પર પ્રસન્ન થયેલા ભગવાન શિવ ત્યાં પધારે છે અને કહે છે, 'ઉઠો ગુરુ ધ્રુવ, હું તમારો કાયાકલ્પ શિંગવેરપુરના રાજા તરીકે કરું છું. દ્વાપર યુગમાં ભગવાન શ્રીહરિ વિષ્ણુના અવતારના પરમ મિત્ર તરીકે તમે અમર થશો અને કળિયુગમાં તમારી આ કથા જે સાંભળશે તેનું કલ્યાણ થશે.' ગુરુ ધ્રુવ કહે છે, 'મહાદેવ આ મૃગ ભાઈ-બહેનના પરિવારને લીધે જ હું તમને પામી શક્યો છું. દેવાધિદેવ એમનું પણ કલ્યાણ કરો.' આટલું બોલતાં જ ભગવાન શિવના ત્રિશુળમાંથી નીકળેલો પ્રકાશ એ મૃગ પરિવાર પર પડતા જ મૃગ પરિવાર માનવ બની જાય છે. ભગવાન શિવ કહે છે, 'હે ગુરુ ધ્રુવ તમારી ઈચ્છા અને અન્યોનું કલ્યાણ કરવાની ઈચ્છા પ્રબળ હોવાથી આ મૃગ પરિવાર હવે પશુ યોનીમાંથી માનવ યોનીમાં પ્રવેશ્યું છે. હું તેમને મારા શિવગણોમાં સામેલ કરું છું આજથી તેઓ કૈલાસ પર નિવાસ કરશે. મૃગમાંથી માનવ બનેલું ભાઈ-બહેનનું પરિવાર ભગવાન શિવના આશીર્વાદ લે છે અને કહે છે, 'પ્રભુ તમારા આશીર્વાદ અમને મળ્યા અને શિવગણ તરીકે કૈલાસ ખાતે સ્થાન મળ્યું એનાથી વિશેષ શું હોઈ શકે.' કૈલાસ આવેલા નવા સાથીઓને મળીને નંદી સહિતના શિવગણો આનંદિત થઈ જાય છે. માતા પાર્વતી નંદી મહારાજની ઈચ્છા અને ઉત્સાહને ઓસરવા ન દેતાં તેમના હાથે ખીર બનાવે છે અને કૈલાસ ખાતે સમગ્ર શિવગણ ભગવાન શિવ સહિત માતા પાર્વતીના હાથની ખીર ખાઈની આનંદિત થાય છે. થોડા સમય બાદ કૈલાસ ખાતે બે સ્ત્રીઓના સ્વર કૈલાસ સુધી પહોંચવા માંડે છે. અચંબિત માતા પાર્વતી ભગવાન શિવને કહે છે, 'સ્વામી ફરી બે સ્ત્રીનો સ્વર કૈલાસ સુધી પહોંચવા માંડ્યો છે, શું આ બે સ્ત્રીઓ આસુરી વૃત્તિ ધરાવે છે.' તેના જવાબમાં ભગવાન શિવે કહ્યું કે, 'દેવી આ બે સ્ત્રીઓ બુંદેલગઢના રાજા ભાનુપ્રતાપની પત્ની ચંદ્રમુખી અને બહેન રત્નાવલી છે. બંને સ્ત્રીઓ બુંદેલગઢ રાજ્યથી જનારા મુસાફરો માટે કુવો ખોદાવવા માગતાં હતાં. રાણી ચંદ્રમુખીએ ઉશ્કેરાઈને કહ્યું કે, 'તેં ઈર્ષાને લીધે જ કૂવો ખોદાવવા માગણી કરી છે એટલે તારા કૂવાનું પાણી ખારું જ નીકળશે.' મહારાજા ભાનુપ્રતાપે કહ્યું કે, 'તમે નણંદ-ભોજાઈ ઝઘડો નહીં, સૌથી પહેલા તમે બંને કહો ત્યાં કૂવો ખોદાવીશ અને તેનું પાણી હું ચાખી જોઈશ કે કયું પાણી મીઠું છે અને કયું પાણી ખારું.' રાજા ભાનુપ્રતાપના આદેશથી નણંદ-ભોજાઈ દ્વારા બતાવવામાં આવેલી જગ્યા પર કૂવો ખોદવાનું ચાલું થયું. નણંદ રત્નાવલી અને ભોજાઈ રાણી ચંદ્રમુખી બંને મારા ભક્ત છે. તેઓ બંને મારી આરાધના કરી રહ્યા છે કે તેમના કૂવાનું પાણી મીઠું નીકળે. માતા પાર્વતી ભગવાન શિવને પૂછે છે કે. 'સ્વામી આ પરિસ્થિતિમાં કોનું પાણી મીઠું લાગશે.' તો ભગવાન શિવ કહે છે, દેવી, તમે શું બોલી રહ્યા છો, એ બંને મારા ભક્ત છે, બંનેના કૂવાનું પાણી તો મીઠું જ નીકળશે. પણ... જુઓ આગળ આગળ શું થાય છે.

***

માતા પાર્વતી: 'સ્વામી હું પણ તમારી સાથે આવી જોવા માગું છું કે તમારા ભક્ત એવાં નણંદ-ભોજાઈના ગૃહયુદ્ધમાં કોણ વિજેતા બને છે.

ભગવાન શિવ: 'ચાલો પાર્વતી.'

ભગવાન શિવ અને પાર્વતી પ્રથમ રાણી ચંદ્રમુખી પાસે પહોંચ્યા.

ભગવાન શિવ: 'રાણી ચંદ્રમુખી આંખ ખોલો.'

રાણી ચંદ્રમુખી: 'મહાદેવ અને માતા પાર્વતીના સાથે દર્શન કરી હું ધન્ય થઈ ગઈ.'

ભગવાન શિવ: 'રાણી ચંદ્રમુખી હું પ્રસન્ન છું તમારે જે જોઈતું હોય તે મનમાં ઈચ્છા કરો.'

રાણી ચંદ્રમુખીએ મનમાં ઇચ્છા ધરી.

ભગવાન શિવ: 'તથાસ્તુ.'

ત્યારબાદ ભગવાન શિવ અને માતા પાર્વતી બહેન રત્નાવલી પાસે પહોંચ્યા.

ભગવાન શિવ: 'દીકરી રત્નાવલી આંખ ખોલ.'

રત્નાવલી: 'પ્રભુ માતા પાર્વતી સહ તમારા દર્શન થયા હું ધન્ય થઈ ગઈ.'

ભગવાન શિવ: 'રત્નાવલી તારા પર પણ હું પ્રસન્ન છું તારે જે જોઈતું હોય તે મનમાં ઈચ્છા કર.'

રત્નાવલીએ પણ મનમાં ઈચ્છા ધરી.

ભગવાન શિવ: 'તથાસ્તુ.'

ભગવાન શિવ અને માતા પાર્વતી બંનેને વરદાન આપી અદૃશ્યરૂપે ત્યાં ઉપસ્થિત રહ્યાં.

રાણી ચંદ્રમુખી અને બહેન રત્નાવલીએ કૂવા ખોદાવ્યાં અને બંનેને માતા પાર્વતી સહિત ભગવાન શિવે વરદાન આપ્યું એ વાત પ્રજાજનોમાં ફેલાઈ ગઈ. આ વાત આજુ બાજુ નાં રાજ્યમાં પણ ફેલાઈ ગઈ. ત્યાંના રાજકુમારો પણ ત્યાં આવી પહોંચ્યા.

કૂવા તૈયાર થઈ ગયા હતા, અસંખ્ય પ્રજાજનો અને અન્ય રાજ્યના રાજકુમારો ત્યાં આવી પહોંચ્યા. સૌને કુતૂહલ હતી કે કોનું પાણી મીઠું નીકળશે.

રાજપુરોહિત : 'મહારાજ, પ્રથમ આપ રાણીના કૂવાનું પાણી ચાખો.'

રાજા ભાનુપ્રતાપ પ્રથમ રાણી ચંદ્રમુખી ખોદાવેલા કૂવા પાસે પહોંચ્યા. રાણી ચંદ્રમુખીએ પાણી કાઢી રાજા ભાનુપ્રતાપને ચખાડયું.

રાજા ભાનુપ્રતાપ: 'વાહ! આ પાણી તો ખૂબ જ મીઠું છે. રાણી ચંદ્રમુખી તમને ખૂબ ખૂબ અભિનંદન.'

ચારેકોર રાણી ચંદ્રમુખીનો જયઘોષ ગુંજી ઉઠયો.

સદીઓથી સામાન્ય વ્યાખ્યા છે કે, 'ન નંદતિ ઈતિ નનંદ (નણંદ)' એનો સામાન્ય અર્થ એમ કે જે ભાભી સાથે આનંદ ન કરે તે નણંદ, પરંતુ અનોખી રત્નાવલીએ ભાભી પાસે જઈ તેમના ચરણસ્પર્શ કર્યા અને તેમની અભિનંદન આપ્યા. એનામાં કોઈ ઈર્ષાવૃત્તિ કે અદેખાઇ ન દેખાઈ.

રાજપુરોહિત : 'મહારાજ, હવે આપ દીકરી રત્નાવલીના કૂવાનું પાણી ચાખો.'

રાજા ભાનુપ્રતાપ રાણી ચંદ્રમુખી સાથે રત્નાવલીના ખોદાવેલા કૂવા પાસે પહોંચ્યા. રત્નાવલીએ પાણી કાઢી રાજા ભાનુપ્રતાપને ચખાડયું.

રાજા ભાનુપ્રતાપે 'થૂ... થૂ...' કરીને બહેનના પાણીને થૂંકી નાખ્યું.

એકત્ર થયેલ માનવમેદની દિગ્મૂઢ બની ગઈ. ઇર્ષ્યાને કારણે રાણી ચંદ્રમુખીના મુખ પર પ્રસન્નતા છવાઈ ગઈ. રત્નાવલીની આંખોથી અશ્રુની ધારા વહેવા લાગી.

પડોશી રાજ્યનો રાજકુમાર સ્વર્ણકિશી ઊભો થઈ બોલ્યો: 'પાણી મીઠું હોય કે ખારું, સૌએ તે પ્રસાદરૂપે સ્વીકારવું જોઈએ.'

પ્રજાએ બંને કૂવાના પાણી ચાખીને કહ્યું, 'ખરેખર તો રાણીના કૂવાનું પાણી એકદમ ખારું છે અને રત્નાવલીના કૂવાનું પાણી મીઠું છે.'

પ્રજા કહેવા લાગી કે રાજાએ પક્ષપાત કર્યો છે અને ઊલટી વાત કરી બહેનને લજાવી છે.

પ્રજા બહેન રત્નાવલીનો જયજયકાર કરવા લાગી.

રાજકુમાર સ્વર્ણકિશી: 'રત્નાવલી જરૂર દિવ્ય આત્મા છે, તેના કૂવાનું પાણી મીઠું છે. જો રત્નાવલી ઇચ્છે તો હું તેને મારી પત્ની બનાવવા ઇચ્છુક છું.'

રત્નાવલી: 'પિતાતુલ્ય ભ્રાતા ભાનુપ્રતાપના આશીર્વાદ હોય તો હું તમારી પત્ની બનવા તૈયાર છું.'

રાજા ભાનુપ્રતાપે રાજપુરોહિતને બોલાવી બંનેની કુંડલી ચકાસાવી અને લગ્ન માટે તૈયારી દર્શાવી.

રત્નાવલી એ રાજકુમાર સ્વર્ણકિશીના કંઠે વરમાળા પહેરાવી.

દુ:ખી રાજા ભાનુપ્રતાપ: 'હે દેવાધિદેવ! મારી પત્ની અને બહેને તમારી આરાધના કરી તમે પ્રસન્ન થયા બંનેને વરદાન આપ્યા. પણ જે કૂવાનું પાણી પ્રજા ખારું કહે છે એ મને મીઠું લાગે છે અને જે કૂવાનું પાણી પ્રજા મીઠું કહે છે એ મને ખારું લાગે છે. હે મહાદેવ, મને આ દાવાનળમાંથી ઉગારો.'

એ જ સમયે ભગવાન શિવ અને માતા પાર્વતી પ્રગટ થાય છે. સમગ્ર પ્રજા માતા પાર્વતી અને ભગવાન શિવનો જય જય કાર કરે છે.

ભગવાન શિવ: 'હે રાજન ચંદ્રમુખીએ વરદાન માગ્યું કે, 'હે મહેશ્વર મારા કૂવાનું પાણી રાજાને મીઠું લાગે અને રત્નાવલીના કૂવાનું પાણી રાજાને ખારું લાગજો.' તેથી રાણી ચંદ્રમુખીના કૂવાનું પાણી તમને મીઠું અને રત્નાવલીના કૂવાનું પાણી ખારું લાગ્યું. જ્યારે રત્નાવલીએ વરદાન માંગ્યું કે, 'હે મહેશ્વર, મારા કૂવાનું પાણી જનસમુદાયની તરસ છીપાવે.' જેથી પ્રજાને રત્નાવલીના કૂવાનું પાણી મીઠું લાગે છે.'

કહેવાનું તાત્પર્ય એ છે કે,

'કંચન તજવો સહજ હૈ, સહજ ત્રિયાકો સ્નેહ,
માન બડાઈ ઇર્ષા, તુલસી દુર્લભ એહ.'

ઈર્ષા મનની નાનપ બતાવે છે. ઈર્ષાની આગનો અંજામ વિનાશકારી હોય છે.

ભગવાન શિવ: 'હે રાણી ચંદ્રમુખી તમે પણ મારા અનન્ય ભક્ત છો, જો તમે ઈર્ષા અને અહંકારને ત્યાગ કરશો તો તમારા કૂવાનું પાણી પણ મીઠું થઈ જશે.'

રાણી ચંદ્રમુખીએ અશ્રુભીની આંખે નણંદ રત્નાવલીને ગળે લગાડતાં તેનામાંથી ઈર્ષા અને અહંકારનો ભાવ ઊતરી ગયો અને ક્ષણભરમાં ચંદ્રમુખીનો કૂવો પણ મીઠો થઈ ગયો.

(ક્રમશ:) ■

# ભારત-પાકિસ્તાનના ક્રિકેટરો એશિયા કપના મુકાબલાના અઠવાડિયા પહેલાં દુબઈના મેદાન પર સામસામે!

દુબઈ: એશિયા કપ ટી-૨૦ સ્પર્ધામાં ૧૪મી સપ્ટેમ્બરે ભારત અને પાકિસ્તાન વચ્ચે ખરાખરીનો મુકાબલો શરૂ થાય એના અઠવાડિયા પહેલાં જ બંને દેશની ટીમ શનિવારે દુબઈમાં આઈસીસી ઍકેડમીના મેદાન પર ફ્લડ લાઈટ નીચે પ્રેક્ટિસ વખતે સામસામે આવી ગઈ ગઈ હતી. આ અનોખી ઘટના બનવાને પગલે કેટલાક લોકોના જીવ અધ્ધર થઈ ગયા હતા.

પાકિસ્તાની ખેલાડીઓ શનિવારે સાંજે નેટ પ્રેક્ટિસના છેલ્લા સત્ર માટે મેદાન પર ઊતર્યા હતા. જોકે ભારતીય ખેલાડીઓ એ જ મેદાન પર ત્રણ કલાકથી પ્રેક્ટિસ કરી રહ્યા હતા. સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ભારતીય ટીમ આઇસીસીના મેદાન પર મુખ્ય પિચની આસપાસ પ્રેક્ટિસ કરી રહી હતી, જ્યારે સલમાન આગાના સુકાનમાં પાકિસ્તાની ટીમ મેદાન પર દૂરના એક ખૂણે પ્રેક્ટિસ કરવા લાગી ત્યારે સૌને નિરાંત થઈ હતી.

બંને ટીમના અમુક ખેલાડીઓ વચ્ચે જો મસ્તી મજાક થઈ હોત તો ખાસ કરીને ભારતના અમુક વર્ગના ક્રિકેટપ્રેમીઓને એ ન ગમ્યું હોત. બીજું, હરીફ ખેલાડીઓ વચ્ચે જો કોઈ ટોણો મારવા જેવી પણ ઘટના બની હોત તો આયોજકો ચિંતામાં મુકાઈ ગયા હોત. સદનસીબે એવું કંઈ જ નહોતું બન્યું અને બંને દેશના ખેલાડીઓ પોતપોતાની પ્રેક્ટિસમાં વ્યસ્ત હતા. શનિવારે મોડી સાંજે છેવટે પાકિસ્તાની ખેલાડીઓએ ટૂંકી પ્રેક્ટિસ પૂરી કરી અને ભારતીયોના લાંબા નેટ સેશનનો પણ અંત આવ્યો, જ્યારે આયોજકોએ રાહતનો શ્વાસ લીધો હતો. પાકિસ્તાની ખેલાડીઓ રવિવારે અફઘાનિસ્તાન સામે શારજાહની ફાઇનલ રમવાનો પ્લાન બનાવવામાં બિઝી થઈ ગયા હતા, જ્યારે ભારતીય ક્રિકેટરો માટે રવિવારે રેસ્ટ ડે જાહેર કરવામાં આવ્યો હતો. ■


# રોહિતે હાથ જોડીને ચાહકોને વિનંતી કરી



મુંબઈ: ત્રણ દિવસ પહેલાં રોહિત શર્માએ એક સ્થળે ગણપતિ બાપ્પાની પૂજા વખતે પોતાની આસપાસ ઊભેલા ચાહકોમાંથી એક વર્ગના લોકોએ 'મુંબઈ ચા રાજા રોહિત શર્મા'ની બૂમો પાડી ત્યારે રોહિતે તેમને એવું ન બોલવા હાથ જોડીને વિનંતી કરી હતી. ■

# સબાલેન્કા સતત બીજું યુએસ ટાઇટલ જીતનારી સેરેના પછીની બીજી ખેલાડી

## બેલારુસની વર્લ્ડ નંબર-વન ખેલાડીએ પુસ્તક પરથી પ્રેરણા લીધી અને ફાઇનલ જીતી



ન્યૂ યૉર્ક: ૨૦૨૪માં સિંગલ્સના બે ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતનાર બેલારુસની અરીના સબાલેન્કા યુએસ ઓપનનું સતત બીજું ટાઇટલ જીતનારી અમેરિકાની ભૂતપૂર્વ ખેલાડી સેરેના વિલિયમ્સ પછીની પ્રથમ ખેલાડી બની છે. સબાલેન્કાએ શનિવારે ફાઇનલમાં અમાન્ડા ઍનિસિમોવાને ૬-૩, ૭-૩થી હરાવી દીધી હતી.

સેરેના ૨૦૧૨-૨૦૧૪ દરમ્યાન સતત ત્રણ વર્ષમાં યુએસ ઓપન જીતી હતી અને વર્લ્ડ નંબર-વન સબાલેન્કાએ તેની બરાબરીમાં આવવા હવે ૨૦૨૬ની યુએસ ઓપન જીતવી પડશે.

સબાલેન્કા આ વર્ષે ફ્રેન્ચ ઓપનની ફાઇનલ અને વિમ્બલ્ડનની સેમિ ફાઇનલ હારી હતી. જોકે તેણે એ બે મોટા પરાજય બાદ એક પુસ્તક વાંચ્યું હતું અને એમાંથી તેણે પોતાને નુકસાન કરનારી લાગણીઓ અને સંવેદનાઓ પર પ્રભુત્વ મેળવવાનું શીખી લીધું હતું. શનિવારે ફાઇનલ જીતતાં પહેલાં બે વખત તેણે મગજ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને નકારાત્મક વિચારો કરવા લાગી હતી તેમ જ ઉત્સાહ ગુમાવી રહી હતી, પણ તેને પુસ્તકમાં વાંચેલું યાદ કરી લીધું અને છેવટે જીતીને રહી હતી.

સબાલેન્કાએ પત્રકારોને કહ્યું, 'મને વિચાર આવ્યો હતો કે હું ફાઇનલમાં પહોંચી એનો અર્થ એ થયો કે હું જીતવાની જ છું. મને એવું પણ થયું કે હું સમજીને રમીશ તો ટ્રોફી સુધી પહોંચી જ શકીશ.' ■

# મહારાષ્ટ્રના નવલેનો ભારતીય ક્રિકેટમાં અનોખો રેકૉર્ડ

મહારાષ્ટ્રનો વિકેટકીપર-બૅટ્સમૅન સૌરભ નવલે ક્રિકેટના મેદાન પર ગંભીર રીતે ઈજા પામતા ખેલાડીના સ્થાને ' લાઇક-ફૉર-લાઇક'ના નિયમ મુજબ બીજા ખેલાડીનો એ મૅચની બાકીની આખી રમત માટે ટીમમાં સમાવેશ કરવાની છૂટ આપતા બીસીસીઆઇના નવા નિયમ હેઠળ રમનાર પ્રથમ ખેલાડી બન્યો છે. નવલેને દુલીપ ટ્રોફીમાં સૌરાષ્ટ્રના હાર્વિક દેસાઈના સ્થાને વેસ્ટ ઝોનની ટીમ વતી રમવા મળ્યું હતું. સેન્ટ્રલ ઝોન સામે ડ્રૉમાં ગયેલી મૅચના પ્રથમ દાવમાં હાર્વિકે બૅટિંગ અને કીપિંગની જવાબદારી સંભાળી હતી, જ્યારે બીજા દાવમાં વેસ્ટ ઝોનની ફક્ત બૅટિંગ આવી હતી જેમાં નવલે માત્ર નવ રન કરીને આઉટ થઈ ગયો હતો. ■

# સાઉથ-સેન્ટ્રલ ફાઇનલમાં

બેંગલૂરુ: સાઉથ ઝોન અને સેન્ટ્રલ ઝોનની ટીમ પ્રથમ દાવની સરસાઈને આધારે દુલીપ ટ્રોફીની સેમિ ફાઇનલ જીતીને ફાઇનલમાં પહોંચી ગઈ છે. પાંચ દિવસીય ફાઇનલ ૧૧મી સપ્ટેમ્બરથી રમાશે. સેમિમાં સાઉથે નોર્થ સામે ૧૭૫ રનની, સેન્ટ્રલે વેસ્ટ સામે ૧૬૨ રનની સરસાઈ મેળવી હતી. ■

# રોનાલ્ડોએ મેસી કરતાં ઘણી ઓછી મૅચોમાં તેને ઓળંગીને નવો રેકૉર્ડ રચ્યો



યેરેવાન (આર્મેનિયા): પોર્ટુગલના સુપરસ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ તેના પ્રતિસ્પર્ધી ફૂટબૉલ ખેલાડી લિયોનેલ મેસીને ઓળંગીને આંતરરાષ્ટ્રીય ફૂટબૉલમાં નવો વિશ્વવિક્રમ સ્થાપિત કર્યો છે. ફિફા વર્લ્ડ કપ માટેની ક્વૉલિફાઇંગ મૅચોમાં સૌથી વધુ ૩૯ ગોલ ગ્વાટેમાલાના ભૂતપૂર્વ ફૂટબોલર ફૅબિયો રુઇઝના નામે છે, પરંતુ રોનાલ્ડો વર્તમાન ફૂટબૉલનો એવો ખેલાડી બની ગયો છે જેણે ક્વૉલિફાઇંગ મૅચોમાં સૌથી વધુ ગોલ નોંધાવ્યા છે. રોનાલ્ડોના નામે આવી મૅચોમાં હાલમાં ૩૮ ગોલ છે.

ઇન્ટરનૅશનલ ફૂટબૉલમાં કુલ ૧૪૦ ગોલનો વર્લ્ડ રેકૉર્ડ તો રોનાલ્ડોના નામે છે જ, હવે તે વિશ્વ કપ માટેની ક્વૉલિફાઇંગ મૅચોના વર્તમાન ખેલાડીઓમાં સૌથી વધુ ૩૮ ગોલ કરનારો ખેલાડી પણ બન્યો છે. રવિવારે આર્મેનિયા સામેની ક્વૉલિફાઇંગ મૅચમાં પોર્ટુગલ વતી રોનાલ્ડોએ બે ગોલ કર્યા હતા. આ મૅચ પહેલાં રોનાલ્ડો અને મેસીના નામે ક્વૉલિફાઇંગ મૅચોના એકસરખા ૩૬-૩૬ ગોલ હતા, પરંતુ રોનાલ્ડોએ ૩૭મો ગોલ કરીને મેસીને ઓળંગી લીધો હતો અને હવે તેનાથી બે ડગલાં આગળ છે. રોનાલ્ડોએ ૩૮ ગોલ માત્ર ૪૮ મૅચમાં અને મેસીએ ૩૬ ગોલ ૭૨ મૅચમાં કર્યા છે.

રોનાલ્ડો હવે ક્વૉલિફાઇંગ મૅચોમાં વધુ બે ગોલ કરશે એટલે ગ્વાટેમાલાના રુઇઝનો વર્લ્ડ રેકૉર્ડ તોડી નાખશે. મેસીએ ગયા અઠવાડિયે વેનેઝુએલા સામેની મૅચમાં ગોલ કરીને રોનાલ્ડોના ૩૬ ગોલની બરાબરી કરી હતી, પરંતુ હવે રોનાલ્ડોએ તેને પાર કરી લીધો છે.

દરમ્યાન, પોર્ટુગલે રવિવારે આર્મેનિયાને ૫-૦થી હરાવી દીધું હતું. મેસી ૩૮ વર્ષનો અને રોનાલ્ડો ૪૦ વર્ષનો છે. રોનાલ્ડોએ આંતરરાષ્ટ્રીય મૅચો અને પ્રોફેશનલ મૅચો સહિત તમામ મૅચોમાં કુલ વિશ્વ વિક્રમજનક ૯૪૩ ગોલ કર્યા છે અને તે ૧,૦૦૦ ગોલ કરનાર પ્રથમ ફૂટબોલર બનવા માગે છે. ■

# બીસીસીઆઇની વાર્ષિક કમાણી ₹ ૪,૧૯૩ કરોડ

નવી દિલ્હી: બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ ગયા પાંચ વર્ષમાં કમાણીના અનેક રેકૉર્ડ તોડ્યા છે. એ સમયગાળામાં બીસીસીઆઇને કુલ ૧૪,૬૨૭ કરોડ રૂપિયાની આવક કરી છે.

બીસીસીઆઇ ક્રિકેટ જગતનું સૌથી શ્રીમંત ક્રિકેટ બોર્ડ છે. ક્રિકેટની દુનિયામાં બીસીસીઆઇ જેટલા પૈસા બીજું કોઈ બોર્ડ નથી કમાતું. એટલે જ ક્રિકેટરોમાં સૌથી વધુ વાર્ષિક પગાર તેમ જ સૌથી વધુ મૅચ-ફી સહિતનું મહેનતાણું ભારતીય ખેલાડીઓને જ મળે છે.

**બીસીસીઆઇની આંકડાબાજી:** (૧) ગયા વર્ષે (૨૦૨૩-'૨૪) બીસીસીઆઇએ ૪,૧૯૩ કરોડ રૂપિયાની કમાણી કરી. (૨) ભારતીય ક્રિકેટ બોર્ડનું બૅન્ક બૅલેન્સ ૨૦,૬૮૬ કરોડ રૂપિયા છે. (૩) બોર્ડનું જનરલ ફંડ ૨૦૧૯માં ૩,૯૦૬ કરોડ રૂપિયા હતું એ ૨૦૨૪ની સાલમાં બમણું વધીને ૭,૯૮૮ કરોડ રૂપિયા થઈ ગયું. (૪) બીસીસીઆઇ કરવેરા માટે મોટી રકમ બાજુ પર રાખે છે. ૨૦૨૩-'૨૪ના નાણાકીય વર્ષમાં આ ક્રિકેટ બોર્ડ દ્વારા ૩,૧૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી. (૫) ઘરઆંગણે વીતેલા વર્ષમાં ઓછી સ્પર્ધાઓ હોવાથી બીસીસીઆઇની મીડિયા રાઇટ્સની આવક ૨,૫૨૪.૮૦ કરોડ રૂપિયાથી ઘટીને ૮૧૩.૧૪ કરોડ રૂપિયા રહી, પરંતુ સિક્યૉર્ડ ડિપોઝિટ્સ સહિતના રોકાણ દ્વારા થયેલી આવક ૫૩૩.૦૫ કરોડ રૂપિયાથી વધીને ૯૮૬.૪૫ કરોડ રૂપિયા રહી હતી. (૬) આઇપીએલની કમાણી તેમ જ આઇસીસી તરફથી મળેલા હિસ્સા બાદ ક્રિકેટ બોર્ડની ૨૦૨૩-'૨૪ના વર્ષમાં પુરાંત (અગાઉના વર્ષના) ૧,૧૬૭.૯૯ કરોડ રૂપિયાથી વધીને ૧,૬૨૩.૦૮ કરોડ રૂપિયા રહી. (૭) ૨૦૨૩-'૨૪માં બીસીસીઆઇએ કુલ ૧,૨૦૦ કરોડ રૂપિયા માળખાકીય વિકાસ માટે, ૩૫૦ કરોડ રૂપિયા પ્લેટિનમ જ્યુબિલી બેનેવૉલન્ટ ફંડ માટે અને ૫૦૦ કરોડ રૂપિયા ક્રિકેટના વિકાસ માટે ફાળવ્યા હતા. (૮) રાજ્યોના ક્રિકેટ ઍસોસિયેશનોને ૧,૯૯૦.૧૮ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા અને વર્તમાન વર્ષમાં ૨,૦૧૩.૯૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે એવો અંદાજ છે. ■

# તીરંદાજીમાં ભારતીય મેન્સ ટીમે રચ્યો ઈતિહાસ

નવી દિલ્હી: દક્ષિણ કોરિયાના ગ્વાંગજુમાં યોજાઈ રહેલી વર્લ્ડ આર્ચરી ચૅમ્પિયનશિપમાં ગઈ કાલે ભારતની મેન્સ કમ્પાઉન્ડ ટીમે ઈતિહાસ રચ્યો હતો. આ ચૅમ્પિયનશિપમાં પહેલી વાર ગોલ્ડ મેડલ જીતીને ભારતીય મેન્સ કમ્પાઉન્ડ ટીમે ઐતિહાસિક સિદ્ધિ તો મેળવી જ હતી, ભારતની મહિલા ટીમ જે લક્ષ્યાંક મેળવવામાં નિષ્ફળ રહી એ પુરુષો તીરંદાજોની ટીમે મેળવીને ભારતને ગૌરવ અપાવ્યું હતું. રિષભ યાદવ માટે ગઈ કાલનો દિવસ ખાસ રહ્યો હતો. તેણે કુલ બે મેડલ મેળવ્યા હતા. તેણે જ્યોતિ સુરેખા વેન્નમ સાથે મળીને કમ્પાઉન્ડ મિક્સ્ડ ટીમ ઇવેન્ટમાં સિલ્વર મેડલ પણ જીતી લીધો હતો. પુરુષોની સુવર્ણ ચંદ્રક વિજેતા ટીમમાં અમન સૈની, રિષભ યાદવ અને પ્રથમેશ ભાલચંદ્ર ફુગેનો સમાવેશ હતો. ચૅમ્પિયનશિપમાં ત્રણેયે શાનદાર પ્રદર્શન કર્યું હતું.

ઓસ્ટ્રેલિયા, અમેરિકા અને તુર્કીયે સામે જીત મેળવીને ભારતીય કમ્પાઉન્ડ ટીમ ફાઈનલમાં પહોંચી હતી. ફાઇનલમાં ભારતીય પુરુષ કમ્પાઉન્ડ ટીમે ફ્રાન્સના નિકોલસ ગિરાર્ડ, જીન ફિલિપ બૌલ્ચ અને ફ્રાન્કોઇસ ડુબોઇસની ટીમને અત્યંત રોમાંચક મુકાબલામાં ૨૩૫-૨૩૩ના સ્કોર સાથે હરાવી દીધી હતી. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરોધી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ઘાટીલું | નીકળવું |
| ઘાતકી | બેઢંગ |
| ઘોંઘાટ | આછું |
| ઘૂસવું | શાંતિ |
| ઘેરું | દયાળુ |

## ઓળખાણ પડી?



શિવજીના પુત્ર અને ગણપતિના મોટાભાઈ કાર્તિકેયની મૂર્તિ સાથેના મંદિરો દક્ષિણ ભારતમાં છે. એ બાજુ કાર્તિકેય કયા નામે ઓળખાય છે?

અ) વરાહ બ) અયપ્પા ક) મુરુગન ડ) પતંજલિ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મુ | ખ | ૨ પ | ૩ ત્ર | | ૪ અ | નુ | ૫ મો | ૬ દ | ૭ ન |
| હા | | ૮ સા | ય | ૯ ન | સ | | ૧૦ ગ | ર | દ |
| ૧૧ જિ | ૧૨ ક | ર | | ૧૩ જ | વા | હિ | ર | | |
| ૧૪ ર | મા | | ૧૫ ક | રા | ર | | ૧૬ ડો | ૧૭ ગ | ૧૮ રો |
| | ૧૯ લ | ૨૦ પ | સ | ણું | | ૨૧ મ | | ૨૨ લી | ક |
| ૨૩ ભો | | ૨૪ ડા | મ | | ૨૫ જ | ન | સ | પ | ડી |
| ૨૬ જ | ૨૭ ડા | વ | | ૨૮ ર | | મા | | ચી | |
| ૨૯ ના | ળ | | ૩૦ વિ | સ | ર્જ | ની | ૩૧ ય | | ૩૨ હ |
| લ | | ૩૩ ક | | લ્હા | | | ૩૪ જ | ૩૫ મા | વ |
| ૩૬ ય | થે | ચ્છ | | ણ | | ૩૭ ધ | ન | વા | ન |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | | |
| ૬ | | | ૭ | | | | | | |
| ૮ | | ૯ | | | ૧૦ | ૧૧ | | ૧૨ | ૧૩ |
| | | | | ૧૪ | | | | ૧૪-અ | |
| | | | | ૧૫ | | | | | |
| | ૧૬ | | ૧૭ | | | | ૧૮ | | ૧૯ |
| ૨૦ | | | | | ૨૧ | | | | |
| ૨૨ | | ૨૩ | | | | | ૨૪ | ૨૫ | |
| | | | | ૨૬ | | ૨૭ | | ૨૮ | |
| ૨૯ | | | | | ૩૦ | | | | |

### આડી ચાવી

૧. અનંત ચૌદશે ગણપતિનું --- થાય (૪)
૪. મૂળને અનુસરીને થતું સર્જન (૫)
૬. --- ભાંગવા એટલે પગ ભાંગવા (૨)
૭. હંમેશાં (૩)
૮. છબી, ચિત્ર (૪)
૧૦. નિષ્ફળ દોડધામ (૫)
૧૪. યાત્રા (૩)
૧૪.અ. પ્રેમનો રંગ --- (૨)
૧૫. કાદવ (૩)
૧૬. લશ્કરી ટુકડી (૪)
૧૮. માખણ (૩)
૨૦. ધુંસરી, ધુરા, વિશ્વાસ (૨)
૨૧. જેનો પાર નથી એ (૩)
૨૨. શિયાળુ પાક (૪)
૨૪. જોરાવર, બળવાન, ચાલાક (૩)
૨૬. વરસાદથી--- છત્રી વપરાય (૩)
૨૮. નૃત્ય (૨)
૨૯. મોટી સત્તા (૪)
૩૦. દીકરીને --- અપાય (૫)

### ઊભી ચાવી

૧. પહેલેથી છેલ્લે સુધી (૫)
૨. બે કે વધારે શબ્દોના સંયોગથી બનેલો શબ્દ (૩)
૩. ના પાડીને એકવાર (૩)
૪. રાજા ભર્તુહરિએ રાણી પિંગલાને --- આપ્યું (૫)
૫. આંસુથી ભરેલું (નેત્ર) (૩)
૯. બહાદુર સ્ત્રી (૪)
૧૧. પાણીનો વહેળો (૩)
૧૨. દુરાચરણ, ખરાબ વર્તન (૪)
૧૩. દુનિયાના જંગમાં --- તોયે ઘણું (૨)
૧૪. બધું જ, સઘળું (૩)
૧૬. --- લેવું એટલે છાનેછપને લઇ લેવું (૩)
૧૭. દસ વર્ષનો ગાળો (૩)
૧૮. --- ટાણું એટલે સંધ્યાકાળ (૩)
૧૯. ખૂણેખૂણે, બધે જ. (૫)
૨૦. જોરદાર, સંગીન, પ્રવીણ (૪)
૨૧. સ્તબ્ધ, દિગ્મૂઢ (૪)
૨૩. --- મણિ લોખંડને સોનું બનાવે (૩)
૨૫. પ્રસંગ, ઘટના (૩)
૨૭. જળ, પાણી, ભૂ (૨)

## ગુજરાત મોરી મોરી રે

ડેરી ઉદ્યોગ અને ગુજરાત કો ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડની હાજરી તેમજ શ્વેત ક્રાંતિ માટે કયું શહેર પ્રખ્યાત છે?

અ) ભચાઉ બ) પાલનપુર
ક) ખંભાત ડ) આણંદ

## માતૃભાષાની મહેક

ગોડી પૂછે ગોડિયાને કોણ ભલેરો દેશ? સંપત હોય તો ઘર ભલા, નહીં તો પરદેશ. ગોડી એટલે પત્ની અને ગોડિયો એટલે પતિ. પત્ની પતિને સવાલ કરે છે કે આપણો દેશ સારો કે પરદેશ જવું બહેતર? પતિ કહે છે કે જો માતૃભૂમિમાં સંપત્તિનું - ધન દોલતનું સુખ હોય તો એનાથી રૂડું બીજું શું? અને જો માતૃભૂમિમાં બે પૈસાના ફાંફાં હોય તો પરદેશ જેવો કોઈ દેશ નહીં.

## ઈર્શાદ

પાણીના ટીપે ઘાસમાં જઈએ,
ચાલ, કોઈ પ્રવાસમાં જઈએ,
પહેલી વર્ષામાં એક થઈને પછી, માટીના ભીના
શ્વાસમાં જઈએ.

---શોભિત દેસાઈ

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'કોઈ લોચનમાં રંગ ગયું મેલી' પંક્તિમાં લોચન શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) મેઘધનુષ બ) લહેર ક) આંખ ડ) કાગળ

## સુડોકુ-૯૦૮૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | | ૭ | | |
| ૨ | | | | | | | ૧ | ૩ |
| | ૮ | | | | ૪ | | | |
| ૫ | | | | ૬ | | | ૭ | |
| ૬ | | | | | | | | ૨ |
| | ૭ | | | ૩ | | | | ૯ |
| | | | ૪ | | | | ૨ | |
| ૯ | ૬ | | | | | | | ૪ |
| | | ૧ | | | ૯ | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૪ | ૫ | ૩ | ૨ | ૭ | ૮ | ૧ | ૯ |
| ૨ | ૭ | ૮ | ૯ | ૧ | ૬ | ૪ | ૩ | ૫ |
| ૩ | ૯ | ૧ | ૫ | ૪ | ૮ | ૨ | ૬ | ૭ |
| ૮ | ૨ | ૯ | ૧ | ૬ | ૫ | ૭ | ૪ | ૩ |
| ૫ | ૬ | ૭ | ૪ | ૩ | ૨ | ૯ | ૮ | ૧ |
| ૪ | ૧ | ૩ | ૭ | ૮ | ૯ | ૫ | ૨ | ૬ |
| ૯ | ૩ | ૨ | ૮ | ૭ | ૧ | ૬ | ૫ | ૪ |
| ૭ | ૮ | ૪ | ૬ | ૫ | ૩ | ૧ | ૯ | ૨ |
| ૧ | ૫ | ૬ | ૨ | ૯ | ૪ | ૩ | ૭ | ૮ |

## માઈન્ડ ગેમ

દુનિયાનાં વિવિધ શહેરોની પોતપોતાની લાક્ષણિકતા છે. વિશ્વનું કયું શહેર 'ગોલ્ડન ગેટ' તરીકે ખ્યાતિ ધરાવે છે એ જાણો છો ખરા?

અ) Manila બ) Ottawa
ક) Budapest ડ) San Francisco

## ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ઘટ | બચત |
| ઘટ્ટ | નરમ |
| ઘણું | નજીવું |
| ઘન | પોલું |
| ઘટસ્ફોટ | અસ્પષ્ટતા |

ગુજરાત મોરી મોરી રે
સુરેન્દ્રનગર

ઓળખાણ પડી?
નડિયાદ

માઈન્ડ ગેમ
Biella

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
મજબૂત

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુની (૮) હરીશ ભટ્ટ (ડલ્લાસ-યુએસએ) (૯) સુભાષ મોમાયા (૧૦) નીતા દેસાઈ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) નિખીલ બંગાળી (૧૩) પુષ્પા પટેલ (૧૪) અમીષી બંગાળી (૧૫) શ્રદ્ધા આશર (૧૬) લજીતા ખોના (૧૭) મીનળ કાપડીયા (૧૮) નૂતન વિપીન શાહ (૧૯) વિપીન શાહ (૨૦) જ્યોતી ખાંડવાલા (૨૧) ભાવના કર્વે (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેશ સંઘવી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વીણા સંપટ (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૯) મહેન્દ્ર લોઢાવીયા (૩૦) હીનાબેન દલાલ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) રમેશભાઈ દલાલ (૩૩) ઈનાક્ષી દલાલ (૩૪) અલકા વાણી (૩૫) ડાયના સંતોકે (૩૬) પુષ્પા ખોના (૩૭) જયવંત પદમશી ચિખલ (૩૮) પ્રવીણ વોરા (૩૯) નિતીન જયંતીલાલ બજરીયા (૪૦) ડો. પ્રકાશ કટકિયા (૪૧) ધીરેન્દ્ર મુલરાજ (૪૨) ગીતા ઉદેશી (૪૩) પ્રતિમા પમાણી

# વિઘ્નહર્તાની વાજતેગાજતે વિદાય


(જયપ્રકાશ કેળકર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ધૂમધામથી વાજતે-ગાજતે ભક્તોએ પોતાના લાડલા ગણપતિબાપ્પાને વિદાય આપી હતી. સાકીનાકામાં વીજળીનો કરન્ટ લાગીને એકનું મૃત્યુ અને પાંચ જખમીને બાદ કરતા અન્ય કોઈ પણ અનિચ્છીય બનાવ મુંબઈમાં નોંધાયો નહોતા. રવિવાર સવાર સુધીમાં કુલ ૩૬,૬૩૨ ગણેશમૂર્તિના જુદા જુદા વિસર્જન સ્થળ પર વિસર્જન કરવામાં આવ્યા હતા. તો મુંબઈમાં રવિવાર સાંજ સુધીમાં કુલ ૧,૯૭,૧૧૪ મૂતિના વિસર્જન કરવામાં આવ્યા હતા.

મુંબઈમાં આ વખતે ૭૦ વધુ નૈસર્ગિક સ્થળ અને ૨૯૦ કરતા વધુ કૃત્રિમ તળાવમાં આ વખતે વિસર્જન કરવામાં આવ્યું હતું. શનિવારે અનંત ચતુર્દશીના સવારથી પડી રહેલા વરસાદ વચ્ચે ભક્તોએ ભારે હૃદયે 'ગણપતિ બાપ્પા મોર્યા, પુઢચા વર્ષી લવકર યા'ના ગગનભેદી નારા વચ્ચે વાજતે-ગાજતે, ઢોલ-નગારાને તાલે વિદાય આપી હતી. શનિવાર સવારથી ગણેશમૂર્તિના વિસર્જન શરૂ થયા હતા, જે રવિવારે મોડી રાતે લાલબાગચા રાજના વિસર્જન સાથે જ મુંબઈમાં

(જુઓ પાનું ૪) ▶▶

## લાલબાગચા રાજાનું મોડી રાતે વિસર્જન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ જ નહીં પણ દેશ વિદેશમાં પણ ભક્તોના માનીતા લાલબાગચા રાજાનું વિસર્જન રવિવારે મોડી રાતે ગિરગાવ ચોપાટી પર કરવામાં આવ્યું હતું. સામાન્ય રીતે અનંત ચતુર્દશીના બીજા દિવસે લાલબાગચા રાજાનુ વિસર્જન થતું હોય છે પણ આટલા વર્ષોમાં પહેલી વખત તેનું વિસર્જન ૩૪ કલાકથી પણ વધુ સમય ચાલ્યું હતું. છેક રવિવારે મોડી રાતે લાલબાગચા રાજાની મૂર્તિનું દરિયામાં વિસર્જન થયું હતું.

લાલબાગચા રાજાને વિસર્જન માટે શનિવારે બપોરના ૧૨ વાગ્યાની આસપાસ બહાર કાઢવામાં આવ્યા હતા અને તે છેક બીજા દિવસે સવારના એટલે કે રવિવારના સવારના પોણા આઠ

(જુઓ પાનું ૪) ▶▶

## ચાર તણાયા, ૧૩ ગુમ

**વીજળીનો કરન્ટ લાગવાથી એકનું મૃત્યુ અને છ જખમી**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત રાજ્યભરમાં ગણેશવિસર્જન ધૂમધામપૂર્વક પાર પડ્યું હતું. જોકે વિસર્જન દરમ્યાન રાજ્યમાં પાલઘર સહિતના અન્ય જિલ્લાઓમાં ચાર લોકો પાણીમાં તણાઈ ગયા હોવાનો તથા ૧૩ લોકો ગૂમ થયા હોવાનો ગમગીની બનાવ બન્યો હતો. એ સિવાય મુંબઈના કુર્લામાં ગણેશમૂર્તિના વિસર્જન દરમ્યાન રવિવારે સવારના વીજળીના વાયરના સંપર્કમાં આવવાથી એકનું મૃત્યુ થયું હતું તો પાંચ જણ ગંભીર રીતે દાઝી ગયા હતા.

મુંબઈના કુર્લા પરિસરમાં રવિવારે ૧૦.૪૫ વાગે આ દુર્ઘટના બની હતી, જેમાં સાકીનાકાના ખૈરાણી રોડ પર વિસર્જન યાત્રા દરમ્યાન જોખમી રીતે લટકતા ઈલેક્ટ્રિક વાયરના સંપર્કમાં ગણેશ મૂર્તિ આવી ગઈ હતી. તેને કારણે મૂર્તિ પાસે રહેલા છ ગણેશ ભક્તોને વીજળીનો શોક લાગ્યો હતો. તેમને તરત નજીક આવેલી ખાનગી હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તો તેમાંથી એકને પાલિકા સંચાલિત સેવન હિલ્સ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.જોકે સારવાર મળે તે અગાઉ જ ૩૬ વર્ષના બિનુ સુખુમરન ખુમરાનનું મૃત્યુ થયું હતું. તો બાકીના પાંચ લોકોની તબિયત સ્થિર છે અને

(જુઓ પાનું ૪) ▶▶

## દહિસરની ઈમારતમાં આગ: વૃદ્ધનું મોત, અનેકની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દહિસર (પૂર્વ)માં શાંતી નગરમાં આવેલી ગ્રાઉન્ડ પ્લસ બેઝમેન્ટ પ્લસ ૨૨ માળની બિલ્ડિંગમાં રવિવારે બપોરના ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં ૩૬થી વધુ રહેવાસીઓ ઉપરના માળા પર ફસાઈ હતા. રેસ્ક્યુ ઓપરેશન દરમ્યાન તમામ લોકોને બહાર કાઢીને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમાં ૮૦ વર્ષની એક વૃદ્ધ મહિલાનું મૃત્યુ થયું હતું. તો અન્ય પાંચથી છ લોકોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું.

દહિસરમાં એસ.વી. રોડ પર શાંતિ નગરમાં ન્યુ જનકલ્યાણ સોસાયટી આવેલી છે. રવિવારે બપોરના લગભગ ત્રણ વાગ્યાની આસપાસ બિલ્ડિંગમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગ ઝડપથી ગ્રાઉન્ડ ફ્લોરથી ચોથા માળ સુધી ઈલેક્ટ્રિક ડક્ટમાંથી ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક કેબલમાં ફેલાઈ ગઈ હતી. આગને કારણે ઝડપભેર ઉપરના માળા પર ધુમાડો ફેલાઈ જતા અનેક રહેવાસીઓ ઉપરના માળા પર ફસાઈ ગયા હતા.

આગની જાણ થતા જ મુંબઈ ફાયરબ્રિગેડના સાત ફાયર એન્જિન, ત્રણ જમ્બો વોટર બે એડવાન્સ વોટર ટેન્કર, એક હાઈડ્રોલિક પ્લેટફોર્મ (સીડી), એક એરિયલ લેડર પ્લેટફોર્મ, એક ટર્નટેબલ લેડર, એક હાઈ-રાઈઝ ફાયર ફાઈટિંગ વેહીકલ, એક ક્વિક રિસ્પોન્સ વેહીકલ સહિતનાં સાધનો સાથે અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

ફાયરબ્રિગેડના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આગ લાગ્યા બાદ ઉપરના માળે ધુમાડો ફેલાઈ જતા ઉપરના માળા પર ૩૬થી વધુ

(જુઓ પાનું ૪) ▶▶

## લાલબાગ ચા રાજાની વિદાય વખતે ભક્તોએ દાગીના-મોબાઈલ ગુમાવ્યા: ૨૦ એફઆઈઆર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લાલબાગ ચા રાજાનું વિસર્જન સરઘસ નીકળ્યું ત્યારે દર્શન કરવા ભેગા થયેલા ભક્તોની ભીડ વચ્ચે ચોરોએ પોતાની કારીગરી દેખાડવાનું છોડ્યું નહોતું. ભીડમાં અનેક શ્રદ્ધાળુઓએ સોનાની ચેન-મંગળસૂત્ર અને મોબાઈલ ફોન ગુમાવ્યા હોવાનું સામે આવ્યું હતું. આ પ્રકરણે કાલાચોકી પોલીસે ૨૦ એફઆઈઆર નોંધી ૧૧ શકમંદને તાબામાં લીધા હતા. પોલીસ ફરિયાદ અનુસાર બાપ્પાની વિદાય વખતે શનિવાર સવારથી જ લાલબાગ અને આસપાસના પરિસરમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. ગણપતિની પ્રતિમા પર ઠેકઠેકાણે ગુલાલ અને પુષ્પવૃષ્ટિ કરવામાં આવે છે. આ પ્રકારના સ્વાગ માટે વર્ષોથી લાલબાગની જ શ્રોફ બિલ્ડિંગ પ્રખ્યાત છે. પોલીસના કહેવા મુજબ ચોરીની મોટા ભાગની ઘટના આ ઈમારત નજીક જ થઈ હોવાનું જણાયું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે શનિવારથી

(જુઓ પાનું ૪) ▶▶



**બકરું કાઢતાં ઊંટ પેઠું**

## હૈદરાબાદ ગેઝેટ લાગુ કરવાનો નિર્ણય રાજ્ય સરકારની સમસ્યાઓ વધારશે

**હવે બંજારા સમાજ અનામત માટે લડશે**

*વિપુલ વૈદ્ય*

મુંબઈ: મનોજ જરાંગે પાટીલની ભૂખ હડતાળ બાદ રાજ્યની મહાયુતિ સરકારે હૈદરાબાદ ગેઝેટ લાગુ કરવાનો નિર્ણય લીધો. આનાથી મરાઠાવાડામાં મરાઠાઓને ઓબીસી પ્રમાણપત્ર મેળવવાનો માર્ગ ખુલ્લો થયો છે, પરંતુ આ નિર્ણય પછી રાજ્યમાં ઓબીસી સમુદાય અને બંજારા સમુદાય હવે અનામત માટે ઉભા થતાં રાજ્ય સરકાર માટે બકરું કાઢતાં ઊંટ પેઠા જેવો ઘાટ થયો છે.

રાજ્યની મહાયુતિ સરકારે મનોજ જરાંગે પાટીલને ભૂખ હડતાળ સમેટવાના હેતુથી મરાઠાઓ માટે હૈદરાબાદ ગેઝેટ લાગુ કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ એના પછી

(જુઓ પાનું ૪) ▶▶


માનવ મહેરામણ ઊમટી પડ્યું

**ફડણવીસની જાહેરાત**

## શિંદેએ શ્રેય લેવાની હોડ ન હોવાનો દાવો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારમાં શિંદે સેના અને ભાજપ વચ્ચે વારંવાર તણખા ઝરતા હોવાનું જોવા મળતું હોય છે. આ વખતે અનંત ચતુર્દશીના દિવસે રાજ્યના મોટા ભાગના અખબારોના પહેલે પાને મોટી મોટી જાહેરાત પ્રસિદ્ધ થયેલી જોવા મળી હતી. જાહેરાતમાં છત્રપતિ શિવાજી મહારાજને ફૂલ અર્પણ કરતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ જોવા મળે છે અને જાહેરાતમાં ફક્ત એક જ શબ્દ 'દેવાભાઉ' લખેલો જોવા મળે છે. આ જાહેરાત દ્વારા મરાઠા સમાજના અનામત આંદોલનને ઉકેલવાનું શ્રેય મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા લેવામાં આવ્યું હોવાની છબી નિર્માણ થઈ હતી. આને પગલે શિંદે સેનામાં નારાજી હોવાનું જાણવા મળ્યું હતું, જોકે એકનાથ શિંદેએ શ્રેયવાદની લડાઈને નકારી કાઢી છે, પરંતુ તેમણે કરેલા નિવેદનમાં નારાજગીનો અંદાજ આપતું સૂચક નિવેદન કર્યું છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શનિવારે એમ કહ્યું હતું કે કામનું શ્રેય લેવા માટે મહાયુતિના સાથીઓ વચ્ચે કોઈ સ્પર્ધા થતી નથી અને

(જુઓ પાનું ૪) ▶▶

## દશેરા રેલીમાં બંને ઠાકરે સાથે દેખાશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે દશેરા મેળામાં ભેગા થશે એવી અટકળો વચ્ચે સચિન આહિરે બંનેના સાથે આવવા અંગે નિવેદન આપ્યું હોવાથી નવી ચર્ચાઓ ચાલુ થઈ ગઈ છે, પરંતુ શિવસેનાના પ્રવક્તા સંજય રાઉતને જ્યારે આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે વિરોધાભાસી સુર લગાવ્યો હોવાથી દશેરા રેલીમાં ઉદ્ધવસેનાના નેતાઓમાં જ વિરોધાભાસી મતો હોવાનું સામે આવ્યું છે. ■

### સચિન આહિરે શું કહ્યું?

ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેનું એકસાથે આવવું એ ફક્ત બંને પક્ષોની જરૂરિયાત જ નહીં, પરંતુ રાજ્યની પણ જરૂરિયાત છે. લોકોના મનમાં આવી લાગણી છે. હવે ગણપતિ પછી, પિતૃ પક્ષ શરૂ થઈ રહ્યો છે. તેથી, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આપણને દશેરા માટે સારા સમાચાર મળશે. દશેરા મેળામાં આપણા બંને નેતાઓ વર્તમાન પરિસ્થિતિ અને તેનો સામનો કેવી રીતે કરવો તે અંગે આપણને માર્ગદર્શન આપશે. દશેરા મેળા દ્વારા કાર્યકરોને દિશા આપવામાં આવે તેવું માનવામાં આવે છે. તેથી, આ મેળો રાજકીય અને સામાજિક દ્રષ્ટિકોણથી મહત્વપૂર્ણ છે, એમ સચિન આહિરે કહ્યું હતું.

દશેરા મેળામાં આ બંને (રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે) સ્ટેજ પર કેમ ભેગા થશે તે ખબર નથી, પરંતુ આપણે તેમને આમંત્રણ આપી શકીએ તેવી શક્યતાને નકારી શકતા નથી. તેમના પણ આપણા જેવા જ મેળાવડા હોય છે. તેથી આહિરે એમ પણ કહ્યું હતું કે તેઓ પણ અમને આમંત્રણ આપી શકે છે. ■

### સંજય રાઉતે શું કહ્યું?

સંજય રાઉતે કહ્યું હતું કે મને દશેરા રેલીમાં ભેગા થવા વિશેની કોઈ જાણકારી નથી. હું તમને ખાતરીપૂર્વક કહી શકું છું કે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે વચ્ચે સારી વાતચીત ચાલી રહી છે. દશેરા રેલી શિવસેનાની છે. જ્યાં સુધી મને ખબર છે, ગુડી પડવા પર રાજ ઠાકરેની અલગ રેલી થાય છે. મરાઠી લોકો માટે પણ અમારી વિચારધારા સમાન છે. બંને પક્ષો અલગ છે. તેથી એવું થવું શક્ય નથી. બંને પક્ષોની રેલીઓ અલગ છે. અમે ભવિષ્યમાં કામ કરવા માટે ભેગા થયા છીએ. સાઠ વર્ષથી વધુ સમયથી, આ ફક્ત શિવસેનાની દશેરા રેલી રહી છે, એમ તેમણે કહ્યું છે. તેથી, એવું કહી શકાય કે સંજય રાઉતે એક અર્થમાં દશેરા મેળાવડામાં રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેના એકસાથે આવવાની શક્યતાને નકારી કાઢી છે. ■


ઓપરેશન સિંદૂર થીમ પર પુષ્પાંજલિ


## આઈપીએસ અંજના કૃષ્ણાના સમર્થનમાં દૂધનો અભિષેક: ૧૦ લોકો સામે ગુનો

સોલાપુર: નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ફોન પર ઓર્ડર આપ્યા છતાં કાર્યવાહીથી પાછળ ન હટનારા આઈપીએસ અંજના કૃષ્ણા હાલમાં ચર્ચામાં છે. આ બાબત હાલમાં રાજ્યભરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે અને અજિત પવારની ટીકા થઈ રહી છે ત્યારે અંજના કૃષ્ણની તરફેણમાં આંદોલન કરવાનું લોકોને ભારે પડ્યું છે.

જનશક્તિ શેતકરી સંગઠને આ મહિલા અધિકારીના સમર્થનમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેઓએ અંજના કૃષ્ણાની છબીને દૂધથી અભિષેક કરીને આ ઘટનાનો વિરોધ કર્યો હતો. આ પછી, પોલીસે હવે આની ગંભીર નોંધ લીધી છે. સીધા ૧૦ લોકો સામે ગુના નોંધવામાં આવ્યા છે. આનાથી હાલમાં સોલાપુરમાં ખળભળાટ મચી ગયો છે. કરમાળાના ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ અંજના કૃષ્ણા તેમના બોલ્ડ પગલાં માટે જાણીતા છે. આ વખતે પણ તેમણે ગેરકાયદેસર મુરુમ (માટી) ખાણકામના કેસમાં હિંમતભેર પગલાં લેવાનું પગલું ભર્યું હતું. કરમાળામાં કમલા ભવાની મંદિરની સામે, જનશક્તિ શેતકરી સંગઠન અંજના કૃષ્ણાના સમર્થનમાં રસ્તા પર ઉતરી આવ્યું હતું.

સંગઠનના નેતા અતુલ ખુસે અને તેમના કાર્યકરોએ આ મહિલા અધિકારીના સમર્થનમાં તેમની છબી પર દૂધ અભિષેક કર્યો. પરંતુ હવે આને કારણે વાતાવરણ ખૂબ ગરમાયું છે. ■


જુહુ બીચ પર સફાઈ કામ



ચંદ્રગ્રહણના કારણે રાજકોટના જાણીતા પંચનાથ મહાદેવ અને કાશી વિશ્વનાથ મહાદેવ સહિતના મંદિરો બંધ રહ્યા હતા...

## અમરેલી નજીક એસટી બસે ત્રણ કારને અડફેટે લીધીચારને ઈજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં બેફામ ચાલતા વાહનની ટક્કરથી અનેક લોકોના જીવ જોખમમાં મુકાયા હોવાના અનેક દાખલા આપણી સામે છે. ત્યારે અમરેલી જિલ્લામાં એસટી બસના અકસ્માતની ઘટના સર્જાઇ હતી. મહુવા-ધોરાજી રૂટની એસટી બસનો ધારી-અમરેલી રોડ પર અકસ્માત સર્જાયો હતો. એસટી બસચાલકે ત્રણ કારને અડફેટે લીધી હતી.ધોરાજી ડેપોની મહુવા-ધોરાજી રૂટની બસે ધારી-અમરેલી રોડ પર અકસ્માત સર્જ્યો હતો. જેમાં એસટી બસ ચાલકે ત્રણ કારને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બે મહિલા સહિત ચાર જેટલાં લોકોને ઈજા પહોંચી હતી.

## અંજારની સરકારી કોલોનીમાં નિર્માણાધીન મકાનના ટાંકામાં ડૂબી જવાથી શ્રમિક પરિવારના બે માસુમ બાળકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભાદરવી પૂનમના સપરમા દિવસે રણપ્રદેશ કચ્છના અંજાર શહેરમાં એક નિર્માણાધીન મકાનનાં પાણીનાં ટાંકામાં ગરક થઇ જતાં બિહારના પરિવારના નાની વયના બે સગા ભાઈઓના કરુણ મોત નીપજતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી હતી.

આ કરુણાંતિકા અંગે અંજાર પોલીસ મથકના પી.આઈ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, અંજાર શહેરની કર્મચારી વસાહતમાં ચાલી રહેલાં એક મકાનના નિર્માણ કાર્યમાં મજૂરી કરવા આવેલા મૂળ બિહારના શ્રમિક પરિવારના બે બાળકો છ વર્ષીય અંકુશ બિટ્ટુ તિવારી અને સાત વર્ષીય અભિનંદન બિટ્ટુ તિવારી વરસાદી માહોલ વચ્ચે રમતાં રમતાં અચાનક ગુમ થઇ ગયા હતા. ચિંતાતુર પરિવારે તેમની વ્યાપક શોધખોળ આદરી હતી. આ દરમ્યાન મકાનનાં ટાંકામાંથી બંને સહોદરોના મૃતદેહ મળી આવ્યા હતા. આ સમગ્ર બનાવ અંગે અંજાર પોલીસે અકસ્માત મોત અંગેનો ગુન્હો દાખલ કરી, આગળની તપાસ હાથ ધરી છે.



(તસવીર-ઉત્સવ વૈદ્ય, ભુજ)

## કચ્છના કોટડા(ચકાર) ખાતે ઊંટોને સમર્પિત મેળો યોજાયો : ઊંટોના ધણ ભેડ માતાજીના મંદિરની આસપાસ ઊમટી પડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં એક ભાતીગળ મેળો એવો છે જે રણના વાહન સમા ઊંટ મહાશયોને સમર્પિત છે. ભુજ તાલુકાના કોટડા(ચકાર) ગામની મુંદરા પટ્ટીમાં આવેલા મોટા બંદરા નજીકના ભેડિયા ડુંગર પર બિરાજતા મોમાય માતાજી જેને લાડમાં માલધારીઓ ભેડ માતાજી તરીકે ઓળખે છે અને આ સ્થળે યોજાતો મેળો ઊંટો માટે સમર્પિત છે. દર વર્ષે ભાદરવા મહિનાની ચૌદશ અને અમાસ એમ બે દિવસ દરમ્યાન ભેડ માતાજીના સ્થાનકે આ ઊંટોનો મેળો યોજવામાં આવે છે.

આ મેળાની વિશિષ્ટતા એ છે કે આખું વર્ષ વફાદારીપૂર્વક પોતાના માલિક સાથે રહેતા ઊંટ-ઊંટડીને પશુપાલકો ખાસ કરીને રબારીઓ પોતાના ઊંટ-ઊંટડીને,ભેડ માતાજી સમક્ષ શીશ નમાવવા માતાજીના સ્થાનકે લઇ આવે છે. ઊંટને મંદિરમાં બિરાજમાન મોમાય માતાજીની મૂર્તિ સામે લઇ અવાય છે જયાં ખાસ બનાવાયેલા પ્લેટફોર્મ પર ઊંટ પોતાનું શીશ નમાવે છે.

આ ઊંટોને કુમકુમ ચોખાના તિલક પણ કરાય છે અને તેમને નાળિયેરનો પ્રસાદ ચઢાવવામાં આવે છે. એક માન્યતા એવી છે કે, ઊંટોને મોમાય માતાજીના દર્શન કરાવવાથી તેઓ આખું વર્ષ તંદુરસ્ત રહે છે. દુષ્કાળના એ દોહલા દિવસોમાં કચ્છમાંથી હિજરત કરી ગયેલા સેંકડો રબારી પરિવારો, સારો વરસાદ થઇ જતાં કચ્છમાં પરત ફર્યા છે. આ રબારી પરિવારો જયારે હિજરત કરે છે ત્યારે કુટુંબના સભ્યો અને માલસામાનના ટ્રાન્સપોર્ટરો તરીકે આ ઊંટો જ ફરજ બજાવે છે.

આ વર્ષે વરસતા વરસાદ વચ્ચે પણ લોકમેળામાં મહાલવા ઊંટોના ધણ ભેડ માતાજીના મંદિરની આસપાસ ઉમટી પડ્યા હતા. ભુજ ઉપરાંત મુંદરા તેમજ અંજાર તાલુકાઓના છેક ચુનડી, લફરા, બાંદરા,ચંદીયા,વરલી,જાંબુડી,રેહા સણોસરા સહિત ૭૦ જેટલા વિવિધ ભાતીગળ ગ્રામ્ય વિસ્તારોમાંથી પોતાના પશુઓ સાથે હાજરી આપી હતી.

## આગામી દોઢ વર્ષમાં વિશ્વની પ્રથમ ઈ-ટગ કંડલા બંદરને સોંપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કેન્દ્ર સરકાર દ્વારા પર્યાવરણ માટે નુકસાનકર્તા એવા કાર્બન ઉત્સર્જનને ઘટાડવા માટે ગ્રીન હાઈડ્રોજન હબ તરીકે જાહેર કરાયેલા પશ્ચિમ કાંઠાના મહાબંદર કંડલા દ્વારા હરિત ઊર્જા ક્ષેત્રમાં આગળ વધવા માટે ગ્રીન ટગને ઉપયોગમાં લેવા નિર્ણય લેવામાં આવ્યો હતો.

સમુદ્રી વ્યાપારમાં સતત વધી રહેલા કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો લાવવા માટે ભારત સરકાર દ્વારા ગ્રીન ટગ ટ્રાન્ઝિશન પ્રોગ્રામ અમલમાં મૂકવામાં આવ્યો હતો જેમાં કંડલા બંદર દ્વારા કાર્ગો હેન્ડાલિંગ માટે ગ્રીન ટગનો ઉપયોગ કરવા માટેના પ્રયાસો આદરવામાં આવ્યા હતા. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ વિદેશની કંપની કોંગ્સબર્ગ મેરી ટાઈમને ગ્રીન ટેક બનાવવા માટેનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. આ કંપની દ્વારા વિશ્વની સૌપ્રથમ સંપૂર્ણ ઈલેક્ટ્રિક ઈ ટગનું નિર્માણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

શિપિંગ મંત્રાલયના જી.ટી.ટી.પી. પ્રોગ્રામ અંતર્ગત ભારતના સામુદ્રિક વ્યાપારમાં ડિકાર્બનાઈઝેશનના પ્રયાસોમાં એક મહત્ત્વનું પગલું હોવાનું આ કંપની દ્વારા જણાવાયું હતું. ઈ-ટગ પ્રોજેક્ટની શ્રેણી માટે ટેક્નોલોજી સોલ્યુશન આપવામાં આવી રહ્યા છે, પરંતુ દીનદયાલ પોર્ટ માટેનો કંપનીનો સંપૂર્ણ ઈલેક્ટ્રિક ટગનો આ પ્રથમ કોન્ટેક્ટ છે. વર્ષ-૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં દીનદયાલ પોર્ટને આ ઈ ટગની ડિલિવરી આપવામાં આવશે. ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી ગ્રીન ટગ ટ્રાન્ઝિશન પ્રોગ્રામ અંતર્ગત દેશના તમામ મહાબંદરોમાં સૌપ્રથમ વખત કંડલામાં ગ્રીન ટગ કાર્યરત થશે.

## વિદાય લેતાં ચોમાસાં વચ્ચે કચ્છ પર મેઘરાજા મહેરબાન

ભુજઃ છેલ્લા બે દિવસમાં કચ્છના લગભગ તમામ દસ તાલુકાઓમાં બેથી છ ઇંચ જેટલો ભારે વરસાદ ખાબકી જતાં અનેક જળાશયો બીજી વખત છલોછલ ભરાઈ જવા પામ્યાં છે.

ગુજરાત પર સક્રિય થયેલી ત્રણ અલગ-અલગ વરસાદી પ્રણાલીના ઘેરાવા હેઠળ કચ્છમાં સાંબેલાધાર વરસાદ થવા પામ્યો છે. છેલ્લા ચોવીસ કલાકમાં પૂર્વ કચ્છના ભચાઉ પંથકમાં સૌથી વધારે પાંચ ઇંચ, સીમાવર્તી રાપરમાં ત્રણ ઇંચ, જયારે ગાંધીધામમાં બે ઇંચ, અંજારમાં દોઢ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. જ્યારે જિલ્લામથક ભુજમાં સુસવાટા મારતા પવનો વચ્ચે માત્ર દોઢ ઇંચ પાણી પડતાં હમીરસર તળાવ ઓગની જવાની પ્રતીક્ષા કરી રહેલા ભુજવાસીઓ નિરાશ થયા છે. તે સિવાયના કચ્છના મુંદરા, માંડવી, અબડાસામાં એકથી દોઢ ઇંચ જેટલો સામાન્ય વરસાદ નોંધાયો હતો. ભચાઉ તાલુકામાં રવિવારની બપોર સુધીમાં પાંચથી છ ઇંચ જેટલો વરસાદ હતો. હવામાન ખાતાંની આગાહી પ્રમાણે કચ્છમાં હજુ બે દિવસ ભારે વરસાદ થવાની સંભાવના છે પણ રવિવારની બપોર દરમ્યાન આ રણપ્રદેશના કેટલાક સ્થળોએ ઉઘાડ થવા પામ્યો હોઈ, તત્કાળ વરસાદ થાય તેવાં કોઈ એંધાણ વર્તાતા નથી.

## કચ્છમાં આગામી ૪૮ કલાકમાં ભારેથી અતિભારે વરસાદની આગાહીને પગલે તંત્ર સજજઃ કચ્છના બંદરો પર ભયસૂચક સંકેત ફરકાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ હવામાન ખાતાં દ્વારા કરાયેલી આગાહી પ્રમાણે કચ્છમાં રવિવારે સવારથી જ ઠેર-ઠેર વરસાદી ઝાપટાં નોંધાયાં હતા, જો કે સોમવારે વરસાદનું જોર વધુ બળવત્તર થવાની આગાહી કરવામાં આવી છે અને વાતાવરણ તે પ્રમાણે બદલી રહ્યું છે.

રવિવારે સતત બીજા દિવસે પૂર્વ કચ્છના રાપર અને ભચાઉ પંથકના વિસ્તારોમાં બેથી પાંચ ઇંચ વરસાદ નોંધાયો છે જયારે અન્ય તાલુકાઓમાં અડધાથી એક ઇંચ વરસાદ વરસ્યો હોવાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું હતું. ચાલુ ચોમાસાંમાં કચ્છમાં એકંદરે ૧૦૦ ટકા જેટલો વરસાદ થઇ ચુક્યો છે. અત્યાર સુધી મોસમનો સૌથી વધુ કુલ વરસાદ ગાંધીધામ ખાતે ૫૬૮ મિલિલીટર, મુંદરા ખાતે ૫૬૬ મિ.મી, માંડવી ખાતે ૫૪૨ મિ.મી., નખત્રાણા ખાતે ૫૫૩ મિ.મી વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત રાપર, ભુજ અને ભચાઉ તાલુકાઓમાં નોંધપાત્ર ૨૦ ઇંચથી વધારે વરસાદ નોંધાઈ ચુક્યો છે.

વરસાદે તેનું સમયપત્રક જાળવતાં કચ્છમાં 'સોળ આની' વરસાદ નોંધાઈ ચુક્યો છે. દરમ્યાન, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણ અધિકારીએ શાળાઓને આપેલી સૂચના પ્રમાણે જિલ્લાની તમામ પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભારે વરસાદની આગાહીને પગલે શાળામાં શૈક્ષણિક કાર્ય શક્ય ન બને તો વિદ્યાર્થીઓને શાળાઓમાં બોલવાના રહેશે નહીં.

આગામી ૪૮ કલાકમાં કચ્છમાં ભારે વરસાદની શક્યતા છે. વરસાદની સાથે ૪૫થી ૫૫ કિલોમીટર પ્રતિ કલાકે તોફાની પવનો ફૂંકાશે અને દરિયો તોફાની બનવાની શક્યતાને પગલે કચ્છના જખૌ, માંડવી, મુંદરા અને મહાબંદર કંડલા ખાતે ભયસૂચક સિગ્નલ નંબર ૩ ફરકાવવામાં આવ્યાં છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગોતરા સલામતીના પગલાં લેવામાં આવી રહ્યાં છે અને એનડીઆરએફની ટુકડીને સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.



રાજકોટમાં હેલ્મેટનો કાયદો રદ કરવા માટે સત્યાગ્રહ સમિતિએ વિરોધ કર્યો હતો. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

## ભાવનગરના વલભીપુર નજીક ઈકો કેરી નદીના પ્રવાહમાં તણાઈ, બે લોકોને બચાવાયા



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના વલભીપુર તાલુકાના નસીતપુર ગામે કેરી નદીના ધસમસતા પ્રવાહમાં તણાઈ રહેલી એક ઈકો કારમાંથી બે વ્યક્તિઓને ગામલોકો અને સ્થાનિક તરવૈયાની મદદથી બચાવી લેવામાં આવ્યા હતા. ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે ભીમડાદ ડેમ ઓવરફ્લો થતાં નસીતપુર ગામનો કોઝવે પાણીમાં ગરકાવ થયો હતો, જેના કારણે આ બનાવ બન્યો હતો. મળતી માહિતી મુજબ નસવાડી ગામના પરેશભાઈ બારૈયા અને વિજયભાઈ બારૈયા પોતાની ઈકો ગાડીમાં નસીતપુર ગામના કોઝવે પરથી પસાર થઈ રહ્યા હતા. ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે ભીમડાદ ડેમ ઓવરફ્લો થતાં કેરી નદીના પ્રવાહમાં ભારે વધારો થયો હતો. કોઝવે પર પાણી ફરી વળ્યું હોવા છતાં, ગાડીના ચાલકે પસાર થવાનો પ્રયાસ કરતાં કાર પાણીના ધસમસતા પ્રવાહમાં તણાઈ ગઈ હતી.કાર નદીના પ્રવાહમાં ફસાતા જ તેમાં સવાર બંને વ્યક્તિઓનો જીવ જોખમમાં મુકાયો હતો. આ અંગે નસીતપુર ગામના સરપંચ હિરાલાલ રાઠોડને જાણ થતાં, તેમણે ત્વરિત કાર્યવાહી કરી. સરપંચે તાત્કાલિક ગામલોકો અને સ્થાનિક તરવૈયાઓને એકઠા કર્યા અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ગામલોકોએ સાથે મળીને માનવ સાંકળ બનાવી અને દોરડાની મદદથી કાર સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. બે કલાકની અથાક મહેનત બાદ, બંને વ્યક્તિઓને સહી-સલામત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા. આ પછી, બાજુના ગામમાંથી જેસીબી મશીન બોલાવીને ઈકો ગાડીને પણ નદીમાંથી સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવી હતી.

## માંડવીના ત્રગડીના નામચીન બુટલેગરે રાજસ્થાનથી મગાવેલો ૧.૧૭ કરોડનો શરાબ બનાસકાંઠા પોલીસે પકડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દેશમાં માદક પદાર્થોને ઘુસાડવા માટે ટ્રાન્સિસ્ટ પોઇન્ટ બની ચૂકેલા સરહદી કચ્છના બંદરીય માંડવી તાલુકાના ત્રગડી ગામના કુખ્યાત શખ્સે પાડોશી રાજ્ય રાજસ્થાનથી ટ્રક વાટે મગાવેલો ૧.૧૭ કરોડના મૂલ્યના શરાબના જંગી જથ્થાને બનાસકાંઠા પોલીસે જગાણાથી સિદ્ધપુર તરફ જતા ધોરીમાર્ગે નાકાબંધી દરમ્યાન ઝડપી લીધો હતો. આ અંગે બનાસકાંઠા પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, રાજસ્થાનની સીમાને જોડતા વિવિધ ધોરીમાર્ગો પર નાકાબંધી કરીને તહેનાત પોલીસની ટુકડીઓ અહીંથી પસાર થતા વાહનોની તપાસ કરી રહી હતી. આ દરમ્યાન પાલનપુરની સ્થાનિક ગુન્હાશોધક શાખાના પોલીસ ઇન્સ્પેકટર એ.વી. દેસાઈને શરાબની ખેપ અંગે મળેલી પૂર્વ બાતમીના આધારે જગાણાથી સિદ્ધપુર તરફ જતા માર્ગ પર નાકાબંધી દરમ્યાન બાતમી મુજબની ટ્રકને અટકાવવામાં આવી હતી. તપાસ કરતાં પાછળ બનાવાયેલા ચોરખાનામાં સંતાડવામાં આવેલા વિદેશી પ્રકારના, ભારતીય બનાવટના શરાબ-બિયરની રૂ. ૧,૧૭,૫૭,૦૦૫ની બોટલ નંગ ૨૬,૪૬૦ તથા મોબાઈલ ફોન અને ટ્રક મળી કુલે ૧,૫૨,૭૩,૫૦૫નો મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો હતો. ઝડપાયેલા આરોપીઓમાં ટ્રકના ચાલક તાજ મહંમદ ઈબ્રાહીમખાન હામીદખાન હિંગોલજા (રહે.તોગા,તા. ફતેહગઢ, જિ. જેસલમેર-રાજસ્થાન) અને ખલાસી હૈદરખાન શેરુખાન સુબાનખાન નુઈજા (મુસલમાન) (રહે. ખેતાસર, દાંતલ, તા.ભનિયાના જિ. જેસલમેર- રાજસ્થાન) ની પૂછતાછમાં આ શરાબનો જથ્થો મગાવનાર માંડવી તાલુકાના ત્રગડીના યુવરાજસિંહ વજુભા જાડેજાનું નામ ખુલ્યું હતું. જથ્થો ભરાવનારામાં અઈતખાન જુમાખાન-મુસલમાન તથા ટ્રકમાલિક મીસરીખાન કમરુદ્દીનખાન-મુસલમાન (રહે. બન્ને પરાડિયા, તા. રામસર, જિલ્લો-બાડમેર-રાજસ્થાન) હોવાનું જાણવા મળતાં પાલનપુર તાલુકા પોલીસ મથકે નામી-અનામી વિરુદ્ધ એન.ડી.પી.એસ એક્ટ તળે ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રગડીના નામીચા બુટલેગર યુવરાજસિંહનો શરાબનો મોટો જથ્થો થોડા માસ પૂર્વે જ રાજ્યસ્તરની સ્ટેટ મોનિટરિંગ સેલ અને બાદમાં કચ્છ એલસીબીએ પણ ઝડપ્યો હતો.

## કચ્છના વરસામેડી ગામના રહેણાંક વિસ્તારમાંથી ૨૨ લાખના હેરોઈન સાથે પંજાબી શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં માદક પદાર્થોની હેરાફેરીના તાર પંજાબ સાથે જોડાયેલા હોવાનો વધુ એક કિસ્સો સામે આવ્યો હતો. જેમાં અંજારના વરસામેડી ગામના એક રહેણાક વિસ્તારમાં ભાડે રાખેલાં મકાનમાં રહેનાર એક પંજાબી શખ્સ રૂ.૨૦.૭૨ લાખના આંતરરાષ્ટ્રીય બજાર મૂલ્યના ૪૧.૪૫ ગ્રામ હેરોઇનના જથ્થા સાથે પકડાયો હતો.

આ અંગે સ્થાનિક ગુન્હાશોધક શાખાના પી.આઇ. એન.એન.ચુડાસમાએ જણાવ્યું હતું કે, પેટ્રોલિંગ દરમ્યાન તેમને મળેલી પૂર્વ બાતમીના આધારે વરસામેડી ગામમાં સ્થિત શાંતિધામ-૧ સોસાયટીમાં ભાડાના મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો.

અહીં તપાસ દરમ્યાન ગાદલાં નીચે પ્લાસ્ટિકમાં છુપાવેલો રૂ.૨૦,૭૨,૫૦૦ની કિંમતનો ૪૧.૪૫ ગ્રામ હેરોઇનનો જથ્થો મળી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં હાજર મળી આવેલા મૂળ પંજાબના તરનતારનના નિર્મલસિંઘ સોહનસિંઘ મજબીએ (શીખ) આ હેરોઇનને તેના વતનના ગામ નજીક રહેતા અંગ્રેજસિંઘ જસ્સાસિંઘ મજબી (શીખ) પાસેથી મેળવ્યો હોવાનું કબૂલ્યું હતું.

એલસીબીએ એક રેલવે ટિકિટ, રૂ. ૧૦,૫૦૦ની કિંમતના બે એન્ડ્રોઇડ મોબાઈલ, રૂ.૪,૩૪૫ની રોકડ અને આધારકાર્ડ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી નિર્મલસિંઘ અને અંગ્રેજસિંઘ સામે અંજાર પોલીસ મથકે એન.ડી.પી.એસ એક્ટ તળે ગુનો નોંધાવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ પૂર્વ અને પશ્ચિમ કચ્છના ધોરીમાર્ગો પર પંજાબીઓ દ્વારા ચલાવતી સેંકડો હોટેલો-ઢાબાઓમાંથી માદક દ્રવ્યોના વેચાણ અને હેરફેરના અનેક કિસ્સાઓ સામે આવી ચુક્યા છે. પોલીસ દ્વારા આવી હોટલો-ઢાબાઓ પર સમયાંતરે સરપ્રાઈઝ ચેકિંગ થતું રહે તેવી લોક માગણી ઊઠી રહી છે.

## ભેસાણના ભાટગામમાં દીપડાએ માલધારી પર હુમલો કરતાં લોકોમાં ભય

અમદાવાદઃ ગીર અને ગિરનાર આસપાસના ગામડાઓમાં વન્યપ્રાણીઓના આંટાફેરા સામાન્ય બનાવ છે પરંતુ જૂનાગઢ જિલ્લાના ભેંસાણના ભાટગામમાં દીપડાના આંટાફેરાથી ગામલોકોમાં ફફડાટ વ્યાપ્યો હતો. ભાટગામમાં માલધારી પોતાના ઘેટાં-બકરાંને બચાવવા જતાં દીપડાએ તેમના પર હુમલો કર્યો હતો અને આથી તેમને તાત્કાલિક હૉસ્પિટલ ખસેડવા પડ્યા હતા. મળતી વિગતો અનુસાર જૂનાગઢ જિલ્લાના અનેક ગામડાઓમાં સિંહ, દીપડા સહિતના વન્યપ્રાણીઓના આંટાફેરા સામાન્ય બની રહ્યા છે. અનેક ગામડાઓમાં સિંહ સાથે દીપડાનો પણ આતંક જોવા મળી રહ્યો છે. ભેસાણના ભાટગામમાં રહેણાંક વિસ્તારમાં દીપડો દેખાતા લોકોમાં ફફડાટ વ્યાપ્યો હતો. રાત્રિના સમયે ગામમાં આંટા મારતો દીપડો સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો.

## ગીર સોમનાથમાં સોશ્ય લ મીડિયા પોસ્ટ મુદ્દે યુવકે ચાર લોકો પર છરી વડે હુમલો કરતાં એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથ જિલ્લાના વાવડી ગામમાં મીડિયામાં પોસ્ટના મુદ્દે હત્યા કરી દેવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. ગૌચરની જમીન પર દબાણ મુદ્દે આરોપી યુવકે ફેસબુક પર પોસ્ટ કરી હતી, જેથી ચાર વ્યક્તિઓ આરોપીને દુકાન મળવા માટે પહોંચ્યાં હતા. અહીં મામલો બિચકતા આરોપી ગોપાલ ઉર્ફે ભાવેશે છરી વડે પાંચેય લોકો પર તૂટી પડ્યો હતો. આ સમગ્ર ઘટનામાં રાણાભાઈ ભીખાભાઈ મેવાડાનું મોત થયું હતું. જ્યારે અન્ય ત્રણ લોકોને ઇજાઓ પહોંચી હોવાથી તેમને વેરાવળ સિવિલ ખસેડવામાં આવ્યા હતાં.

મળતી વિગતો અનુસાર ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના વાવડી ગામે સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરવા બદલ યુવકને ઠપકો આપતા યુવકે ઉશ્કેરાઈને ચાર શખ્સો પર છરી વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં રાણાભાઈ ભીખાભાઈ મેવાડાનું મૃત્યુ થયું હતું. જ્યારે ત્રણ ઇજાગ્રસ્ત થયા હતા. આ હુમલામાં રાજા ભીખા મેવાડા, પ્રવીણ કરશન મેવાડા અને દીપક સિદી મેવાડાને ઈજાઓ પહોંચી હતી.